Date of Publication 10th Posted on Every Month

# પરબ

₹ 20

समानो मन्त्रः । (ऋग्वेद)
समानी प्रपा । (अथर्ववेद)

તંત્રી : યોગેશ જોષી

જુલાઈ : ૨૦૨૦
વર્ષ : ૧૫, અંક : ૧



# ગુજરાતી સાહિત્ય પરિષદનાં મહત્ત્વનાં પ્રકાશનો




**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૧**
**(ઈ. ૧૧૫૦-૧૪૫૦) પ્રાચીનકાળ**
પ્રથમ આવૃત્તિ : સંપા. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ,
યશવંત શુક્લ; સહાયક સંપાદક : ચિમનભાઈ ત્રિવેદી
શોધિત-વર્ધિત બીજી આવૃત્તિ : સંપા. રમણ સોની
પાકું પૂઠું, પૃ. ૧૪+૩૧૨, કિંમત રૂ. ૨૧૦/-

---

**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૨/ખંડ-૧**
**(ઈ. ૧૪૫૦-૧૬૫૦) મધ્યકાળ**
પ્રથમ આવૃત્તિ : સંપા. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ,
યશવંત શુક્લ; સહાયક સંપાદક : ચિમનભાઈ ત્રિવેદી
શોધિત-વર્ધિત બીજી આવૃત્તિ : સંપા. રમણ સોની
પાકું પૂઠું, પૃ. ૧૬+૪૯૨, કિંમત રૂ. ૨૮૦/-




---




**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૨/ખંડ-૨**
**(ઈ. ૧૬૫૦-૧૮૫૦) મધ્યકાળ**
પ્રથમ આવૃત્તિ : સંપા. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ,
યશવંત શુક્લ; સહાયક સંપાદક : ચિમનલાલ ત્રિવેદી
શોધિત-વર્ધિત બીજી આવૃત્તિ : સંપા. રમણ સોની
પાકું પૂઠું, પૃ. ૧૬+૩૯૫, કિંમત રૂ. ૨૫૦/-

---

**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૩**
**(દલપતરામથી કલાપી)**
પ્રથમ આવૃત્તિ : સંપા : ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ,
યશવંત શુક્લ; સહાયક સંપાદક : ચિમનલાલ ત્રિવેદી
શોધિત-વર્ધિત બીજી આવૃત્તિ : સંપા. : રમણ સોની
પાકું પૂઠું : પૃ. ૧૬+૬૫૬, કિંમત રૂ. ૫૦૦/-




---




**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૪**
પ્રથમ આવૃત્તિ સંપા. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ,
યશવંત શુક્લ સહાયક સંપાદક ચિમનલાલ ત્રિવેદી
શોધિત વર્ધિત આવત્તિ સંપાદક : રમણ સોની
પાકું પૂંઠું પૃ. ૧૬ + ૬૦૦ કિંમત રૂ. ૫૫૦/-

समानो मन्त्रः (ऋग्वेद) समानी प्रपा (अथर्ववेद)

# પરબ

સ્થાપનાવર્ષ : ૧૯૬૦

વર્ષ : ૧૫ જુલાઈ : 2020 અંક : ૧

પરામર્શનસમિતિ

**સિતાંશુ યશશ્ચંદ્ર**
પ્રમુખ

**કીર્તિદા શાહ**
પ્રકાશનમંત્રી

તંત્રી
**યોગેશ જોષી**

## ગુજરાતી સાહિત્ય પરિષદ

**મેઘાણી જ્ઞાનપીઠ ❖ ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશનવિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭ • Email : gspamd123@gmail.com

**ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને ‘પરબ’ના લવાજમ અંગે :**

- ‘પરબ’ દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- ‘પરબ’ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- ‘પરબ’નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે ‘પરબ’નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં ‘પરબ’ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે. સભ્ય થવા ઇચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- ‘પરબ’ લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી ‘ગુજરાતી સાહિત્ય પરિષદ’ના નામે જ મોકલવી.

**લેખકોને :**

- ‘પરબ’માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલસ્કેપ અથવા A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, ‘પરબ’, ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, ‘ટાઇમ્સ’ પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯

**Parishad Email : gspamd123@gmail.com**

E-mail : **parabgsp@gmail.com** vruttparabgsp2018@gmail.com

Web-site : www.gujaratisahityaparishad.org ફોન અને ફેક્સ : ૨૬૫૮૭૯૪૭

www.gujaratisahityaparishad.com

પરબ ISSN : 0250-9747 છૂટક કિં. રૂ. ૨૦/-

માલિક : ગુજરાતી સાહિત્ય પરિષદ વતી મુદ્રક અને પ્રકાશક : કીર્તિદા શાહ (પ્રકાશનમંત્રી), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯ * તંત્રી : યોગેશ જોષી * મુદ્રણસ્થાન : ભગવતી ઑફસેટ, અમદાવાદ-૩૮૦૦૦૬

# અ નુ ક્ર મ


**પ્રમુખીય :** સમકાલીન ભારતીય કવિતા : આપણી વાત આપણી રીતે, સિતાંશુ યશશ્ચન્દ્ર 6

**કવિતા :** ચેત મછંદર ગોરખ આયા, યજ્ઞેશ દવે 12 ચાર ગઝલ, લલિત ત્રિવેદી 19 બે કાવ્યો, ઉદયન ઠક્કર 21 સ્પર્શવિલાસ…! વીરુ પુરોહિત 23 સાંભરણ, જગદીપ ઉપાધ્યાય 24 હાથી, ઈન્દુ જોશી 24 તું મને ભૂલી જા ને, પ્રફુલ્લ રાવલ 25

**વાર્તા :** જદુનાથનો ઉંદર, બિપિન પટેલ 26 શિબિર, જગદીશચન્દ્ર ત્રિવેદી 36

**નિબંધ :** રખડુનો કાગળ : શામ-એ-બનારસ…, મહેન્દ્રસિંહ પરમાર 39 ઠીકઠેકાણું, કલ્પેશ ચાવડા 42

**ગદ્યખંડ :** શું કહું !, પ્રફુલ્લ રાવલ 47

**અનુવાદ :** ત્રણ કાવ્યો, અનુ. જયંત મેઘાણી 48

**આસ્વાદ :** સુભાષિત સ-રસ-વતી ધારા શિવ-પાર્વતીસંવાદ-કાવ્ય, વિજય પંડ્યા 51

**અભ્યાસ :** ઉમાશંકર જોશીનું પત્રસાહિત્ય, જિતેન્દ્ર મેકવાન 54

**શ્રદ્ધાંજલી :** પારુલબહેનને શ્રદ્ધાંજલી, ભરત દવે 71

**સમીક્ષા/ગ્રંથાવલોકન :** ‘ચંદ્ર’-હંસનું એઅરક્રાફ્ટ, બહુકલ્પિત ઉડ્ડયન…, રાધેશ્યામ શર્મા 74 દશ્યોની ભીતરનો વિસ્મયલોક, રમણ સોની 78

**આપણી વાત :** સંકલન : પ્રફુલ્લ રાવલ 83 અનુબંધનો અનોખો આવિષ્કાર, વિજય ભટ્ટ 86

**સાહિત્યવૃત્ત :** સંકલન : પરીક્ષિત જોશી 88

**આવરણચિત્ર સંદર્ભનોંધ :** પીયૂષ ઠક્કર 89

**આ અંકના લેખકો :** 91

**આવરણ :** જયંત પરમાર

# સમકાલીન ભારતીય કવિતા : આપણી વાત આપણી રીતે

સિતાંશુ યશશ્ચન્દ્ર

## લેખાંક-૨૭

### પુ. શિ. રેગેઃ કવિતાની ભીતરી ભૂગોળના સાહસ સફરી – ભાગ ૨

**ગ**તાંકથી એક વાત માંડી છે. એક તરુવર, એક પંખી અને એક ગીતઃ બસ એ ત્રણની વાત. સામગ્રીએ સ્વલ્પ, તોયે જાણે અનંત ચાલે. ‘કથા અનંતા’, પણ હરિકથા નહીં! ગાંધીકથાયે નહીં ! બસ, એક ગીત, એક પંખી, એક તરુવરની કથા ! જરી જરી પરીકથા જેવી ? નૉટ ક્વાઇટ. આવો, બેસો મારી બાજુમાં, પ્રિય વાચક, કંઈક કહું તમને... એક પંખી, એક ગીત, એક વૃક્ષની આ મનોહારી મરાઠી કવિતા વિશે!

સામગ્રીએ સ્વલ્પ તોપણ રસાનુભવે (વધારે ચોકસાઈથી કહેતાં રસધ્વનિના આસ્વાદે) અખૂટ સમૃદ્ધ એવું ‘કથા-કાવ્ય’ એટલે મરાઠી કવિ પુ. શિ. રેગેની નાનકડી રચના : ‘दुसरा पक्षी’।

સાંપ્રત ભારતીય કવિતામાંયે વિરલ એવો એનો પોતાનો ‘ત્રીજો સૂર’ સાંભળવાની ઉત્સુકતા આપણને રેગેની આ રચના સુધી લઈ આવી છે. તો કોણ છે આ મરાઠી કવિ? એમનું સમગ્ર સાહિત્યવિશ્વ કેવું છે ? શું છે આ રચનાનું એ સર્જનવિશ્વમાં સ્થાન? જોઈએ.

*

મરાઠી સાહિત્યરસિકો પુરુશોત્તમ શિવરામ રેગેને ‘પુ. શિ. રેગે’ કહે. (‘એસ. આર. ભટસાહેબ’ જેવું નહીં.) એમનો જન્મ ઈ. ૧૯૧૦માં મહારાષ્ટ્રના રત્નાગીરી વિસ્તારમાં. મરાઠી ભાવુકોને એમની રચનાઓ આફુસ કેરી જેવી સ્વાદિષ્ટ લાગી છે. પોતે મુંબઈ અને લંડનમાં અર્થવિજ્ઞાનમાં ઉચ્ચ અભ્યાસ કર્યો. પાછા ફરી, મહારાષ્ટ્ર અને ગોવાની કૉલેજોમાં અધ્યાપન કર્યું. છેવટ, મુંબઈની સુપ્રતિષ્ઠિત કૉલેજ, એલ્ફિન્સ્ટન કૉલેજના આચાર્યસ્થાનેથી ૧૯૭૦માં નિવૃત્ત થયા. દેવી શાન્તાદુર્ગાના આજીવન ઉપાસક એવા રેગે શાક્ત સંપ્રદાયના અનુયાયી હતા. ૧૯૭૮માં એમનું અવસાન.

રેગેનું રચનાવિશ્વ વિશાળ હતું. કવિતા, નવલકથા, નાટક, વિવેચન અને આત્મકથા, એમ અનેક સ્વરૂપોમાં એમણે કામ કર્યું. *एका पिढीचे आत्मकथन* – એ એમની વિલક્ષણ આત્મકથા. એમની નવલકથા *सावित्री* અને એમનો *पुष्कळा* જેવો કોઈ કાવ્યસંગ્રહ જોતાં રેગેની સર્જકતાની મુખ્ય ધારાનો ખ્યાલ આવે.

*सावित्री* (૧૯૭૧) ઓગણચાલીસ (પ્રેમ)પત્રો રૂપે લખાયેલી નવલકથા છે. પહેલા પત્રમાં પોતાની ઓળખ કોઈ કંઈક અજાણ્યા મનમીતને આપતાં 'આનંદભાવિની', નામે સાઉ, પત્રમાં એક મોર અને એક કન્યકાની વાત કહે છેઃ એક કન્યા, નામે લચ્છી, એની 'મ્હાતારી' નાની સાથે રહેતી, 'રાનાપાશીં' એક ઝૂંપડીમાં. વન પાસે, એમાં એક દિવસ આંગણે મોર આવ્યો, લચ્છીને ગમી ગયો. આનંદથી એ નાચવા લાગી. મોર પણ નાચ્યો. લચ્છીએ હઠ પકડી કે નાની, આ મોરને આપણે આંગણે બાંધીએ! મ્હાતારી કહે એ કેમનું થાય? વળી આપણી પાસે મોરને આપવા ચણનાં દાણાપાણી પણ ક્યાં છે? ત્યાં તો મોર પોતે કહે કે દાણાપાણી તો જંગલમાં બહુ મળી રહે, હું આવીશ. પણ 'માત્ર એકા આટી વર', એક શરતેઃ હું આવું ત્યારે લચ્છીએ નાચવાનું! 'લચ્છી લગેચ કબૂલ ઝાલી'. પછી તો મોર આવે, લચ્છી નાચે; મોર પણ!'પણ નાચાયચં મ્હણજે કાંહીં સાધી ગોષ્ટ નવ્હતી.' અલબત્ત, વાચક, તુંયે જાણે છે કે 'નાચવું એ કંઈ સાદીસીધી વાત નથી.' લચ્છી તો ત્યારથી જાણે કે નિરંતર નાચતી રહી ! 'મોર ક્યારે ક્યાંથી આવે એનો કોઈ નિયમ નહીં. પછી પછી તો મોર આવી ગયો કે કેમ, એનું સુધ્ધાં લચ્છીને ભાન રહેતું નહીં.' વાર્તા પૂરી. નર્તન અવિરત...

વિવેચનસંગ્રહ *છાંદસી*–માં રેગે કહે છેઃ 'जीवनात विविध रूपांनी वावरणारी सृजनशक्ती आणि विशेषत: तिचे स्त्रीदेहधारी स्वरूप' એમના કવિચિત્તને મોહી લે છે. જીવનમાં વિવિધ રૂપે વિચરતી સર્જનશક્તિ તો અનેક કવિઓને (બલ્કે માનવમાત્ર, જીવમાત્રને) મુગ્ધ કરે. પણ આ કવિને જેનો મહિમા છે તે છે 'વિશેષતઃ એનું સ્ત્રીદેહધારી સ્વરૂપ.' એટલે મરાઠી વિવેચના કહે છેઃ 'पु. शि. च्या सगळ्याच लेखनाच्या गाभ्यात काव्यात्मता आहे आणि त्यांच्या कवितेच्या गाभ्यात आहे रतिभाव. आणि अर्थातच रतिभावाच्या केंद्राशी आहे चैतन्यमय, लसलसते, ताजे स्त्रीरूप!' (ગંગાધર પાટિલ,સંપાદન, *सुहृदगाथा*।) રેગેની સર્વ રચનાઓનાં મૂળમાં કાવ્યાત્મકતા પડેલી છે અને એમની કવિતાના મૂળમાં રહ્યો છે રતિભાવ. અને એ રતિભાવના કેન્દ્રમાં વિલસે છે ચૈતન્યમય, લસલસતું, તાજું સ્ત્રીરૂપ!

મુંબઈમાં મને રહેવા મળ્યું એ વરસોમાં, ૧૯૬૦/૮૦માંની કાવ્યગોષ્ઠિઓમાં રેગેની કવિતાનું આ મુખ્ય રૂપ નીખરી ઊઠતું દીઠ્યા-માણ્યાનું સ્મરણ મનેયે છે. રેગેની ખૂબ ગવાયેલી 'ત્રિધા રાધા' અને પ્રિયકાન્ત મણિયારની વિખ્યાત રચના, 'આ નભ ઝૂક્યું તે કાનજી' એક જ ગાળામાં સાંભળતાં રમૂજી વિચારો પણ, એ વયે, આવતા! 'શાર્લટ' વિશે રેગેએ કહ્યું છેઃ 'तसं पाहिलं तर माझं आतापर्यंतचं सगळं लेखन (वर्क, जर इंग्रजीच वापरायचं तर) शार्लटवर आणि तिच्याभोवती झालेलं आहे.' જેના વિશે અને જેની આસપાસ આ કવિ પોતાનું 'સઘળું લેખન' થયેલું ગણાવે છે એ આ શાર્લટ કોણ છે? ગંગાધરપાટિલ કહે છે : ''कोण ही शार्लट?... ती आहे कविमनातली आदिम स्त्री! शार्लट हा कविमनातला 'राधाभाव' आहे... दुसरं नाव आहे जीवनोत्सुकता ।''(હવે તો, પ્રિય ગુજરાતી વાચક, તને મરાઠી વાંચતાં થોડી થોડી મઝાયે પડતી હશે!) શાર્લટ રેગેના કવિવ્યક્તિત્વના મનમાં રમતો 'રાધાભાવ' છે. શાર્લટ, રાધા, ઉર્વશી — એવી સરસ ત્રિપુટી છે!

જીવનોત્સુકતાની રેગેની રચનાઓમાં કંડારાયેલી રમણીય ત્રિમૂર્તિ.

— તો, સંક્ષેપે, આવી છે આ કવિના 'જીવનની અને કવન'ની એક ઝલક ! મૂળ મુદ્દો અહીં, જોકે, જુદો છે! એ મુદ્દો કે સવાલ એ છે કે 'दुसरा पक्षी' જ્યાંથી ઊડીને આવે છે, જે વૃક્ષ પર બેસે છે અને જે ગીત ગાય છે, એ કશાને આ કશા સાથે કોઈ ગાઢ સંબંધ ખરો? હોય એવું જણાતું નથી. પેલી ઉર્વશી, રાધા અને શાર્લટ અને આ પંખી, વૃક્ષ અને ગીત, જાણે બે ત્રયીઓ પરસ્પર અજાણ દુનિયાનાં નિવાસીઓ છે. — આ 'નથી' એમ મારું કહેવું તે કોઈ દોષદર્શન રૂપે નથી, બલ્કે રેગેના સર્જનવિશ્વમાં પ્રવેશવા માટેના એક માર્ગ રૂપે છે. વળી, ભારતીય કવિતાના ત્રીજા સૂરને આ નાનકડા છતાં વિસ્તીર્ણ કાવ્યમાં સાંભળવા માટે એ 'નથી' જરૂરી છે.

*

કેટલીક સ્વયમ્-સમર્થ રચનાઓ એના લેખકને પોતાની જાણીતી જાતના બંધનમાંથી મુક્તિ અપાવનારી બને છે. બલ્કે, કવિની સર્જકતાનો વ્યાપ જો મોટો અને ઊંડો હોય તો એવી કોઈ રચના કવિને પોતાની કાવ્ય-ભૂગોળનાં પોતાને જ અજાણ્યા એવા વિસ્તારોમાં સાહસ-સફરે ઉપાડી જાય છે!

'दुसरा पक्षी' એવી એક સ્વયમ્-સમર્થ રચના છે અને કવિ પુ. શિ. રેગેને એ એમની જાણીતી જગ્યામાંથી બહાર દોરી જાય છે. એમાંથી એ કવિની એક નવી લાંબી સાહસ સફર નીપજી શકી છે કે કેમ, એ નક્કી કરવાનું કામ તો મરાઠી સાહિત્યવિવેચનાનું ગણાય. પણ ગુજરાતી સાહિત્યની, વિશેષે કવિતાની, આજની પરિસ્થિતિનું સેલ્ફ ઑડિટ કરવાનું કામ તાકીદનું છે, એ કદાચ આપણને આ સંદર્ભે સમજાય — જો વામણી મહત્ત્વાકાંક્ષાઓના લિલિપુટમાંથી બહાર નીકળી શકાય તો...

*

તો, રેગેનું આ અચાનક આવતું અને નવે સૂરે ગાતું 'બીજું પક્ષી' છે કોણ (કોણ), ક્યાં (ક્યાં) બેઠું છે, શું (શું) ગીત ગાય છે? — કૌંસપૂર્વક કરાયેલી આ દ્વિરુક્તિઓ સહેતુક છે એ તો સુજ્ઞવાચક, તમે પામી ગયા હશો!

વૃક્ષ, પક્ષી અને ગીત વિશેની આ કવિતા એની પહેલી પંક્તિથી શરૂ નથી થતી. એ શરૂ થાય છે એના વિલક્ષણ શીર્ષકથી. આ કાવ્ય પક્ષી વિશે નથી, 'બીજા પક્ષી' વિશે છે. એટલે એનું શીર્ષક છે : 'दुसरा पक्षी'

ક્યાં છે એ,પહેલું નહીં પણ'બીજું પક્ષી' ?

'છે પક્ષી બીજું એ ગીતમાં જ તો વળી / आहे पक्षी दुसरा गाणांत्यच त्या पुन्हां ।' એક પક્ષી વૃક્ષમાં છે, બીજું પક્ષી ગીતમાં છે. 'એ તો સમજ્યા, હવે', કોઈ વાચક મને કહેશે. એ તો ઉત્તમ, સાહેબ! પણ હવે આ સાંભળો, — ના, પક્ષીને નહીં, પ્રિય વાચક, કવિને સાંભળો! પક્ષીના ગીતને નહીં, ગીત વિશે કવિ જે રીતે વાત કરે છે, એને સાંભળો.

બે જ કડી અને છ જ પંક્તિઓના આ નાનકડા કાવ્યની રચના એના કવિએ જાણે પ્રશ્નોત્તર રૂપે કરી છે. પ્રશ્ન છે, 'બીજું પક્ષી ક્યાં છે?' (ઉમાશંકર પૂછેઃ 'ક્યાં છે કવિતા?') મરાઠી કવિનો જવાબ છેઃ 'આહે ત્યા ગાણાંત્યચ પુન્હા'/ 'એ ગીતમાં જ તો છે વળી' !

બીજું પક્ષી પહેલા પક્ષીના ગીતમાં જ સંતાઈને બેઠું છે અને ગાય છે. તમે જોયું અને સાંભળ્યું, ભાવક ? અને, અરે, સાંભળો એ બીજું પક્ષી પણ ગાય છે, સંભળાયું? અને વળી એ બીજા પક્ષીના ગીતમાં એક બીજું 'બીજું પક્ષી' છે અને એ પણ ગાય છે! અને એ ગીતમાં વળી . . . આપણેયે હવે કવિતાની પોતાની 'દૂસરી' અને ભીતરી ભૂગોળના અનંત વિસ્તારમાં સાહસ સફરે નીકળી ચૂક્યા છીએ !

પણ, એ તો આ રચનાની એ તો બીજી કડી છે. પહેલી કડી, જે અલબત્ત શીર્ષક પછી તરત આવે, એ તો આ બીજી કડીથીયે વધારે ગુંજારવોથી ભરી ભરી છે!જે વાત શીર્ષકમાં નથી કહેવાઈ, એવી એક વાત એ કરે છે. સાંભળોઃ

'पक्षी जें झाडावर गाणें गातो / आहे झाडच दुसरें पुन्हां त्या गाणात् / पक्षी जें झाडावर गातो...' ('પક્ષી જે વૃક્ષ પર ગીત ગાય / છે વૃક્ષ જ તો બીજું વળી એ ગીતમાં / પક્ષી જે વૃક્ષ પર ગાય.') પહેલા પક્ષીના ગીતમાં શું શું નથી? એમાં બીજું પક્ષી તો છે જ, એમાં બીજું વૃક્ષ પણ છે ! આ 'બીજું વૃક્ષ' કેવું હોય? ખાલીખમ તો ન જ હોય ને? એમાં એનું પોતાનું પહેલું પક્ષી પણ હોવાનું અને એ પક્ષી પોતાનું ગીત પણ ગાવાનું! જેમાં...!

ભાવક, સાંભળ્યો ને આ ગણીને છ પંક્તિની સુદીર્ઘ રચનામાં સંભળાતો, આખું ભાવજગત ભરીને ઊભરાતો, આ અગણિત પંખીઓનો કલરવ ! વર્ડ્ઝવર્થ અકારણ નહોતો કહેતો કે પર્વતકન્યાના ગીતથી પહાડોની ખીણ ભરાઈ ઊઠી છે !

આ છે રેગેના આ કાવ્યની એપિસ્ટેમૉલૉજી કહેતાં જ્ઞાનમીમાંસા અને એનું હર્મેન્યુટિક્સ કિંવા કાવ્યમીમાંસા.

પણ 'ક્યાં છે એ બીજું પક્ષી?' 'ક્યાં છે એ બીજું વૃક્ષ?' એવા એવા જ્ઞાનમીમાંસાપરક પ્રશ્નો પૂછવાનો પ્રારંભ કરતા મારા જેવા વિદગ્ધ વિવેચકને આ કવિ નવાઈ પામીને કહે છે, અલ્યા વિદગ્ધ, સવાલ શેનો પૂછે છે? એટલુંયે તને દેખાતું, સંભળાતું, સમજાતું નથી કે એ બીજું પક્ષી (પહેલું નહીં, હોં), 'એ ગીતમાં જ તો છે વળી/ આહે ત્યા ગાણાંત્યચ પુન્હા'! કવિનો લહેકો સાંભળ્યો?! એ લહેકામાં જ તો છે રેગેનીયે 'બીજી કવિતા'!

— પુ. શિ. રેગેની આ 'બીજી કવિતા'-ને એનું 'બીજું પક્ષી' જ્યાં અનંત સાહસ-યાત્રાએ મળતું જ રહે એવું (ભારતીય જ્ઞાનમીમાંસાની પરિભાષામાં કહેતાં 'અધિષ્ઠાન'રૂપ) 'બીજું વૃક્ષ' મળ્યું? કે આ એક રચના કરી કવિ પાછા ઉર્વશી-રાધા અને લટકામાં શાર્લટની વાતો કરવા લાગ્યા?

મરાઠી સાહિત્ય માટે એનો જવાબ ભલે મરાઠી વિવેચના આપે, ગુજરાતી સાહિત્ય વિશે એ નિર્મમ સવાલનો સામનો આજે આપણે સહુ પ્રમાણિકતા અને નિર્ભયતાથી કરીએ, એ અત્યંત જરૂરી બન્યું છે. — શું આજની ગુજરાતી કવિતા પેલો જરીપુરાણા રોમાંટિક રાગો જ આલાપ્યા કરશે કે પોતાના એક નિતનવા ઊગતા 'વૃક્ષ'ને, સર્જકતાના સાચા અધિષ્ઠાનને પામવાનું નિર્ભય સાહસ ફરી એક વાર કરી શકશે, મારા આજના સમકાલીન (ઉત્તર સમકાલીન) કવિઓ, વાર્તાકારો, નાટ્યલેખકો, સાથીઓ?

*

છેલ્લે, ‘ભારતીય કવિતા’ વિશે એક વાત. આજની કવિતાની ભારતીયતાના સીમાડા કયા? આજના ભારતના રાજકીય સીમાડા કે એથી અલગ કોઈ ભૂગોળ? રાજ્ય અને સેના જેનો સમાવેશ કરી, સાચવી શકે એથી ક્યાંયે વધારે વિસ્તૃત એવા એક ‘દુસરા ભારત’-નું વિભાવન જો એ કરી ન શકે તો એ વાઙ્મય પ્રવૃત્તિને ‘સમકાલીન ભારતીય સાહિત્ય’ કેમ કરીને કહેવી?! આજની આપણી કવિતાની ખરી તાકાત તો એ કે એ નિરંતર વિકસતા જતા ‘બીજા ભારત’-નું દર્શન કરી અને કરાવી શકે.

ભારતીય કવિતાની વાત કરતી વખતે જેને આપણે ભાગ્યે જ યાદ કરીએ છીએ એવા એક પ્રદેશના એક કવિની એક રચના વડે આ લેખ પૂરો કરીએ.

*

ભૂતાન ભારતનું એક રાજ્ય છે કે પોતે એક સ્વતંત્ર દેશ છે, એ પ્રશ્ન ‘કોન બનેગા કરોડપતિ’માં પૂછવા જેવો છે! એ દેશના એક કવિની આ કવિતા ‘સમકાલીન ભારતીય કવિતા’-ની આ લેખમાળામાં સામેલ કરનાર મારા જેવાને અમિતાભ બચ્ચન અલબત્ત કેકેકે-માંથી સસ્મિત રુખસદ આપે. પણ આ તો માત્ર ગુજરાતી ‘કે’ અર્થાત્ ‘વિકલ્પ’-ની વાત છે. પહેલું પંખી, વિકલ્પે બીજું, જો કલ્પી શકો તો! એ જ રીતે જો કલ્પી શકો, સંસ્કૃતિનાં તળપાતાળમાં જઈને, તો ત્યાં આપણા આ ભારતના સીમાડા આજના કેવળ રાજકીય વાસ્તવના સીમાડાથી અલગ હશે. તો એવા એક ‘ભારતીય’ દેશ ભૂતાનના એક સાંપ્રત કવિ, શેરિન્ગ શોદેન (Tshering Choden)-ની એક રચના વાંચીએ:

**અંત નહીં**

**આવો ને, બેસો મારી પાસે,**
**કશુંક દેખાડું તમને.**
**પેલો સૂર્યાસ્ત જુઓ**

**પછી અંધારું થશે.**
**પણ એ કંઈ અંત નથી.**

**હજી તો એક આવતી કાલ છે.**
**આવતે કાલે સૂરજ ઝગમગશે.**

**ને પેલું ગુલાબ... જોયું તમે?**
**એ તો કેવું સુકાયેલું, કરમાયેલું છે.**

**પેલું બીજુંયે જુઓ.**
**ખીલવા લાગ્યું છે એ... છે ને સુંદર?**
**બાગ ભર્યો ભર્યો છે.**
**મારગ ખુલ્લો છે.**
**હું જમણી તરફ ચાલી નીકળું, તમે**
**ચાલી નીકળો ડાબી તરફ.**

**પેલો ચંદ્ર આવી પહોંચ્યો છે પોતાના આકાશી સિંહાસને બેસવા.**
**ચિંતા શેની તમને, મને?**
**આપણે દર પૂનમે ભેગા થઈશું.**
**પણ હાલ તરત, ચાલો, આપણે**
**સાથે સાથે થોડું ટહેલીએ . . .**
**કશુંક બતાવું તમને, હું!**

– ત્ઝોન્કાભાષાના આ કવિ હવે નક્કી આપણને બતાડશે મરાઠી ભાષાના ભર્યા ભર્યા બાગમાં ગાતું 'બીજું પક્ષી', 'બીજું વૃક્ષ'. અને, હા, જુઓ પેલો આવતી કાલનો સૂરજ, કવિકર્મ વડે દેખાડે છે કશુંક. પણ શું? પ્રિય વાચક, તું જ નક્કી કર, તારી નજરે જાતે જોઈને...

*

સમા, વડોદરા
જૂન ૨૬, ૨૦૨૦
રાત્રે ૩.૧૬-ના ચન્દ્ર કલાકે!

❑


**ગુજરાતી સાહિત્ય પરિષદનો**
**નવો ઈ-મેઈલ આઈડી**

gspamd123@gmail.com

**'પરબ' માટે ઈ-મેઈલ આઈડી**

'પરબ' માટે કૃતિઓ ઈમેઈલ દ્વારા મોકલી શકાશે. 'પરબ'નું ઇ-મેઇલ આઈડી :

parabgsp@gmail.com

## ચેત મછંદર ગોરખ આયા | યજ્ઞેશ દવે

વુહાનમાંથી વામન રૂપે નીકળેલા માયાવી રાની પશુએ
જોતજોતામાં વિરાટ થઈ ઢાંકી દીધી પૃથ્વીને
ઊભરાતી બજારો ધમધમતાં કારખાનાંઓ
ઉન્માદે ચડેલાં સ્ટેડિયમો ખીચોખીચ સભાઓ કથા પંડાલો
હેલે ચડેલાં જાનૈયાંઓ મન ભરીને માણેલા મેળાઓ
હવે
એક હતો રાજા
અને એક હતી રાણી
જેવી વારતા
ડાઉનટાઉન સ્ક્વેર આર્કેડ પ્લાઝા નગર નગરના ચાચર ચોકો
અચાનક ભૂત ભેંકાર
        જીવતાં ખંડેર
ચોતરફ લંબાતા પડછાયાઓની ભૂતાવળ
થંભી ગયાં છે ચક્રો
અવાવરુ છે થિયેટરો બાર રેસ્ટેરંટો ઑફિસો
બધે હવે ખોળાના ખૂંદનારની રાહ જોતી ધૂળભરી ખુરશીઓ
ક્યાંક
વારેવારે રણકે છે ચર્ચબેલ
તો ક્યાંક
મંદિરના ઘંટ પર શાંતિથી સૂતું છે એક પતંગિયું.

ઉપર ઝળૂંબેલું
બધે ફેલાયેલું
અંદર ધરબાયેલું છે એ માયાવી રાની પશુ
એકાએક વધ્યાં તેના તીક્ષ્ણ દંત નખ નહોર
        બચાડી પૃથ્વી તેના ક્રૂર પંજામાં શિકાર.

જોકે એ વાતનેય હવે તો થયા છે મહિના
હવે તો કોઠે પડી ગયું છે બધું.
ઊભરાતી હૉસ્પિટલો ઊભરાતાં કબ્રસ્તાનો સ્મશાનોની હવે નથી કોઈ નવાઈ.
                                        જાણે ભજવાય છે કોઈ ભવાઈ.
મરણ છે એ કોઈનું મારે શું ?
ઉંબરે ક્યાં આવ્યું છે હજી

ફરી રહ્યાં છે બધાં બેફિકર.
પણ
ચાલુ છે એનો ગેરિલા આતંક
ક્યારે ક્યાં મારશે છાપો ?
કોની પીઠ પર હશે થપ્પો ?
*'મૌત કા એક દિન મુઅય્યન હૈ*
*નીંદ ક્યું રાત ભર નહીં આતી ?'*
લોકોની સલામી ઝીલતાં જનાજા કે ઠાઠડીના કોઈ ઠાઠ વગર
મમીની જેમ પૅક કરેલી લાશો
કોઈ વળાવિયા વગર ચાલી જાય છે ક્યાંક ચૂપચાપ.

હમણાં તો કશું જ ન હતું
તમે જ કહો હતું કશું આવું ?
આ વાસ્તવ છે કે ભ્રાંતિ
લીલા છે કે માયા ?
પાસે પડેલા મોબાઇલમાં હજી હમણાં જ તો સાંભળ્યાં હતાં
'રંગ ના ડારો શામજી' કહી સોહિણીના સ્વરોના છાંટણાં છાંટી
ફાગ ખેલતાં કુમાર ગાંધર્વ
અને કિશોરી આમોનકરનો ઊર્ધ્વગામી ભૂપ
અને મારવાના રિષભ પર ઘડી બે ઘડી ઠર્યો હતો જીવ.
અને અચાનક ઉંબરે અહાલેક
'ચેત મછંદર ગોરખ આયા'
કોણ મછંદર કોણ ગોરખ ?
ચેતું તો ચેતું કોનાથી ?

ત્યાં તો રાતોરાત જ માણસ હોવાના ગુના સબબ
પણ કોઈ કેસ કર્યા વગર રાજદ્વારી કેદીની જેમ
પૂરી દે છે મને ઘરકેદમાં
જડી દે છે સજ્જડ
મારી જ જાત સાથે – જાણે અમે સિયામિઝ ટ્વીન્સ !
આ આ આની સાથે તે જિંદગી કેમ જાય ?
પણ હવે અમે જઈએ તો ક્યાં જંઈ ?
ડુંગરા હોય તો વટાવિયે દરિયાની કરી ખેડ
આ સહરા કેમ વટાવિયે બોલો હે મહાકાલ
ન ખડ્ગ પરશુ કે ગદા ચક્ર
ન ધનુષ ન બાણ
તોય તેની આણ !
એણે તો પોતે જ માથે મુકુટ મૂકી કર્યો છે પોતાનો રાજ્યાભિષેક.

નીકળી છે દિગ્વિજયી સવારી
વામનની જેમ ત્રણ જ પગલાંમાં તો પગ તળે છે સાતેય ખંડ.
હવાને પણ પ્રવેશ ન હોય તેવા અભેદ્ય કિલ્લામાં પણ
તું આવી ને આવીને ભરખી જાય છે
ફળમાં રહેલા કીડા રૂપે સંતાયેલા તક્ષકની જેમ.

જોઉં છું
વેઠની ગાંસડી ખભે ઉપાડી ચાલ્યું જાય છે લોક
કોઈની આંગળિયે છોરું તો કોઈની કેડે
હજારો કિ.મી.ની સફરે ચાલી નીકળી છે લંઘાર કીડી વેગે
સુરત થાણા દિલ્હી બેંગલોરથી.
સત્તાધીશોને મન તો ગંધાતી હઘાર
ચાલી નીકળી છે આ લંઘાર.
ધરતી માતા નથી આજે
અને પિતા નથી આકાશ
વતનની જ એક બચી છે આશ.
પણ કયું વતન ?
ઘરનો ઉંબરો વળોટ્યો ત્યારથી જ જલાવતનં.
ઓગળેલા ડામરથી દાઝતાં પગ
માથે મૂકીને ચાલી શકાતું હોત તો ?
એવું વિચારતી, માની આંગળિયે લગભગ દોડતી
આ છ વરસની છોકરી
એ વાસ્તવ
કે હમણાં જ સાંભળેલી મહેંદી હસનની ઘેરી સુરીલી ગઝલ
*'અબ કે હમ બિછડે તો શાયદ કભી ખ્વાબોં મેં મિલે*
*જિસ તરહ સુખે હુએ ફૂલ કિતાબોં મેં મિલે'*

આખા યુરોપમાંથી હજારો કિ.મી. દૂર ઓસવિચમાં લઈ જવાતા
ભારખાનાના ઢોરડબ્બામાં ઠાંસીઠાંસીને ભરેલા
બાપડા યહૂદીઓની જેમ જ
મુંબઈથી ગોરખપુર જવા નીકળેલા
જાતે જ સિમેન્ટ મિક્સર ડ્રમમાં ઠાંસોઠાંસ ભરાયેલા
ગૂંગળાતા
ગંધાતા
ઈન્દોર પોલીસને હાથે પકડાયેલાં
ફરી અડધે રસ્તે રઝળેલાં
આ અઢાર મજૂરો

એ શું સ્વપ્ન ?

ક્વોરેન્ટાઇન કેદનો કંટાળો કાઢવા
વાંચું છું વૉટ્સઍપ પર ફરતા જાતજાતના કોરોના જોક્સ
જોઉં છું કોરોના કાર્ટૂન
હજી તો સહેજ મરક મરક મરકું
ત્યાં તો દેખાય છે કાળમુખા કોરોનાની કરડી આંખ
વંકાઈ જાય છે હોઠની રેખ
હું તો જાણે એક માખ.

જાણે ચપટીમાં ચોળી નાખશે.
બોલ બોલ
તું શુભંકરી
કે ભયંકરી
કે કોઈ વ્યંતરદેવી
તું બોલ
તું બોલ તો રાવળદેવને બોલાવી ડાકલાં વગાડાવું
ભૂવો ધુણાવું
ગૂગળ લોબાનનો ધૂપ આપું
કે
મરચીની ધુમાડી આપું

બોલ તું બોલ
બોલ તો ખરી
તને કૂકડો ચડાવું કે પાડો ?
કે તને ખપે ખાલી આ બત્રીસલખણી જાત ?
કે પછી કોઈએ કીધું તેમ
અમે જ આ પ્રથમીના વકરેલા વાઇરસ
અને તું ઍન્ટિવાઇરસ
— યદા યદા હી ધર્મસ્ય ?
હાથમાં ખપ્પર ગળે મુંડમાલા લબકારા લેતી જીભ
જેવા વિકરાળ રૂપ ધર્યા વગર
અપલખણી મનેખ જાતનો સંહાર કરવા રણે ચડી છો તું ?
આ બધું સાચું ?
આપણામાંથી કોઈ સાચક માણા હોય ઈ બોલે — નરો વા કુંજરો વા નંઈ
સાવ સાચું બોલો ને કો'ક
બસ આ ખાલી ફિતૂર
કે કોઈ ચળિતર ?

હજી સવારે જ યુનિવર્સિટી કૅમ્પસમાં લટાર મારવા ગ્યો'તો
ત્યાં તો બધું એ જ

એ જ ઝુલ્ફાંને રમાડતો કાનમાં કાંઈક કાંઈક વાતો કરતો પવન
એ જ ચૈત્રી લીમડાની અને મોગરાની માદક ગંધ
બુલબુલ સાથે જુગલબંધી કરતું દૈયડ એ જ
એજ નિરાંતે ઊંઘતું ગલૂડિયું
અને રાતે એ જ રમ્યચૈત્રરાત્રિ
એ જ ચોથનો ચંદ્ર.
આ સાચ હશે કે જૂઠ

'ચેત મછંદર ગોરખ આયા.'
મકાનધણીના એક ધક્કે રાતોરાત રોડ પર આવી ગયેલાં
રેક્ઝિનની એક બૅગમાં બધી ઘરવખરી સમેટી
વતન જવા અરજીઓ આજીજીઓ કરતાં રખડતાં ટોળાંઓ
અંતે હાલી નીકળે છે પાટેવાટે.
થાકીને ઢીમ થઈ એવા તો ઊંઘ્યા
કે કચડાઈ મર્યા ભારખાના નીચે.
મુઝફ્ફરપુરના પ્લૅટફૉર્મ પર મરેલી ને ઉઠાડવા
ઓઢણી ખેંચતું બાળક

રાતે કોઈ ને કોઈ ઘરના બારણે કોઈ ચોંટાડી જાય છે સ્ટીકર
કોઈ હાથ પર છપાઈ જાય છે શાહીનો સિક્કો
હવે એ ખોટો સિક્કો
ક્ષણવારમાં તો થઈ જાય છે પતિયો
તેનો પડછાયો
હવે ઓછાયો
પોતાનો જ થઈ જાય છે પારકો
બધે OTHERS કોઈ સગું નહીં વહાલું નહીં
બધે OTHERS, OTHERS OTHERS
કોઈને સ્પર્શ્યા પસવાર્યા ભેટ્યાં ચૂમ્યાં ખોળે માથું મૂક્યા
ખભે માથું ઢાળ્યા થયા છે દિવસો
હવે તો હું જ સ્પર્શું છું મારા હાથ
કેમ જાણે હોય એ બીજાના હાથ
આ કોરોનાકાળમાં
માત્ર મડદાંઓ જ ભેટી રહ્યાં છે એકમેકને
— જાતજાતની જિંદગી જીવી હવે પોઢેલાં ઊભરાતાં મોર્ગમાં
થપ્પીબંધ કે હારબંધ ગોઠવેલાં મડદાંઓ.

કોરોનાની નજર ચૂકવી
અજમાવું છું રસોઈ શોમાંથી શીખેલી વાનગીઓ
ચાખું છું ચટાકેદાર મંચુરિયન રવાસૅંડવિચ અને સ્ટફ રોટલા

સાંભળું છું કોકિલકંઠી લતાનું ગાયન
પહેલીવાર જ યુટ્યૂબ પર સાંભળું છું
વિગતકાળની જન્મજન્માંતરની સ્મૃતિઓ ઉખેળતું આર્મેનિયન દુદુકનું વાદન
સાંભળું છું યોહાન્સ સ્ટ્રૉસનું 'બ્લ્યૂ ડેન્યુબ' વાલ્ટ્ઝ
અને સાંભળું છું મને મારા મૂળમાં રોપતા હેમુ ગઢવીને
*બહોત કોશિશેં કી મગર દિલ ન બહેલા*
*કઈ સાઝ છેડે કઈ ગીત ગાયે.*
ભલે હોય ટી.વી. સ્ક્રીન પર
પણ સામે જ દેખાય છે ઔરૈયામાં મજૂરોથી લથબથ ખટારા સાથે
માતેલા સાંઢ જેવા ટ્રકના અકસ્માતમાં આમતેમ વેરાયેલી લોહીઝાણ ચોવીસ લાશો
રોડ પર સુકાઈને કથ્થાઈ થઈ ગયેલાં લોહીના ઘટ્ટ રેલાઓ
બેકારીથી વાજ આવી ટીકડા ખાઈ, ગળે ફાંસો ખાઈ ડૅમમાં ઝંપલાવી
કે કેરોસીન છાંટી અગનપિછોડી ઓઢી જીવતર ટૂંકાવતા રોજ કોઈ ને કોઈ
વેન્ટિલેટર પર પવનચરખાના આછા તાંતણે ટકી લટકી રહેલાં
ડચકાતાં દરદીઓ

ફરી મેં લીધું તરણાંનું શરણું
વિડિયોમાં જોઈ સિંહને ઢીંકે ચડાવતી ઉલાળતી માતેલી ભેંસો
ઑનલાઈન મ્યૂઝિયમમાં લટાર મારી લુવ્રમાં ટીકી રહ્યો રહસ્યમય મોનાલિસાને
ક્લિયોપેટ્રાની શાહી સવારી જોઈ
ફરીવાર જોઈ શ્રી ૪૨૦ ઝિવાગો અને મેકેનાઝ ગોલ્ડ
સાંભળ્યા કંઈ કેટલાય વેબ મુશાયરાઓ
સમાચાર છે કે દસકાઓ પછી
આકાશ નીલ નિરભ્ર
ધરતી ઋતુમતિ
ગંગા ફરી પુણ્યસલિલા
અને છેક જલંધરથી દેખાઈ હિમાલયની ધૌલાધાર પર્વતમાળા
*'અબ ભી દિલકશ હૈ તેરા હુસ્ન મગર ક્યા કિજે*
*લૌટ જાતી હૈ ઉધર કો ભી નજર ક્યા કિજે'*
સાચોસાચ સામે દેખાય છે
એંઠવાડની કૂંડી પર બેસેલા કાગડાંવ ઉડાડી ઝટપટ બે કોળિયા ભાત ખાતી ડોશી.
શેરીમાં સંભળાય છે ઍમ્બ્યુલન્સનું સાયરન.
સ્વજનો વચ્ચે ઘરના ખાટલે
મરણ નથી રહ્યું હવે સુવાંગ.
'તમે ગમે તે કરતાં હો છો ત્યારે
*કોઈ મરી રહ્યું હોય છે*
*એક મિનિટ માટે પણ*
*એકલા સુવાંગ મરવાની ઈચ્છા છતાંય*

*કોઈ બીજું પણ મરતું હશે.*
*માટે જીવન વિશે તમને જો પૂછવામાં આવે*
*માત્ર જવાબ દો કોઈ મરી રહ્યું છે.'*

અંકગણિતના ભોળા આંકડાઓ
હવે બન્યા છે દેશદુનિયાના દરદીઓના મૃતકોના ચડતાઊતરતા આંકડા
આંકડાઓ ક્યારેય ન હતા
આટલા ભયાવહ
        ચિંતાજનક
આટલા શાતાદાયક
કે આટલા ભેદી
મૃતકોની ગરીબીની બેકારીની ચડતીઊતરતી ગ્રાફરેખાઓ કદી ન હતી
                                        આટલી શારતી.

કોરોનાને રીઝવવા
થતા મંત્રજાપો દુઆઓ પ્રાર્થનાઓ વચ્ચે
સંભળાયા ગગનભેદી નારાઓ
'કોરોના કો હરાના હૈ
હું છું કોરોના વૉરિયર'

કરડું હસતો કોરોના
મારે છે જાંઘ પર થાપ
'તારું ચાલે તો મને ઉથાપ
લઈ આવ તારી અક્ષૌહિણી ચતુરંગિણી સેના
હું એકલો જ પૂરતો છું.'
પગે પડી હું કહું છું,
*'અમે અપરાધી કાંઈ ન સમજ્યા*
*ન ઓળખ્યા ભગવંતને'*
પણ ધ્યાન રાખજે
અત્યારે ભલે ન ડરે અસ્ત્રથી કે શસ્ત્રથી
ન ગનથી ન ટેંકથી ન મિસાઈલથી કે ઍટમબૉમ્બથી
પણ જોજે તું ડરશે વેક્સીનના એક ટાઢા ટબૂકલાથી
પછી સાવ સોજી ગા જેવો થઈ જઈશ તું
જોકે કોને ખબર
ફોયણાં ફુલાવતો છીંકોટા મારતો
ભૂરાયો ખૂંટિયો થઈ તું ફરી આવે પણ ખરો.

અણીના ટાણે ઈશ્વરે આપ્યો છે છેહ
અને ચારેકોર તારો છે કાળોકેર
ભલે નીકળી પડ્યો હોય તું નરમેઘ કરવા

પણ એટલું યાદ રાખ કે તમે બંને વસો છો અમારામાં જ
એક મનમાં
એક તનમાં
અમારા વિના તમે અધૂરા તમે નોધારા
અમારી સાથે જ નિશ્ચિત છે તમારું પણ નિકંદન

તમે છો ચતુર સુજાણ
થોડું કહ્યું છે ઝાઝું કરીને જાણજો
આથી વધારે
મારે કાંઈ કહેવું નથી.

## ચાર ગઝલ | લલિત ત્રિવેદી

### ૧. પિંગળા રાણી !

નીરને તીર, પિંગળા રાણી
જો ઝગે નીર, પિંગળા રાણી !

પીધાં રે પીધાં ધ્રાવી ધ્રાવીને
મધિયાં શરીર, પિંગળા રાણી !

જોઈ આપણને નિત ગાતાં'તાં
મોર ને કીર, પિંગળા રાણી !

પંડ રાણા કરીશું, રાણીજી
ઝગવશું હીર, પિંગળા રાણી !

અરધાંપરધાં ઊભાં છીએં ઝાંપે
અરધી રે ધીર, પિંગળા રાણી !

જરઝવેરાત જાગ અજપાજાપ
આપ જાગીર, પિંગળા રાણી !

ખલતે પરસાદ, છાશ ખપ્પરમાં
ભસ્મનાં ચીર, પિંગળા રાણી !

### ૨. વાસ ગુપતનો...

લલિત નામે વાવ એમાં વાસ ગુપતનો
તળ ઊતરે રે કોણ જાણતલ જીવ જગતનો !

તળિયામાં એક કમરો સજ્જડ કોઈ વખતનો
કેમે કળ ના ખૂલે એવી અજબ સિફતનો !

ના પ્હેરો ના સાત કમાડો કમાલ તરકીબ
હો જાણે ફરમાન કે ખૂલે વિના શરતનો !

કોણ કોઈ અસવાર ઊતરે જાત સટોસટ
કોણ જનમ જીતેલો શૂરો વિના મમતનો !

વહેણો વીત્યાં... નદીઓ પલટી... બદલી સદીઓ...
તોય કોઈ ના અઠંગ ઊતર્યો માટી પતનો !

પાણી ખૂટ્યાં... માળા ઊડ્યા... ઝાળાં બાઝ્યાં...
ખાલીખબ્બ ઢંકાઈ ગયો રે ભેદી ગતનો !

### ૩. રાખોડી –

તિમિર ચોળી, ખપ્પર ખોડી
નાભસોંસરું છપ્પર ફોડી !

અવળી ગંગા તરી જવી છે
ઝળઝળિયાંનાં ટીપાં જોડી !

સમાલ દરિયા, ચરણામૃત થા
હોડ બકી ગૈ છે એક હોડી !

ધરાઈને જોવો'તો નહિતર
નજર આંજી ગૈ આંખ નિગોડી !

દરસનિયા કરવા નિસરી છે
મંજીરાં-શી મિસરા-જોડી !

રખે માન પંખીને તાકે
તાકે અંકાશો તાકોડી !

દેખ... લલિત... જોગીની કાયા
ગુલાલ થૈ ગ્યા છે રાખોડી !

### ૪. ફતહ –

તેરી બાંહોંમેં જિંદગી કી તરહ
દાણેદાણામાં રવેરવે છે વિરહ !

હો ન તસ્વીર તો હો ખાલી જગહ
વક્ષની નહિ તો ક્યાં છે કોઈ વજહ !

ચાંપતી આંખથી બચી ન શક્યો
મેં તિમિર સાથે પણ કરી ના સુલહ !

સુક્કા ચૂલાને જેમ જુએ પેટ
મેંય જોયા કરી છે એમ સુબહ !

આપણે બેય એક જીવ, વિહગ...
છીએ કલરવ તો ક્યાંથી હોય કલહ !

ખડિયામાં વીણા શોધી લીધી છે
વાખ ! મેં ગઝલમાં શોધી છે સતહ !

હું કરું જીદ, તું વ્હાલથી દઈ દે
માડી રે ! એવી ક્યાં મળે છે ફતહ !

## બે કાવ્યો | ઉદયન ઠક્કર

### ૧. નંદલાલ બોઝ

ફેરવી ટોપી, બોલ્યા નેતાજી
'આપણું આ વખતનું અધિવેશન
રાખીએ ઓડિશામાં.' ત્યં બીજો
બૂટ ઝાલીને કાનની, બોલ્યો,

'અરે, કોણાર્કનાં એ રતિશિલ્પો
તમે જોયાં છે ? કોઈ વાંસળીઓ
ચસચસાવી વગાડે, આંગળીઓ
ફેરવે છે મૃદંગ પર કોઈ,
થાપ મારે છે કોઈ થાપાને !'

'વાત તો સાચી'
'એનું કરવું શું ?'

'એમ કરીએ–બધાંય શિલ્પોને
આપણે પૂરી દઈએ પ્લાસ્ટરથી.'
'ના રહે બાંસ, ના બજે બાંસુરી'

સંમતિ આપી ગાંધીજીએ પણ
લાગલા નંદલાલ બોલ્યા કે
'સત્યનું બીજું નામ સૌંદર્ય
એમ શિલ્પોને તે પુરાતાં હશે ?'

બાપુએ વાત એની સ્વીકારી

નંદના લાલને ઘણી ખમ્મા !
એણે એક જ લસરકે પીંછીના,
કોરી સાબરમતીના કાંઠા પર
ચીતરી દીધું શાંતિનિકેતન !

શાંતિનિકેતનના કલાગુરુ નંદલાલ બોઝ માટે

### ૨. ફાતિમા ગુલની ચિઠ્ઠી

(વનવેલી)

મારા પ્યારા મણિલાલ*

યાદ છે ? હું
આલુ ખરીદતી હતી.
નાતાલમાં**
ત્યારે તમે દુકાનમાં એકાએક
આવી ચડ્યા
મારી અને તમારી એ
પહેલી જ મુલાકાત.

એ પછી તો નિત નવા
બહાનાં ગોતીને જતા—
આવતા થયેલા તમે
મારે ઘેર

પ્રેમની હતી ઉંમર
મારા રુદિયામાં ડર
ધરમ જુદો ખરો ને...

તમને ભરોસો હતો
બાપુ મોટા મનના છે
માની જશે, હોંશે હોંશે
તમે ચિઠ્ઠી લખી હતી

બાપુનો ઉત્તર મળ્યો,
બ્રહ્મચર્યનું શું થયું ?
શાદી ? અને તેય પાછી
મુસલમાનની સાથે ?
તમારાં છોકરાં કયા
ધરમનાં કહેવાશે ?
શું કહ્યું તેં ?
હિંદુ થવા તૈયાર છે એ ફાતિમા ?
ધરમ શું લૂગડું છે
કે ઉતારી ફેંકી દીધું ?
એને માટે ઘર ત્યજો,
લગ્ન ત્યજો, પ્રાણ ત્યજો !

તું કહે છે કે હું બાને
પૂછી જોઉં ? નહીં પૂછું.
એનું બાપડીનું દિલ
ભાંગી જશે.

— તારો બાપુ.'

મહાત્માનાં મન કોણ
કળી શકે ?
એમને ફિકર હશે કે પોતાનું
નામ ચહેરાઈ જશે ?
મૌલવીઓ મહોલ્લાઓ ગજવશે ?
મહાત્માયે ડરી ગયા ?

મણિલાલ, સાંભળ્યું છે
એ લોકોએ હિંદુ કન્યા
ગોતી છે તમારે માટે.

સુખી રહો એની સાથે
આશ્રમે બેસીને ગાજોઃ
ઈશ્વર અલ્લા તેરો નામ !

બીજું તો શું કહેવાનું
હોય મારે, મણિલાલ ?
સબકો સન્મતિ દે ભગવાન.

તમારી, એક વેળાની...

* ગાંધીજીના પુત્ર

** દક્ષિણ આફ્રિકા

## સ્પર્શવિલાસ...! | વીરુ પુરોહિત

(નઝ્મ)

હજારો અળસિયાં નીકળી જમીનથી જાણે,
ફૂલોની જાજમે આળોટી રહી સુખ માણે !
હતી લજામણી; પણ સ્પર્શસુખે ખૂલી'તી,
હું એ ઉન્માદી અવસ્થામાં ભાન ભૂલી'તી...
તેં મને જ્યારે પ્રથમ ચૂમી'તી !

નદીમાં છું અને મત્સ્યો કરે છે ગલગલિયાં,
કે મારી ભીતરે શિશુઓ કરે છે છબછબિયાં !?
ફરે છે બેઉ હથેળીનાં મૃદુ પોલાણે –
ફફડતું ચકલીનું બચ્ચું કે હૃદય; તું જાણે !
આવી અસંમજસે હું ઊભી'તી...
તેં મને જ્યારે પ્રથમ ચૂમી'તી !

મને તો થાય છે : અંગૂરનાં ઝૂમખાં શી લચું;
કહે તો સ્પર્શ પર તારા, હું મહાકાવ્ય રચું !
'કુમારસંભવમ્' પેટારે પૂરી તાળું દે !
બધા ભૂલી જશે 'વસંતવિલાસ ફાગુને !
હું એવા તૉરમાં વળૂંભી'તી...
તેં મને જ્યારે પ્રથમ ચૂમી'તી !

નથી વાળી શકાતું મનને બીજી કોઈ વાતે;
સ્મરું છું એ ક્ષણો હું જ્યારે મુગ્ધ એકાંતે –
ઊઠી રહે છે તારી મ્હેક મારાં અંગોથી,
'ને સતત ભીતરે ઘેરૈયા રમે રંગોથી !
હું પછી ઉત્સવ બની ચૂકી'તી...
તેં મને જ્યારે પ્રથમ ચૂમી'તી !

## સ્હેજ મોડા પડ્યા | હર્ષદ ચંદારાણા

ત્રાજવે સ્થિર થવા સ્હેજ મોડા પડ્યા,
માછલી વીંધવા સ્હેજ મોડા પડ્યા.

હર શિખર થોભતી 'કેમ છો ?' પૂછતી
આ જતી રહી હવા, સ્હેજ મોડા પડ્યા.

ક્યાં ગયા બંધને બાંધતા, રોકતા –
આ નદી પી જવા સ્હેજ મોડા પડ્યા.

સૂર્ય ડૂબી ગયો, ચન્દ્ર નભમાં નથી –
તેજને ઝાલવા સ્હેજ મોડા પડ્યા.

આમ આગળ હતા, કેમ પાછા પડ્યા ?
દોડમાં ઝાંઝવાં સ્હેજ મોડાં પડ્યાં.

આમ મોડા થવા હોડ રહી ચાલતી –
રોજ માણસ નવા સ્હેજ મોડા પડ્યા.

## સાંભરણ | જગદીપ ઉપાધ્યાય

પરાપૂર્વથી વડવા મારા વસતા'તા મમતાળું જળ પંથકમાં
જળવશ આખું ગામ હતું; ઘર ભીંજાતું'તું ખુશીઓની છાલકમાં.

તળાવ જેવા ફળિયે આવી પડોશણો મૂકતી'તી ટહુકા તરતા
દાદી ધખતા તોય અમે સૌ લાડ કરીને જળમાં એ ઢબઢબતા
ઝાકળ, ફૂલે ને એ કેવી હતી મજાઓ કૂણેરા કંટકમાં !

વસ્યા શહેરના રણમાં આવી બે'ક પાંદડે થવાની ખટખટમાં
ખબર વતનથી આવે; જળમાં ફાટ પડી છે, છે ફળિયું સંકટમાં
કરી રોકડું ઘરને લીધું ભાયુએ દઈ અમને ડૂમા હકમાં.

## હાથી | ઈન્દુ જોશી

એ હાથી
તેની ઉપર બેઠેલા મહાવતને માનવા દે છે કે
પોતે તેના અંકુશે છે.
કપાળે ને બંને પડખાં પર
સુંદર ચિતરામણ કરેલો
ને પોતાના રુઆબમાં મગરૂર
મારા ઘર પાસેથી પસાર થાય છે.
ગળામાં ઘંટડી લટકાવવા દીધી છે એણે મહાવતને.
પીઠ પર બેઠેલો મહાવત
જાણે કુંભમેળાનો સાધુ –
જાડા દોરડાના ગૂંચળા જેવા વાળ,
ગળામાં રંગબેરંગી માળા ને કેસરી ધોતી.
મને લાગે છે કે
આ વાળના દોરડાને કાપીને જ
બાંધતો હશે હાથીનો એક પગ પોતાને ઘેર.
હાઈવે પર જબરદસ્ત મોટું ટૅન્કર જતું હોય
ત્યારે નવાઈમાં તરબોળ જોનારાઓની આંખો

આવી જ લાગતી હોય છે
આ અહીં ઊભેલા
ને હાથી જોતા નાનકા છોકરા જેવી –
જાણે નવાઈરૂપી વરસાદમાં નહાતો આનંદ.
એ નાનકાને હું તેડી લઉં છું
ને જતા હાથીની હજીય નાની થતી
પૂંછડીને જોતી
આછા થતા ઘંટડીના અવાજને સાંભળું છું.

## તું મને ભૂલી જા ને | પ્રફુલ્લ રાવલ

ખબર છે નેપથ્ય જેવી નિરાંત ક્યાંય નથી !
એટલે તો નેપથ્યમાં તૂટેલી ખુરશીને ભીંતે અઢેલીને
ત્રીસ નંબરની બીડીનો કસ ખેંચી રહ્યો છું.
પડદો તો ઊઘડી ગયો છે
થોડી વારમાં તારસ્વરે સંભળાશે સંવાદો
ને ખરજના અવાજમાં ગવાતાં ગાયનો
એવા જ અવાજમાં કટ થશે
કેટલો સાહજિક છું હું નેપથ્યમાં મારા સત્ય સાથે
હમણાં મારે મારો પાઠ ભજવવા જવું પડશે
રંગમંચ પર
જ્યાં કોલાહલનું બેસૂરું સંગીત પથરાયેલું હશે !
સત્યને દૂર ફંગોળીને હું ભજવીશ મારો પાઠ
એટલે તો થાય છે નેપથ્યમાં જ રહું
સાચા શ્વાસ સાથે, સાચા સૂર સાથે
ભલે ભુલાઈ જાઉં લોકમાં
નથી ભજવવો મારે એકેય પાઠ
હું રહું મારી સાથે નેપથ્યમાં
હે ! રંગમંચ ! તું, મને ભૂલી જા ને !
પણ રંગદેવતા મને વિસારે પાડશે નહીં.

❑

# જદુનાથનો ઉંદર* | બિપિન પટેલ

**બ**ધાંએ પોઝિશન લઈ લીધી હતી. પ્રહાર કરવા હાથ લાગ્યાં તે શસ્ત્રો – તૂટેલા પાર્ટિશનનો ટુકડો, મોટું ડસ્ટર, પેપરવેઇટ, કૅન્ટીનવાળા દિનેશ પાસેથી સાણસીથી સજ્જ હતા. એમ તો દુશ્મનને ઝબ્બે કરવા એક જણ પાંજરું લઈને પણ ઊભો હતો. પાંજરામાં મૂકેલી રોટલી પર ઉત્સાહમાં હિંગ વધારે છાંટી હતી તેથી સહુ છીંકે ચડ્યા. હાલતાં ને ચાલતાં કવિતા ફટકારતા ખાસિયા લાભ આપતાં બોલ્યા, ‘શેરી કરે છીંકા-છીંક, એવી એની દાળનો વઘાર છે.’ કાનાબારને ચડી તે એનું મોં ચૂંટી લીધું, ‘દાળની ક્યાં મા પૈણે છે ? કશું નથી રહેવા દીધું દૈત્યે ! દાળ-ભાત ને ભેગી દવાઓ પણ ગપ કરી ગયો છે.’ કહી વચ્ચે પડેલા મુદ્દામાલ ભણી આંગળી ચીંધી.

એ જોષીપુરાનો આઇડિયા. એણે બધાને કન્વિન્સ કરતાં કહ્યું હતું, ‘એમાં શું છે કે, નુકસાનીનો ઢગલો જોઈને શત્રુ પર વાર કરવામાં જોસ્સો આવી જાય.’ એણે જ ટેબલે ટેબલે ફરીને અવશેષ ભેગા કર્યા હતા, જેવા કે, નાસ્તો તફડાવવા અર્ધા કાતરેલાં લંચબૉક્સ, વર્ષોના નિર્ણયની વેરાયેલી કરચોવાળાં ફાઈલબોર્ડ, ડસ્ટરના ગણી શકાય તેવા લીરા, ભગદાળાં પાડેલાં દરાજ અને કોફલેટ્સનાં ખાલી ખોખાં. ‘ખાંસી મટી ગઈ હશે મારા વાલાની’, કહી નાયકે આંખ મારી.

ખત્રીએ આલબેલ પોકારી એ પહેલાં ચિરાગે બધું ચેક કરી લીધું. બધી શાખાના દરવાજા ભીડેલા હતા. ધારે ધારે ગાભા ભરાવેલા. છાજલીઓ ખાલી કરી વચ્ચોવચ ફાઈલોના ઢગલા કરેલા. હરામખોર હવે ક્યાં સંતાશે? સાહેબની ચેમ્બરનો દરવાજો અધખુલ્લો હતો. એ તરફ બે સૈનિકો ઊભા રાખેલા.

ત્યાં જ દમયંતીની પાછળ સંચાર થયો. બધી નજર ત્યાં નોંધાઈ. શકરાજીએ છુટ્ટો ગાભો માર્યો. એની પૂંછડી પર પડ્યો. દોડીને દબોચી લે એ પહેલાં છટક્યો. દાતણીયાને નાગોલચાની પ્રેક્ટિસ તે વાંકા વળી સાણસી ફટકારી. પીઠ પર વાગી પણ ખરી. બધાએ હર્ષની કિલકારી કરી. ચીત થયેલા એને બીજો ઘા મારે એ પહેલાં એ બે ફૂટ ઊંચો ઊછળી, એણે કાતરેલા ઢગલા પરથી, પાંજરું લઈ ઊભેલા શાહ તરફ નાઠો. વાઘેલા દાતણીયા ઉપર ખિજાયો, ‘ટોપામાં કિલર્સ ઇન્સ્ટિક્ટ ન મળે.’ ‘બાપુ ઈ તો ગેઇમમાં જોવે’ ખરાડીએ પડકાર્યો. ‘આ યે ગેઇમ જ છે ને ટણપા. બાકી એક ઘામાં પતી જાત.’ ગભરાટમાં શાહના હાથમાંથી પાંજરું પડી ગયું. બધાં એની પાછળ દોડ્યાં. ધમાલ મચી તેથી સાહેબે ચેમ્બરમાંથી બૂમ મારી, ‘અલ્યા વાલજી, જો તો, આ કોણ ધબાધબ કરે છે ?’

*શીર્ષક સ્વ. લાભશંકર ઠાકર અને સુભાષ શાહલિખિત નાટક ‘ એક ઉંદર અને જદુનાથ’થી પ્રેરિત.

વાલજીએ દોડમદોડ સ્થળ પર આવીને હાથની મુદ્રાથી પ્રશ્ન કર્યો.

-જવાબ મળ્યો, દુશ્મન પર હુમલો કરતા હતા.

-પણ, કુણ કુનું દશ્મન ?

-અલ્યા જોતો નથી ? પાંજરું જોઈને ખબર પડી જવી જોઈએ.

-આંગળી લમણા પર ફેરવીને, 'હમ હમજોણું' કહીને સાહેબ તરફ દોડ્યો. કહ્યું, કશું નહી સાયેબ. ઉંદેડું ઝાલવા ધોડાધોડી કરતા'તા. ઈમ હાથમ આવતો હશ્યે ? મારો વાલો પૅક હોય.

-સાહેબ, 'ઓ ! નો ! વાલજી, જા ચેક કર તો, જદુનાથનો ઉંદર તો નથી ને ? કાલે સાંજે જ હેડ ઑફિસમાંથી ફેક્સ આવ્યો'તો. રાત્રે પણ મોટાસાહેબનો લાંબો ફોન હતો. આજે સર્ક્યુલર પણ કરવો પડશે. જા, મહેકમવાળા જોશીને બોલાવી લાવ.'

એકસામટા પ્રશ્નોના મારાથી વાલજી ગૂંચવાઈ ગયો. ઘટનાસ્થળે પહોંચીને બે વાક્યમાં સૂચના પહોંચાડી, 'જદુનાથનો ઉંદર પકડવાની સખ્ત મનાઈ છે. મહેકમવાળા જોશીભાઈ હાજીર હો !'

એકલા જોશીને બદલે બધા સરઘસ આકારે સાહેબની ચેમ્બરમાં પેઠા. સાહેબે જોશી સામે જોઈ, બધાંને પ્રશ્ન પૂછ્યો, 'શેની ધમાલ હતી ?'

-સાહેબ, એક નાના અમથા ઉંદરે ધોળે દહાડે તારા બતાડી દીધા. પકડીએ નહીં તો શું કરીએ ? કેટલું નુકસાન કરી નાંખ્યું ? એ તો દાતણીયાનો ઘા ફેલ ગયો, બાકી રામ બોલો ભાઈ રામ થઈ ગયો હોત.

-નો, નો, નો. એ જદુનાથનો ઉંદર હોય તો તમે એને ટચ ન કરી શકો. મારવાની તો વાત જ ન કરતા. કાયદો તોડવાની સજા વહોરશો. જુઓ આ ફેક્સ !

-જોશીએ ઝડપથી મનમાં વાંચી લીધો. સાથીઓ સામે જોઈ કહ્યું, 'સાહેબની વાત સાચી છે. જદુનાથની ઉંદર પ્રજાતિ નામશેષ થઇ રહી છે. સરકારે અભિયાન આદર્યું છે. જદુનાથના ઉંદરને બચાવવા આપણે સહુએ થાય તે કરી છૂટવું જોઈએ.'

જોશીપુરા વધારે ડાહ્યો તે ક્વેરી કરી, 'એ ઉંદર જદુનાથનો જ હતો એવું કયા આધારે કહી શકાય ? એનો કોઈ સંકેત ? ઍની ક્લેરિફિકેશન ?'

જોશીએ સાહેબ સામે જોયું. સાહેબે પહેલાં બારીમાં જોયું, પછી ઠરાવ હાથમાં લીધો, હોલ્ડરમાંથી પેન લઈ કાગળ પર આડા-અવળા લીટા કર્યા. અંતે એ મૂંગા સમૂહને ખુલાસો કર્યો, 'ઓ. કે. ઓ. કે. ઉપરથી સ્પષ્ટીકરણ મંગાવીશું. ટીલ ધેન, ત્યાં સુધી, ઉંદરજાતિના કોઈ પણ જીવને નાની અમથી પણ જફા ન પહોંચે તેની કાળજી રાખીશું.'

બધા વધારે ગૂંચવાઈને એક પછી એક ચેમ્બરની બહાર નીકળ્યા. એમની સાથે જ જતા જોશીને સાહેબે રોક્યા. ઘડિયાળમાં જોઈને કહ્યું, ' જુઓ, સાડા અગિયાર થયા. ચા ન પીધી હોય તો મગાવું. પણ આજે બે વાગ્યા સુધીમાં તાબાની તમામ કચેરીઓને સર્ક્યુલર ફેક્સ કરી દો.

- જી સર. પણ પ્રિસિડન્ટ નથી. ડ્રાફ્ટ કેમનો કરું ?

-તમારી અક્કલ ઘાસ ચરવા ગઈ છે ? નૂતન સરકારનો આ નવીનતમ ખ્યાલ છે. એનો પ્રિસિડન્ટ ક્યાંથી હોય ? તેમ છતાં લો, આ એસ.ઓ. ( સ્ટૅન્ડિંગ ઑર્ડર ) ફાઈલ. આવી જ કોઈ નૂતન યોજનાનો આધાર મળી આવે.

સર્ક્યુલરનો ડ્રાફ્ટ કેમનો કરવો એની મૂંઝવણમાં જોશી બ્રાંચમાં ગયા. હલ માટે શાખાના સભ્યો તરફ નજર ફેરવી. એ લોકો પણ મોં લટકાવીને બેઠા હતા. બધાંની ભેગી દાઝ કાઢતાં દાતણીયાએ શાખા અધિકારી જોશીને કહ્યું, ‘આ તે કેવો હુકમ ? પદરનું નુકસાન વેઠવાનું ? તુચ્છ ઉંદરડામાં, એવું તે શું ભાળી ગયા છે તે આટલો ઉપાડો લીધો છે ? સામૂહિક વિરોધ કરવો જોઈએ.’

-તારે સસ્પેન્ડ થવું હોય તો છૂટ છે. શું કહો છો બધા ? કોઈએ ‘હા’ કે ‘ના’માં જવાબ ન આપ્યો. થોડી ક્ષણના મૌન પછી શાહે ‘ચા’નું યાદ કરાવ્યું.

સાંજે ચાર વાગતાં દરેક શાખામાં સર્ક્યુલર પહોંચી ગયો. આખી ઑફિસ ચકરાવે ચડી. ચાલતી ગાડીએ ચડી જનારાઓએ આ નિર્ણયની ભૂરિ ભૂરિ પ્રશંસા કરી. ઘરેડમાં ઘરડા થયેલાએ વળી, ‘સરકાર ગાંડી થોડી છે ?’ એમ મન મનાવ્યું. થોડા જોષીપુરા જેવા પણ નીકળ્યા. એમણે શંકા કરી, ‘ લીગલી ટેનેબલ નથી. વલ્નરેબલ ટુ બી ચૅલેન્જ્ડ ઈન ધ કોર્ટ ઑફ લૉ. અમલવારી અઘરી જ નહીં, પણ અશક્ય છે.’

(૨)

મંત્રીશ્રીના બંગલાના ગાર્ડનમાં આગલી રાતે મંડપ બંધાઈ ગયો હતો. આકરા ઉનાળાનો દિવસ હતો. સવારના આઠ વાગ્યામાં તો તીખો તડકો ચળાઈને નીચે ઊતરતો હતો. વહેલાં આવનાર, જે ઝાડ નીચે છાંયો હતો ત્યાં ગોઠવાઈ ગયાં હતાં. મોડાં આવનાર, નાછૂટકે સૂરજની સાખે બેઠાં હતાં.

માનવમહેરામણ જોઈને મંત્રીશ્રીની ચાલ તેજ થઈ. એમની હારોહાર ચાલવા મથતા અધિકારીને કાનમાં કહ્યું, ‘ ‘જદુનાથની યોજના’ પછી આપણો ગ્રાફ ઊંચો જતો જાય છે. લોકો તરફથી સારો આવકાર મળી રહ્યો છે.’ અધિકારીએ સાચવીને કહ્યું, ‘સાહેબ, બે જાતની વાતો સંભાળવા મળે છે. જોકે, આપની વાત વધારે સાચી લાગે છે. આજની ચિઠ્ઠીઓ વિષયવાર અલગ તારવી છે. મોટેભાગે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો છે.’

-ન બને.

-હા સર, આમ તો ન બને, કારણ ગૃહવિભાગ આપની પાસે આવ્યું પછી નાનું છમકલું પણ નથી થયું. છતાં, બધાંએ શું કહેવું છે તે પહેલાં સાંભળી લઈએ.

બેઠા પછી, તૈયાર કરેલા ફોલ્ડરમાં સાહેબે મોટી મોટી નજર ફેરવી લીધી. અધિકારીને સૂચના આપી, ‘દરેક વ્યક્તિને એની વાત એક મિનિટમાં પૂરી કરવા કહો, જેથી વધારે લોકોને ન્યાય મળે.’

અધિકારીએ અરજદારોનાં નામ બોલવા માંડ્યાં:

પહેલા અરજદારે કહ્યું, ‘માનનીયશ્રી, મંત્રીસાહેબ, જદુનાથવાળી યોજનાની અમલવારી પછી મારી બિલાડીઓ મફતમાં આપી દેવી પડી. વખત છે ને, એ ઉંદરમામાની

હત્યા કરે તો પાંચ વર્ષની સજા મને પડે. અને સાહેબ, ઘરવખરી તો અમારે જ સાચવવાની ને ? મૂષકરાજથી બચવા બેય જણ વારાફરતી ઉજાગરા કરીએ છીએ. તેથી પેટસફાઈની રામાયણ થાય છે.

-ભાવનગરવાળા શેઠ બ્રધર્સનું કાયમ ચૂર્ણ લો. ખુલાસીને થઈ જશે. અધિકારીએ ચિંતાથી કાનમાં કહ્યું, ‘ચોક્કસ કંપનીનો પ્રચાર ગણાશે. વિરોધપક્ષને મુદ્દો મળી જશે.’

-તો પછી આપણા આયુર્વેદ વિભાગની ‘નિર્મળવટી’ લેવાનું કહીએ.

-એક જિલ્લામાં પહોંચે તેટલો જ સ્ટૉક છે.

-પ્રોડક્શન વધારી દો. વેર ધેર ઈઝ અ વિલ, ધેર ઈઝ અ વે.

-એમની અંદરોઅંદર પ્રશ્નોત્તરીથી કંટાળેલા અરજદારે પૂછ્યું, ‘તો મારે શું કરવાનું ? જાગતા રહેવાનું ?’

-થોડા દિવસ વેઠી લો. નો ગેઇન વિધાઉટ પેઇન. તમને પત્રથી જાણ કરીશું. અને બિલાડીવાળી વાતમાં, મેં સાંભળ્યું છે, એક ઔષધ બજારમાં છૂટથી મળે છે. દૂધમાં મેળવીને બિલાડીને પાવાથી એની આક્રમકતા ઘટશે.

સમૂહમાંથી કોઈક બોલ્યું, ‘માણસોને ટાઢા પાડવા પણ ખપમાં લઈ શકાય.’

સાહેબે ઘડિયાળમાં જોયું. બબડ્યા, ‘ત્રણ મિનિટ લીધી. નેક્સ્ટ ?’

- સાહેબ મારો પપ્પુ પહેલી ટર્મમાં ચાર વિષયમાં ઊડ્યો.

-કઈ શાળામાં ભણે છે ? બધા શિક્ષકોને સસ્પેન્ડ કરી દો.

-અધિકારીએ પૂર્તિ કરી : સાહેબ, શિક્ષકોની અર્ધી જગ્યાઓ ખાલી છે.

-ઓ.કે. ઓ.કે, પણ એમાં કાયદો-વ્યવસ્થાનો પ્રશ્ન શી રીતે થાય ?

-એમ નહીં સાહેબ. ખાઈ ખાઈને જદુનાથના ઉંદર ભફલા જેવા થઈ ગયા છે. ગટરમાંય સમાતા નથી. સવારના પહોરમાં મારા વ્હાલા અમારા ગાર્ડનમાં રમતે ચડે. મારો પપ્પુય એમના વાદે ગાર્ડનમાંથી બહાર જ ન નીકળે, બોલો સાહેબ.

-પપ્પુના ટ્યૂશન માટે વ્યાજમુક્ત લોનનો પ્રબંધ કરો.

-સાહેબ, ટ્યૂશન જેવી ગેરકાયદે પ્રવૃત્તિને રાજ્ય ઉત્તેજન ન આપી શકે, અધિકારીએ સજેસ્ટ કર્યું.

-તો પછી ભાઈ, તમારા પપ્પુને રૂમમાં પૂરી દો. જરા કડક થાઓ. જુઓ રાજ્યમાં કેવાં અમન (ઑડિયન્સમાંથી સાહેબનું નામ ‘ચમન’ ઊછળ્યું ) અને શાંતિ છે ?

સાહેબ ઉકેલ આપે તે પહેલાં, એક ક્રુ કટ વાળ, જીન્સ, રેડ શર્ટ, કાળી ફ્રેમનાં ચશ્માં પહેરેલો, હાથમાં ડાયરીવાળો એક માણસ ઊભો થઈ ગયો. એ પ્રશ્ન રજૂ કરે તે પહેલાં બેઠેલામાંથી કોઈક બોલ્યું, ‘સાહેબ, એ લાલિયાને છેલ્લે રાખો. રાડો પાડી પાડીને લાંબું લાંબું બોલશે.’ એણે ગુસ્સામાં પાછળ જોયું, ને શરૂ કર્યું, ‘સાહેબ સુધરાઈવાળાએ ઘરજાળી પરથી પથ્થર ઉઠાવી લીધા છે. મારાં વાઇફને સમજાવી ગયા હતા કે, ગટરમાં મૂષકરાજને ગૂંગળામણ થાય છે. મને ખબર નહીં, ને એક દિવસ સ્નાન કરતો હતો ને જદુનાથભાઈ ચૂંચળી આંખે મને ધારીને જોતા હતા. સાહેબ, હું તો વિમાસણમાં મુકાઈ ગયો. આપને તો ખબર છે, બાથરૂમમાં આપણે કેવી સ્થિતિમાં હોઈએ !

-શટ અપ. અભદ્ર ભાષા કેમ બોલે છે ? સિડિશન ઠોકી દઈશ.

-પણ, સાહેબ, એમાં ક્યાં રાષ્ટ્રદ્રોહ.......

-દલીલ કરે છે પાછો ? અમુક રીતે નહાવું ભારતીય સભ્યતાથી વિરુદ્ધ ગણાય. ધાર્મિક ભાવનાવાળા નાગરિકોમાંથી કંઈક શીખ. વસ્ત્ર પહેરીને નહાવામાં શો વાંધો ? એ બિચારા જીવમાં ક્યાં બુદ્ધિ હોય છે ? ચૂપચાપ બેસી રહેશે.

-સર, એવું નથી. સંશોધકો કહે છે, એ માણસ જેટલું જ બુદ્ધિશાળી પ્રાણી છે.

-તારું સંશોધન તારી પાસે રાખ. સિક્યોરિટી આને બહાર કાઢો. આવા સિલિ પ્રશ્નો ન એલાઉ કરશો, એમ કહી અધિકારીને ખખડાવ્યા. સૂચન કર્યું, માત્ર શહેરનાં લોકોને જ કેમ તક આપો છો ? આપણાં ગ્રામજનો તો ઘણાં દેખાય છે. એમાંથી કોઈક ?

અધિકારીએ એક ખેડૂતને ઊભા થવા ઇશારો કર્યો. ફાળિયું સરખું કરી એની આપવીતી કહીઃ

સાહેબ, ખેતરે ખેતરે પાર વગરનાં દર કરી દીધાં છે. વાવણી પહેલાં ખેતર કેમનું ખેડવું ? મારા કાકાના દીકરા બળદેવે હળ ફેરવ્યું ને ચારપાંચ ઉંદેડાને નઈ જેવું વાગ્યું, એમાં એને બે વરસની જેલ પડી. સાહેબ, ઉંદેડાએ બાકી મેલેલી જગ્યા ખૂરપીથી ખોતરીન વાવણી કરીએ છીએ. પણ ખળામાં અનાજના ઢગલા ફેંદી નોખી પારાવાર નુકસાન કર છ.

-ચોકીદાર રાખી લો.

-શહેરવાળોએ બધા ચોકીદાર બોટી લીધા છ. અન એટલા પૈશ્યા ચ્યોંથી લાઈએ ?

-થોડા ઉદાર થાઓ. કિરતારે પૃથ્વીના દરેક જીવના અન્નની વ્યવસ્થા કરી છે. એમાં સાથ આપો, પુણ્ય મળશે.

-હાચી વાત, મારા બાપા કહેતા, ચોર ઓલે ન મોર ઓલે પકવીએ છીએ.

-અલ્યા ચોર કોને કહે છે ? જદુનાથનો ઉંદર, આખી ઉંદરજાત પૂજનીય છે. સમજાયું ?

બાકીની રજૂઆતો કચેરી કક્ષાએ ચકાસીને પ્રત્યુત્તર પાઠવવા સૂચના આપી લોકદરબાર પૂરો થયેલો જાહેર કર્યો.

(૩)

મીઠુ મહારાજની રામકથામાં કાયમ તો ઉંમરલાયક શ્રોતાઓ આવે. પણ આજે વાત જુદી હતી. મૂષકરાજની કથા કરવાના છે, તેથી યુવાન ચહેરાઓ પણ મોટી સંખ્યામાં દેખાતા હતા. સહુને એ જાણવાની જિજ્ઞાસા પણ ખરી કે, સરકારે કંઈ લોલમલોલ યોજના દાખલ નહીં કરી હોય. ક્યાંક ને ક્યાંક ધર્મમાં એનો આધાર હશે. શક્ય છે મીઠુ મહારાજને કન્સલ્ટ કર્યા પણ હોય. બે નવી વાત જાણવા મળશે અને સરકારનો ઇરાદો પણ.

મહારાજે ગઝલના શેરથી પ્રારંભ કર્યોઃ

**કીડી સમી ક્ષણોની આ આવજાવ શી છે,**
**મારો સ્વભાવ શું છે, મારો મિજાજ શું છે.**

શુક્લબાપાએ સરસ કાવ્ય કર્યું છે. એનો મર્મ પછી સમજાવીશ. રાજકારણીઓના રોટલા શેકવા આપણે એકઠા નથી મળ્યા, કે નથી એમનું સ્તુતિગાન કરવા. મને તો રસ એ વાત જાણવામાં છે કે, જદુનાથના ઉંદરની પ્રજાતિ નામશેષ થવા બેઠી છે ? એમ થતું રોકવાની શી જરૂર ? શું માનવજાત માટે એ કલ્યાણકારી છે ? ધર્મને આધારે એ ઉકેલું તે પહેલાં એક વાર્તા કહું:

પુરાકાળની આ વાત છે. એક ઋષિ ધર્માર્થે બહાર ગયા હતા. ત્યાં એક નાની અમથી મૂષિકા એમની સાથે થઈ ગઈ. ઋષિને થયું ભલે આવતી. એનો માર્ગ આવે જતી રહેશે. પણ એ તો છેક આશ્રમના પ્રવેશદ્વાર સુધી આવી. આશ્રમની બિલાડીઓ ઋષિને જોતાં જ મિયાંઉં, મિયાંઉં કરતી એમના પગમાં વીંટળાઈ ગઈ. ત્યાં જ ઋષિની ચાખડી પર છુપાઈને બેઠેલી ઉંદરડી જોઈ ન જોઈ ને બિલાડીઓની વૃત્તિ જાગી ઊઠી. એનો મિયાંઉં અવાજ મોટો અને ઘોઘરો થયો. ઋષિ ચેતી ગયા. કમંડળમાંથી જળ લઈ, મંત્ર ભણી પેલી ઉંદરડી પર છાંટ્યું. ઘડીકમાં જ ઝાંઝર ઝમકાવતી નાનીશી કન્યા એમની સંમુખ થઈ. બિલાડીઓ તો ઘૂરકવાનું મૂકી એ કન્યા સાથે ગેલ કરવા લાગી.

પછી તો ઋષિનો એકલ સંસાર ભર્યો ભર્યો થઈ ગયો. બાળા સાથે આનંદ આવતો હતો. જોતજોતામાં રૂપરૂપનો અંબાર... એ પરણવાલાયક થઈ. ઋષિને થયું એનાં લગ્ન કરી સંસારજાળથી મુક્ત થાઉં. કન્યાને પૂછ્યું, તો કન્યાએ શરત કરી, સૂર્ય જેવા કોક પ્રતાપી પુરુષને વરું. એમણે સૂર્યદેવને તેડું મોકલ્યું. સૂર્યદેવને વીનવ્યા, આપ સમ પ્રતાપી પુરુષ જગતમાં કોઈ નથી. આપ મારી સુંદર, સુશીલ કન્યાને વરો. સૂર્યદેવ કન્યાને જોતાં જ મોહિત થયા. પણ એમણે કહ્યું, ‘હું પ્રતાપી ખરો, પણ મારાથી બળવાન વાદળ. એ મને ઢાંકી દઈ મારી શક્તિ હરી લે.’

વાદળને બોલાવ્યું તો કહે, પવન મારાથી પ્રતાપી. વરુણદેવ વેગે વહી મને દૂર-સુદૂર ખેંચી જાય ને હું એક ડગલું આગળ ન વધી શકું. વાયુદેવને તેડાવ્યા તો, એ આપબળે પળમાં હાજર. કન્યાને જોઈ એની આસપાસ વહેવા લાગ્યા. ઋષિને થયું, વરુણદેવ એમના જમાઈ થશે. પણ થયું એવું કે વરુણદેવ પણ છૂટી પડ્યા. એમણે કહ્યું, પર્વત મને પણ મહાત કરે. વેગે વહેતો હું, પર્વત આડો આવે ને નિર્બળ થઈ જાઉં. એક તસુ આગળ ન વધી શકું. એમ કરો ઋષિરાય પર્વતને તેડાવો.

પછી ઋષિએ રાજાધિરાજ પર્વતરાજને વાજતેગાજતે તેડાવ્યા. એમને કન્યાને વરવા પ્રેમાગ્રહ કર્યો. પર્વતરાજ કહે, સૃષ્ટિનાં સર્વ તત્ત્વોમાં હું શક્તિશાળી ખરો, પણ, નાના અમથો ઉંદર મારાથી પણ બળિયો. એની સામે મારું કંઈ ન ચાલે. એ ધારે તો ગણતરીના દિવસોમાં મને ખોતરી ખોતરીને માટીનો ઢગલો કરી દે. જગ સમસ્તમાં પ્રતાપી તો ઉંદર. આખરે ઋષિએ મૂષકરાજને લાવવા સેવકોને મોકલ્યા. મૂષકરાજને આશ્રમમાં પ્રવેશતા જોયા કે પેલી કન્યા થનગન થનગન કરવા લાગી. પળમાં જ પગનાં ઝાંઝર, ડોક પરનો હાર અને સુંદર વસ્ત્રો અદશ્ય થયાં, ને વર્ષો પહેલાં લાવેલા તે ઉંદરડી સાક્ષાત થઈ. ઋષિ સહિત આશ્રમનાં સહુ હસવે ચડ્યાં. પછી તો બંનેનાં ધામધૂમથી લગ્ન કર્યાં.

અતિ પ્રાચીન આ કથાનો મર્મ કહો, કે ગહન અર્થ એ છે કે, જગતના પ્રત્યેક જીવની મૂળ પ્રકૃતિ લાખ પ્રયત્ને પણ બદલાતી નથી. અને વિશેષ ધ્યાનાર્હ વાત એ છે કે, જગતનો સહુથી બલિષ્ઠ જીવ મૂષકરાજ છે. તેથી જ દેવોના દેવ ગણપતિજીએ એને એમનું વાહન ગણ્યું છે. કોઈ પણ અવરોધને પાર કરવાની એની શક્તિને ગણપતિજીએ પ્રમાણી છે.

આપ સહુને મારે એ કહેવું છે કે, આપણા વહીવટદારોમાં જેને પણ આ સૂઝ્યું હશે તે કોટિ કોટિ વંદનને પાત્ર છે. હું અહીં આ કે તે પક્ષ કે સરકારનું સમર્થન નથી કરતો. પરંતુ માનવજાતિના પડખે સાક્ષાત્ શક્તિ જ જો ઊભી રહે તો, બહારની તાકાતો પરાસ્ત થાય અને પ્રજા ચેતનવંતી થાય. તે થકી સર્વ ક્ષેત્રોમાં રાષ્ટ્રનો જય થાય તે નિશ્ચિત જાણવું.

મારે તમને સમજાવવાનું ન હોય કે જદુનાથના ઉંદરને નાનીશી ઈજા કરવાની કેમ મનાઈ ફરમાવી છે ! આ જદુનાથ કોણ, એનાં મૂળ શોધવા મથશો નહીં. જદુનાથ તો અહીં પ્રતીક સમજવાનું. તમે, હું અને જગતનાં સહુ જદુનાથ છીએ, જેનો મુખ્ય અને મૂળ ધર્મ મૂષકરાજની રક્ષા કરવાનો છે. બોલો મૂષકરાજની જય !

અને છેલ્લી વાત. તમને થશે, એમ કરતાં મૂષકરાજની વસ્તી વધે તો મહાપ્રશ્નો સર્જાય. નિયંતા પર ભરોસો રાખો. એ જો સમસ્યા ઊભી કરશે તો એનો ઉકેલ પણ એ જ આપશે. બોલો રામકૃષ્ણ ભગવાનની જય ! બોલો મૂષકરાજની જય ! બોલો સહુ જીવોની જય !

એક વાત કહેવાની રહી ગઈ, તે કહીને આજની કથા પૂર્ણ કરું. કેટલાક સાધકો શંકિત છે કે, એમનાં ઘરોમાં મૂષકરાજ થકી થતા નાનાં-મોટાં નુકસાન જોઈ ક્યારેક- આમ તો સહુ સંયમ વર્તે છે – પિત્તનો પ્રકોપ વધી જતાં એ જીવ પર મનમાં હિંસાભાવ જાગે છે. મહારાજ, એનું શમન કરવાનો કોઈ ઉપાય ખરો ?

મેં એમને સાદો અને સહેલો ઉપાય બતાવ્યો. તામસી પ્રકારના આહારનો ત્યાગ કરવો. જેમ કે, કાંદા, લસણ વગેરે. એક બીજો ઉપાય પણ છે. ધ્યાન માટે મોટી સાધના જરૂરી છે. આપ સહુમાં એટલાં ધીરજ અને ક્ષમતા ન પણ હોય. એના કરતાં તદ્દન સરળ યોગાસનોનો નિર્દેશ કરું. પ્રતિદિન પ્રાતઃકાળે હોમકાર કરો. સમયની કોઈ અવધિ નથી. પોતાની શક્તિ, ઇચ્છાનુસાર કરી શકાય. બીજો, ભ્રામરીનો પ્રયોગ છે. એમણે ભ્રામરીનું નિર્દેશન કર્યું. તેથી ચિત્ત શાંત થશે, વિકાર નહીં રહે અને સૃષ્ટિના સર્વ જીવો માટે કરુણાભાવ જાગશે. બોલો રામચંદ્ર ભગવાનની જય !

(૪)

'જદુનાથનો ઉંદર સુરક્ષા યોજના'ની આજે વાર્ષિકી છે. સરકારી કચેરીઓ સહિત જાહેર, ખાનગી સર્વ ઑફિસો અને સ્થળો પર ઉત્સાહભેર વિવિધ કાર્યક્રમો યોજી વાર્ષિકી ઊજવવા સબબ, તંત્ર તરફથી વહીવટી સૂચના આગોતરી પાઠવી દેવામાં આવી છે.

શહેરનાં બધાં વર્તમાનપત્રોએ વિશેષ પૂર્તિઓ ઉપરાંત યોજનાની સમાજમાં અસરોના અહેવાલ પ્રગટ કર્યા છે. જેમ કેઃ

બાગાયત ખાતાની કચેરીમાં પ્રવેશતાં જ સો, અઢીસો અને પાંચસો ગ્રામની અનાજની કોથળીઓની થપ્પીઓ મારેલી જોવા મળી. દરેક કોથળી પર અનાજના દાણા કરકોલતા ઉંદરનું ચિત્ર અને 'વિના મૂલ્યે'ની સૂચના લખી હતી. આખી ઓફિસ લોખંડથી મઢી દીધી હોય તેમ, રાઈટિંગ ટેબલ, ખુરશીઓ, કબાટ, સ્ટૂલ એમ નજરે પડે તે પ્રત્યેક વસ્તુ લોખંડની. સાહેબનું ગૌરવ જાળવવા એમનું ટેબલ ટૉપ સ્ટીલનું હતું. ઑફિસના દરેક કર્મચારીએ પગરખાં કાઢીને ટેબલના ખાનામાં મૂકેલાં. કારણ પૂછતાં જણાવ્યું કે, ભૂલમાં પણ ઉંદરમામા પર પગ પડે તો, સ્પર્શ થતાં જ પગ ઉપાડી લેવાય. વારેવારે ફાઈલ શોધવા તિજોરી ખોલ-વાખ કરવાને કારણે થતા કિચૂડાટના સતત અવાજથી માથું દુઃખી આવતાં, અમુક કર્મચારીઓએ કપાળે કસીને હાથરૂમાલ બાંધેલા. ફાઈલો ઝડપથી હાથવગી ન થવાથી રોજની દોઢ ટપાલ ઓછી નિકાલ થાય છે. જડબેસલાક વ્યવસ્થાને કારણે આ કચેરી સહિત શહેરની બધી કચેરીઓમાં હવે મૂષકરાજ દ્વારા માલસામાન નુકસાનની ફરિયાદો નથી થતી. બધા કર્મચારીઓને પલાંઠી વાળીને બેસવાનું ફાવી ગયું છે. આરંભમાં ગણગણાટ કરતાં સહુ હવે ઉંદરમામા સાથે ગેલ કરતાં જોવા મળ્યાં હતાં. સરકારી અને ખાનગી બધી કચેરીઓમાં ઓવરઓલ રાબેતા મુજબ ગોઠવાઈ ગયો છે.

અથવા તો, જાહેર બગીચામાં એકલદોકલ જોવા મળતાં દરની સંખ્યા એટલી બધી વધી ગઈ છે કે જમીન અને દરનો ભેદ ભૂંસાઈ ગયો છે. મોજ કરતાં યુગલોને સાચા માર્ગે વાળવા રચેલા 'સત્યાગ્રહી સ્ક્વૉડ'ની સંખ્યા ઘટવાને કારણે આ વર્ષનું અર્ધું બજેટ સરેન્ડર કર્યું છે. એ કામ હવે ઉંદરમામા કરે છે. મોજીલાંઓને ઠરીને બેસવા વેંત જગ્યા નથી રહેવા દીધી. ભોગેજોગે, તોપણ બેસે તો ચૂં ચૂંનો ગુંજારવ કરી પ્રેમીઓના કાને પરસ્પરનો શબ્દ કાને ન પડવા દે.

એક બીજું કૌતુક એ જોવા મળ્યું કે, બગીચામાં જનમિત્રો અને અન્નપૂર્ણાઓ પ્રત્યેક દર પર સમયાંતરે ખાદ્ય પદાર્થો વેરતાં જોવા મળ્યાં હતાં. વધારે ખોતરતાં જાણવા મળ્યું કે, તંત્ર દ્વારા આખા શહેરમાં આ સદ્પ્રવૃત્તિ વિસ્તારવા માટે ખાસ 'અન્નપૂર્ણા' સેલની રચના કરી છે.

વળી, એક અહેવાલ તંત્રના સુશાસનનો પણ હતો. 'જદુનાથનો ઉંદર સુરક્ષા' યોજનાની અમલવારી પછી પ્રજાતિની વસ્તીમાં ભારે વધારો થતાં તંત્ર દ્વારા નવતર વ્યવસ્થા અમલમાં મૂકાઈ છે. આ માટે શહેરની પડતર જમીન અને શહેરના છેવાડેના ઉજ્જડ પ્રદેશને ખપમાં લેવાનું નક્કી કર્યું. જદુનાથના વારસોને ત્યાં દોરી જવા માટે 'રંગીલા'ની ખાસ ટુકડીઓની રચના કરી છે. દરેક સભ્યનો ડ્રેસ ફેન્સી પ્રકારનો ઠરાવ્યો છે. ફૂમતાવાળી રંગીન ટોપી, વિદૂષકનો ડાગલો, નીચેની તરફ ચસોચસ ફિટ પાયજામો– કારણ કે નિર્દોષપણે ઉંદરમામા ઊર્ધ્વગતિ કરે તો મુશ્કેલી ન થાય – અને વાંસળી. આવા એક વાંસળીવાળાના હાથ, ખભા, ટોપી એમ જ્યાં જગ્યા મળી ત્યાં જુનિયર, સિનિયર જદુનાથોએ જમાવી દીધી હતી. એમનાં સંખ્યાબંધ અન્ય કુટુંબીજનો પણ વાંસળીવાળાની પાછળ ચાલ્યા આવતા હતા. એની મધુરું વાગતી વાંસળીના સૂરે ઘેલાં

થયેલાં પ્રજાજનો બધાં કામ પડતાં મૂકીને એકચિત્ત થઈને સાંભળતાં જોવા મળ્યાં. સ્થળ પર પહોંચતાં સુધીમાં અગણિત વાંસળીવાળા, ગણ્યા ગણાય નહીં તેટલા ઉંદરમામા અને નાદમય સૃષ્ટિ માણવા શહેરનાં રસિકજનો ઊમટ્યાં હતાં. સરકારી સૂત્રોનો સંપર્ક કરતાં માહિતી મળી કે સૂરઘેલાં નગરજનોમાં નશાખોરીનું પ્રમાણ નોંધપાત્ર પ્રમાણમાં ઘટ્યું છે.

એક અહેવાલમાં નોંધ્યું છે કે આ યોજનાના સમાજમાં બહોળા સ્વીકાર પછી પણ તંત્રએ કોઈ કચાશ નથી રહેવા દીધી. કેટલાંક વાંકાં અને માથાફરેલાં શહેરીજનો ઉંદરમામાને નાની અમથી ઈજા ન પહોંચાડે તે માટે 'સુરક્ષા ફોજ' સ્વયંભૂ ઊભી થવા દીધી છે. આ ફોજના સદસ્યો એમના નિયત સફેદ પોશાકથી ઓળખાઈ જાય. દરેકના હાથમાં મૂષકની ધાતુની પ્રતિકૃતિ હોય છે. કૂચ કરતાં એ લોકો બાજનજરે ચોમેર જુએ. ઘવાયેલો મૂષક નજરે પડતાં જ ઔષધમંજૂષામાંથી શીશી લઈ, એમાંથી દ્રવ્ય છાંટે અને પળમાં જ મૂષક દોડવા લાગે. 'સુરક્ષા ફોજ' સમસ્યાનાં કુળ ને મૂળ સુધી જઈ, હરકત કરનારને શોધી કાઢે, એને ગાંધીચીંધ્યા માર્ગે સમજાવે, તેમ છતાં પરિણામ ન આવે તો, નાછૂટકે બળપ્રયોગ કરી સંબંધિત ને શમનદ્રવ્યનો એક ડોઝ પિવડાવે. થોડા સમયમાં જ એની આક્રમકતા નોંધપાત્ર પ્રમાણમાં ઘટતી જાવા મળી.

પછીના ત્રણ દિવસનું દ્રવ્ય એના કુટુંબને આપી એને પાવા તાકીદ કરે.

'સુરક્ષા ફોજ'ના સ્તુત્ય પ્રયાસથી શહેરના કોઈ પણ ખૂણે ઈજાગ્રસ્ત ઉંદર જોવા મળતા નથી. આ કાર્યક્રમની સફળતાથી પ્રોત્સાહિત થઈને તંત્ર દ્વારા શહેરના પ્રત્યેક ચાર રસ્તા પર શમનદ્રવ્ય, વિના મૂલ્યે વહેંચવા માટે ખાસ કેન્દ્રો શરૂ કર્યાં છે.

એક વર્તમાનપત્રએ પ્રજાની નાડ પારખવા પાનના ગલ્લા, નુક્કડની ટોળીઓ અને ઘાટની મુલાકાત લીધી. યોજના બાબતે અહીં જુદી જ વાત સંભાળવા મળી. મીઠુ મહારાજની કથામાં નહીં ગયેલો એક જણ હજુ પણ, જદુનાથ કોણ, એ વાતે ગાંડા જેવા પ્રશ્નો કરતો હતો. તો બીજો, યોજનાની જરૂર બાબતે વાંધો પાડતાં કહેતો હતો કે, પ્રકૃતિનો નિયમ છે, મોટું નાનાને મારે, એમાં તંત્રએ માથું મારવાની શી જરૂર હતી ? તો વળી, એક જણે મૌલિક તારણ આપ્યું કે, શહેરનાં સહુ, પશુ, પંખી, એમ કહો કે, સઘળાંમાં કરુણાભાવ જાગ્યો છે. હિંસા નામની જ રહી છે. સરકાર ધારે તો સારાં કામ થાય જ છે.

(૫)

હું અને તનુ હીંચકે બેઠાં હતાં. એણે બીતાં બીતાં મને પૂછ્યું, 'આપણે જદુનાથનું એક જોડું પાળીએ તો કેવું ? પૈસોય ખરચવાનો નથી. 'મૂષક સુરક્ષા કેન્દ્ર' પરથી મફત લઈ આવવાનું.'

એની ધારણા પ્રમાણે મેં ચોખ્ખી ના પાડતાં કહ્યું, 'બે રૂમ, રસોડાના મકાનમાં નવા મહેમાનને ક્યાં રાખીશ ?'

પણ, આજે એ બરાબર તૈયારી કરીને આવી હોય એમ મને મહાત કરતાં ઉત્તર વાળ્યો, 'સાંકડમાકડ રૂમ, રસોડાના મકાનમાં રહેનારાય આજકાલ જદુનાથની જોડી

લાવે છે. ભાવના હોય તો બધું થાય. બચાડા જીવ સહુમાં કેવા ભળી જાય છે ?એને ક્યાં જુદો બેડરૂમ જોવે છે ? બેસવા જેટલી જગ્યા હોય એટલે ઘણું. મોટા બંગલાવાળાની જેમ આઈ.પી.એલ. ક્રિકેટ ટીમ લાવવાનું નથી કહેતી. મારી આટલી વાત ના માનો ?'

મેં મારો નન્નો ચાલુ રાખતાં કહ્યું, 'તને ખબર તો છે, એ મને દીઠા નથી ગમતા, ગંધાતા સાલા.'

-ગણપતિ ભગવાનના વાહનને ગંધાતા કહેતાં લાજેય ના આઈ ?

મેં વાત ડાઈવર્ટ કરતાં એને પૂછ્યું, 'સારું, તમારી કિટીપાર્ટી શું કહે છે ? જદુનાથની વાતો કરો છો કે પછી બીજી ચોવટ ?

એ ઉત્સાહિત થઈ ગઈ. સોફામાં પલાંઠી વાળી બેસી, કથા માંડી હોય એમ શરૂ કર્યું, 'પેલી નીલમ છે ને ? એણે ઢગલો ઉંદર પાળ્યા છે. મોટું પાંજરુંય લાવી છે, એમને સાચવવા. જોકે, દરવાજા રાત-દહાડો ખુલ્લા રાખે છે. એમ ભગવાનને પૂરી થોડા રખાય ? એ ખાય એ બધું એમને ખવડાવે છે. ડાઈનિંગ ટેબલની બાજુમાં, સરસ મજાનું, પોચું રગ ખાસ એમના માટે પાથર્યું છે. રોજ બપોરે ને સાંજે એટલી પ્રેમથી જમાડે છે, જાણે પોતાનાં છોકરાં ! આપણેય, ધ્વનિ ને ધ્વનિલ આ જૂનમાં પરદેશ ભણવા જશે પછી એકલાં જ ને ?' મારો જવાબ સાંભળવા અટકી તેથી મેં ઈશારો કરી વાત ચાલુ રાખવા કહ્યું.

એણે આગળ કહ્યું, 'કિટીપાર્ટીમાં મિસિસ વર્મા કહેતાં'તાં કે, ઈતનાસા, બચ્ચાસા, પ્યારાસા, ભોલાસા બાલક મુઝે ઢેર સારા પ્યાર દેને કે અલાવા મેરે કિતને સારે કામ કરતા હૈ ? આપ નહીં માનોગી, એકબાર મૈં માયકે ગઈ થીં. મૌકા તાડકે, વર્માસાબ અપની યારકીકો લે કે ઘર આયે થે. મેરા શેતાનસા બચ્ચા, મેરે આતે હી, મૂઝે ખીંચકે બેડરૂમમેં લે ગયા, ઔર અપને હિસાબસે બતા દિયા.

સાત નંબરવાળાં સરોજ આન્ટીને સહેજેય ન ગમ્યું. એમણે મિસિસ વર્માને સંભળાવી દીધું, એમ વરની ચોકી કરાતી હશે ? મેં તો કાલુ - ઉંદરમામાનું નામ પાડ્યું છે - ને એવો ટ્રેન કર્યો છે કે અમારી કામવાળી કંચન કાજુ-બદામના ડબ્બાને અડી હોય કે ચૉકલેટ તફડાવી હોય તો, હું આવું એવો ઊછળી ઊછળીને મને ડબ્બો બતાડે. હુંય ત્યારે, બક્ષિસ આપ્યામાંથી ના રહું. મુઠ્ઠી ભરીને વેરું, એની આગળ. સહુ લાયું છે, એક તમે હા પાડો એટલે થયું.

મેં છેલ્લો ભય બતાવ્યો, 'સંશોધકો કહે છે કે, ઉંદરોની સંખ્યા વધી જાય ત્યારે એ લોકો પણ, સમૂહમાં માણસોની જેમ વર્તે છે. ઘણી વાર યુવાન ઉંદરો ગેંગ બનાવી, વૃદ્ધ ઉંદરોને દોડાવી દોડાવીને થકવાડી દે છે, અને માદા ઉંદરો પર વૃદ્ધ, યુવાનના ભેદ સિવાય શારીરિક હુમલા કરે છે. તને તો ખબર છે. અકળાઈને તોફાની ઉંદરોને મારીએ ને મરી જાય તો, સરકારે વધારીને આજીવન કેદની સજા જાહેર કરી છે. બોલ, જોખમ લેવું છે ?

એની પાસે દલીલ નહોતી રહી તેથી બ્રહ્માસ્ત્ર છોડ્યું. આંસુ ઊભરાયાં ને ગળગળા સાદે બોલી, 'તમે તો રોજ ઑફિસ જતા રહો, ઘરમાં તોકલા જેવી એકલી હું શું કરું ?'

ત્યાં જ એના મોબાઇલમાં નોટિફિકેશનની રિંગ વાગી. ઝટપટ આંસુ લૂછી, જોયું.

એ મલકી. ઊભાં થઈ, મિસિસ વર્મા આંગળીના ઇશારે મૂષકોને નચાવતાં હતાં એનો ફોટો મને બતાવ્યો. પછી કહ્યું, 'અમનેય ઘણો ઉમંગ છે, પણ શું કરીએ ?'

મેં એને કહ્યું, 'આમ તો સહુની સાથે રહેવાની તારી વાત સાચી લાગે છે, પણ કાલે નક્કી કરીએ તો ?

એનો ગુસ્સો આસમાને પહોંચ્યો. 'સાવ જડ જેવા છે' કહી રસોડામાં ગઈ.

## શિબિર | જગદીશચન્દ્ર ત્રિવેદી

'**મ**ણકી, મારી એટલી જ મારી બેન્યનીય ગોઠણ્ય. તે હજી સકડામાંથી ઊતરીને ઊંધમુંધ માન્ડ ધીરે પોગ્યો હશ. ત્યાં તો ધામા નાખ્યા ! પોલીસ પલટનની જેમ.' 'પુશ્ય પરશ્યુ આદરી, તે કેવી ? ક્યાંય હરું જ નહીં ! ક્યાંક ઊભી યેં, ખમે તો હું, હાં કે હું કરું ને ?' એનો મૂળ સવાલ ઈ હતો, 'ન્યાં શિબિરમાં સોકરીયું આવી'તી કે નય ?' હવે હા કઉં તો લપસીંદર નીકળે. ને આય બેચાર દિ'થી, ઉઘાડે ડિલે નિરાંતે નાયાય નો હોય, ન્યા આવતાવેંત જ આ પળોજણ્ય ? કરવું સું ? કાંઈ સૂજયું નહીં. મેં કીધું, 'હાંજુકના પાદરે નિરાંતે હઉ ભેળા થાશું ને ! ત્યારે હંધીય વાત !' પણ એકની બે થાય તો એ મણકી કેમની ! વાત લીદી મેલી જ નહીં !

વાત તો આમ કાંઈ નોતી. પાંસ દિ' ઓલી યુનિવર્સિટીયુમાં જાવાનું, રે'વાનું, ખાવાનું હન્ધુંય મફતમાં ! માથેથી પ્રોફેસરું વાર્તાઉ લખતાં શિખવાડે. ઈ ઉપર્રિયામણનું ! એમાં આ મણકીનો બાપ. માંડમાંડ મનાવ્યો; તયે મણકીને બારમાં પશી, કૉલેજમાં મોકલતો હોય ! ને રાતદિનો જાપતો રાખતો હોય ! મણકી નજરથી જરીકેય આઘીપાશી થાય ! ત્યાં સાયકલું ધોડવી મૂકતો હોય ! એવો બાપ, એને શિબિર્યુંમાં ક્યાંથી મોકલે ? જાવા હાટું મણકીયે બાપ હામે દલીલુંય કરેલી. 'ન્યા કણે સોકરીયુંનું ધિયાન રાખવાં મોટી મોટી પ્રોફેસરુય હશ્યે.' પણ જાવા જ દીધી નહીં ધરાર ! એટલે મણકીને પોતાનું અને બાપના મનનું સમાધાન કરવાનું બાકી હતું !'

મેં તો સુણાવી દીધું કે 'તારો બાપ જ મૂળથી માણહગંધો સે ! એને માણહજાત્ય જ ગમતી નથી ! મારા સિવાય તારી હાર્યે કોઈ વાત કરે, તો ડોળા ફાડીફાડીને એને જોયા કરે. કે જાણે હમણાં ભોમાં ભંડારી દેવાનો નો હોય ! હારા હારા સોકરાઉય ધરૂજે, બસાકરા ! તને બોલાવે કોણ ? તારું ડાસું રૂડું રૂપાળું હોય તોય, એમ બીતું બીતું કોઈ થોડું બકા ભરવા આવવાનું ? ''હજી તો જોજે તારો બાપ તને ગઇઢી ડોશી થઈ જા, ત્યાં લગણ, પઈણાવશેય નય !'' એની દીકરીને હેમખેમ પારસ પેટીમાં ભલે પૂરી રાખતો...!'

ને આટલું બધું સુનમૂન સાંભળી રહેલી મણકીનો પારો છટક્યો ! 'એલા વારતાની શિબિર્યુંમાં સોકરીયું આવ્યાનું પૂશ્યું, એમાં આટલો બધો મારા બાપ ઉપર શેનો ભટ્કાય ગ્યો ? ''તારી હાર્યે તો વાતું કરવા, કૉલેજેય આવવાજવા તો ઘેસે ને ?'' તું વાર્તાઉં

શીખીયાવ્યો કે નઈ ? ઈ કે' !'

'સું કઉં ? મણકીને ફોડ પાડીને સોખ્ખેસોખું કે સુપાવીને કઉં ? કે વારતાઉં તો ન્યાકણે નાટ્યક કે ફિલમુ જેમ જ થાતી 'તી. શીખવાનું તો નામનું જ હતું ! એન બનીઠણીને સોકરીયું હવારના પોરમાં જિન્સું ઠઠાડી, લટુપટુ કરતી,પ્રોફેસરુ પાંહે કાલીકાલી થાતી... સર સર કરતી ઢેલડીયું જેમ ટોળે વળી જાતી. ને સરના મોઢામાંથી જી અકષરો, સબદો પડે ઈને એકેકું ફૂલડા જેમ ઝીલી લેતી, એની નોટબુકમાં ! 'વાર્તા ક્યાંથી મળે ? કેમ બને ? વસ્તુ કોને કહેવાય ? વાર્તા કેમ ગૂંથાય ! વાક્યોથી ગોઠવાય ! વર્ણનો કેવાં કરાય, નો કરાય ? સંવેદન કોને કહેવાય ?' આવું આવું વાતુમાં આવતું જાય. ને ઓલી લટુડિયું-પટુડિયું સાંજે કેન્ટીનમાં સાઇબુના મોઢામાં નાખી, મા કે કાનમાં વાર્તાઉના પલોટ ઢાળતી, આમાં કોણ શીખી જાય વાર્તા ?

વાર્તાઉ તો શિબિરુ સૂટ્યા પછી હાઉ હાચીયું ઘડાવાની સે. ઈ સોપડિયું કે પાઠમાં નો સપાય ! પણ ઇ નક્કી કે આ છોડીયું ખેપાની તો ભાર્યે. અહીંથી સૂટ્યા કેડે કોણ તું ને કોણ હું ? બે ઘડી સૂટ મળી સે તો હઈસો હઈસો કરી લેવાનું ! આપડા રામ તો આઘે આઘે આ બધી વાર્તાઉની સામગરીયું ભેગ્યું કરતા રયા. આમાં તું ન્હોતી, નહીંતર મારી ને તારી વાર્તા કોક લખતું હોત ! આમેય મારા દરહણ જોઈ. કોઈ સોડી પાહેય ફટકે નહીં ! પણ તે દિ હાંજે, હઉ હઉની પાંચ દિની શિબિરની રામાયણ કહેવાની હતી : ને મેં કીધું કે મણંકી મારી ગોઠણ્ય વિનાની એકોય વારતા મને હાહ વિનાની લાગી. કંકુડી ને કાનિયો કે જીવી ને ભૂરી, ગાયું ને ભેહુની વાર્તાયું તે કાઈ હોય ? મેલું ઉપાડનારી બાયુ ને ગામોની વાણિયો એની વાહે પડ્યો હોય ! ને આવું આવું તો આપણા ગામમાં જોઈ જોઈને મોટા થ્યા કે નહીં ? આમા હાચુકલું સું ?

પણ ઈ લોકોને ભાર્યે મઝા પડી ગઈ, મારી બોલાશ ઉપર. મને કયે તળપદ ભાષા વીખાતી જાય સે. એનો દીવો તારે બળતો રાખવાનો સે. ઊલટાની મને તો મારી બોલી ઉપર સરમ આવતી. ને આયા તો ઊલટાની તાલીયું પડે. કાંઈ ગમે ઈ બોલું ન્યા ! પ્રોફેસરુ ભઠાયા. મને કયે તને અમે હારુ બોલતો કરી દેશું. અમારો વિધિયારથી સો તો અમારીય ફરજ સે, હંધીય સોકરીયું ગાંડીયું થઈને મને લઈ ગઈ એના ઉતારે ! નાસતા કરવ્યા. લટુડાપટુડા હવે મારી હાર્યે કરી. કૈંક વાતું કઢાવી, ને ખુશ થાતી જાય. તળપદ સું કેવાય ? અમને તો ખબર નંઈ ! અમારા ગામમાં તો તળપદા કોળી સે. એની સોડી મણકી મારી બેનપણી સે. તો કે' મને લખીને તારી વાત છે ને કે' કે તારે તારી ભાષા અને બોલીને સુધારવાની જરૂર નથી, આ મીઠાશું ઊડી જાય પશી હું વધે ? વડસકા ભરતા હોય એવી, ને કાં સાબલી, સીપીસીપને બોલાતી ખોટકલી બોલાતી, અમારી ભાષા જેવી, તારે શીખવાની નથી. અને આ અમેય તારીને મણકીની વાર્તા લખવાના છીએ. તો કાંક કોઈ ખાટામોળા પર્સન્ગ તો કયો ? મેં સાતમે પાતાળ ધરબી રાખેલી કેટલીય તારી ને મારી વાતું કઢળી ! રત્ય આખી તાપણા હારુ ભેળા કરી રાખેલા ટીટીયાન કરેલા હવન કરતે, ફેરા ફેરવ્યા કર્યા કંઈ વાતુના. તેહવારો હવાર લગી. ને હવારે હવે હવના ગામ ભણી હાલી નીકળ્યા. આમાં તું તો નો આવી ઈ જ હારું કર્યું !

મણકીએ એની મીંજરી આંખ્યું પહોળી કરી, મીંદડી નાખી મારી અંતરની વાવ્યમા ! ડખોળી નાખી આખી જાત્ય ! મેં કીધું આમ ડખોળ્ય મા. મારે તારે કાંઈ લેવાદેવા નહિ. પણ ઓલી સોકરીયુંને રમાડતા આવડે અને આપણને ગામડિયાને ન આવડે એવું થોડું હોય ? એટલે મન પડે એમ તને વાર્તામાં ગોઠવતો ગ્યો. ભલે બિચારીયું રાજી થાતી જાય. કોક દિ' તો એની વાર્તાયુમાં ઈ આપણને ભળા કરશે ને ? આંય તારો બાપ બુડથલ, અઝડ, આપણો કાંઈ મેળ પડવા દેવાનો નથી ! ઈ નક્કી. પશી શું નકરી તારી વાહે જ લાઇળુ પાઇડા કરવી !

ને રીહાયને મણકી એની મીંજરી આંખ્યુંની મીંદડી લઈ, પગ પસાડતી હાલતી થઈ, તોબારો સડાવીને ! હુંય ટાઢબોળ ગોળાના પાણીએ નાયો, ને સોખ્ખોસણાક, હતો એવો ને એવો થઈ ગ્યો !

❑

## સાભાર સ્વીકાર

### નવલકથા

**ભૂલનો એકરાર,** અંબેલાલ જોશી, ૨૦૧૯, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, પૃ. ૪૦, રૂ. ૬૦ **વહાલનું અક્ષયપાત્ર,** જીના શેઠ/વીરેન શેઠ, ૨૦૧૯, સંસ્કાર સાહિત્ય મંદિર, અમદાવાદ, ૧૬ + ૨૨૪, **વિશ્વગીતા,** અશોક શર્મા, ૨૦૧૯, આર.આર. શેઠ ઍન્ડ કંપની, પ્રા. લિ. મુંબઈ/અમદાવાદ, પૃ. ૧૨૦, રૂ. ૧૩૫ **રાષ્ટ્રગીત,** અશોક શર્મા, ૨૦૧૯, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા.લિ. મુંબઈ/અમદાવાદ, પૃ. ૧૧૨, રૂ. ૧૨૫ **Management** ગીતા, અશોક શર્મા, ૨૦૧૯, આર. આર. શેઠ ઍન્ડ કંપની, પ્રા. લિ. મુંબઈ/અમદાવાદ, પૃ. ૧૧૦, રૂ. ૧૨૫ **અધ્યાત્મ ગીતા,** અશોક શર્મા, ૨૦૧૯, આર. આર. શેઠ ઍન્ડ કંપની, પ્રા. લિ. મુંબઈ/અમદાવાદ, પૃ. ૧૨૦, રૂ. ૧૩૫

## રખડુનો કાગળ : શામ-એ-બનારસ...| મહેન્દ્રસિંહ પરમાર

પ્રિય સુભાષભાઈ,

આ કપરા સમયમાં ઉપરનું મથાળું બાધ્યું ત્યારે ખુદ મથાળું, આ હાથ, કી બોર્ડ... સહુ હસ્યાં... કોઈ મરમીલું, કોઈ મરક-મરક, કઈ ખડખડાટ... કોઈ મૌન ! બધાંને રમૂજ થઈ : 'રખડુ' અને 'લોકડાઉન'નાં બે અડધિયાં સટ્ટા...ક કરતાં ભટકાયાં ! બે મહિનાથી ઘરમાં બંધ છીએ અને મિત્રો પૂછે : કાંઈ લખ્યું ? લખ્યું કાંઈ ?... – શું જવાબ આપવો ?

છેલ્લો પ્રવાસ બનારસનો કર્યો ને ફેફસાં ભરી લીધાં તે... હજી આ નિવાસમાંય એના વપરાશે પ્રાણ ચાલે છે. બીજી વાર બનારસ... બેમાંથી એક પણ વાર ત્યાંનું કશું કહેવાનું વૃત્તિ ઓછી રહી. હિંમત પણ ન હતી. કોઈ અનુભવનો ફોર્સ તમને ઘણી વાર અટકાવે... મૌન રહેવા મજબૂર કરે. તમે આટલાં વર્ષોથી હિમાલય ખેડો છો પણ હજી કેમ એના વિશે બોલતા નથી... તેનું કારણ સમજાય છે. મને પણ એવું લાગે છે કે બનારસના બધા ઘાટ હજી ઘટમાં સ્થિર નથી થયા... એની કેટલીય સસચાઈઓ હજી મારી પહોંચની બહાર છે...' ગંગા સુધી ગયાં ને પ્યાસા રહી ગયાં ?' – ના, પ્યાસા થઈ ગયા !! કોઈ સ્થળે મને આટલો 'પકડ્યો' નથી. પચાસ વર્ષે આપણે હવે એવા મુગ્ધ તો ન જ હોઈએ પણ આ નગરે કોણ જાણે કેમ મને મુગ્ધ કર્યો, અચંબિત કર્યો. શિવજીના ત્રિશૂળ પર ટેકાયેલું આ નગર જાણે મારાં બ્રહ્મરંધ્રમાં સ્થિર થઈને પડ્યું છે. કહે છે કે, બધું નાશ પામશે પણ આ કાશી નગરીનો નાશ નહિ થાય. એ અવિનાશી છે. મહાકાળની થપાટો કોરોના રૂપે કાશીવાસીઓ પણ ખાય જ છે ! સૂના સૂના ઘાટ અને એકલી-અટૂલી ગંગાનાં ચિત્રો ઘેર બેઠાં કલ્પું છું, પણ કવિ તો એમ કહેવા માગે છે કે લોકો જવાના, નગર રહેવાનું !

હવે, આ કહેવા બેઠો છું તો અમે કઈ તારીખે ગયેલા, ક્યારે પાછા આવેલા ? કેવી રીતે ગયેલા ? શું ખાધું-પીધું...– એનું 'પ્રવાસ-વર્ણન' કરીને તમને બોર નહિ કરું ! બે મહિનાથી ઘરમાં રહી-રહીને તમે કાશીના બોર જેવા કે ટબ્બા જેવા તરબૂચ હવે થઈ જ ગયા હશો !!

લૉકડાઉનમાં મોટો આધાર પુસ્તકો અને મોબાઈલનો. આ બે ન હોય તો શું થાય એ કહેવું મુશ્કેલ. પણ અત્યારે બનારસની એક અઠવાડિયાની રખડપટ્ટીના વિડિયો સર્ફ કરું છું તો સમય સળવળે છે. 'એ લોકો' કવિતામાં પ્રિયકાંત મણિયાર કહે છે (એ લોકો અનાજના ગોડાઉનો ભરી રાખે છે અને પછી ભૂખ્યો માણસ મરી જાય ત્યારે પાલી પાલી વેચે છે !!)-એનાથી જરા જુદા અર્થમાં 'ગોડાઉન'માં ભરી રાખેલા વિડિયો અત્યારે આ

કાળમાં ઘડીએ-ઘડીએ કાઢું છું ને એને ટેકે-ટેકે ઘરબંધ માણસ તરીકે ટકી રહેવાનું ઈંધણ મેળવું છું.

ગયા વખતના અનુભવે આ વખતે ઉતારા ઘાટની સાવ નજીક 'હુવા'. ઉપર જાઓ એટલે સામે ગંગાનો આખો ત્રણ કિલોમીટરનો પટ દેખાય... બહાર નીકળો એટલે અસ્સીઘાટ. પહોંચીને સામાનનો ઘા કરીને ભાગ્યો નદીએ. એક સહિયારી નાવ ઊપડતી હતી એમાં કૂદી પડ્યો. એ ઘાટદર્શન કરાવતી હતી... 'નદીમાંથી' ઘાટ જોવા અને 'ઘાટ પરથી' નદીને જોવી—બેય પોતપોતાના અનુભવ છે... જે અર્ધચન્દ્રાકારે ઘાટ ઝળૂંબી રહ્યા છે અને નદી એને સ્પર્શતી વળી રહી છે એને વિશે કંઈ બોલવા કરતાં નદીમાં વહેવું વધુ ગમે. સરતી-સરકતી—છપક છપક છપકાતી, હલેસે-હલેસે હલમલતી-ડોલતી હોડીમાંથી ડોલતા ઘાટ જોવા, ગંગામાં સરવું, ગંગામાં ફરવું - એ પાગલ બનાવી દેનારો અનુભવ છે, આજુબાજુના સહપન્થીને ન સમજાય એવો. એક પછી એક ઘાટ સરતા જાય છે આ વિડિયોમાં. ત્યાં તુલસીઘાટના ડાબા પગથિયે જુવાનિયાવ ગિટાર લઈને જામ્યા દેખાય છે. તુલસીદાસ ચંદન ઘસતા હતા, આ છોકરાંવ ગિટાર. એમના સંગીતના આછા સૂર ઘોંઘાટ વચ્ચેથી અહીં સુધી તરી આવે છે ને અમારી નાવ પાછળ રમતાં-રમતાં અલોપ થતા જાય છે. નિષાદઘાટ, સિંધિયાઘાટ, મુનશીઘાટ (મુનશી પ્રેમચંદ – એક લેખકના નામનો ઘાટ ! એક કવિના નામનો ઘાટ ! – તુલસી ઘાટ !! હાક્ક !!)... સંધ્યાના આછા ઉજાસમાં ઘાટ પરની રોશનીમાં પથ્થરની ઈમારતો અને ઘાટના ઘાટ—ઘાટના ઘાટ પર પગપાળા, ફરનારની છાયાનાં આકર્ષક ચલચિત્રો મોબાઈલ મને બતાવે છે ! હરિશ્ચંદ્ર ઘાટ સુધી ફરીને નાવ પાછી અસ્સીઘાટ પર આવી અને થોડા દીવા તરતા-તરતા અમારું સ્વાગત કરી સરી ગયા ત્યારે અસ્સીઘાટ પર આરતીની તૈયારી થઈ રહી હતી.

ગયે વખતે દશાશ્વમેધ ઘાટ પરની આરતી નાવમાંથી અને એક વાર ઘાટ પરથી જોયેલી તે ચારેક વર્ષ સુધી 'ઇસ ઘટ અંતર' બજતી રહેલી. ઘાટ પર આરતી કરવાનો આ ઉપક્રમ ધાર્મિક અને પ્રવાસનનાં કારણોથી થોડો પર્ફોર્મન્સનો અને પ્રોફેશનલ જરૂર છે... સાંજે મોટો લોકસમૂહ ભેગો થયો હોય ત્યારે એનો ઠાઠ અલગ હોય, સવારે થતી આરતીનો સાવ અલગ. સાંજની આરતી મેક-અપવાળી હોય !! સવારની સાવ જ કુદરતી. એ બધું છતાં આપણે ગંગાઆરતીના આ ઉપક્રમના રંગદર્શી આવરણ તળેના સુવાંગ અંગત પ્રતિભાવને નોંધી શકીએ ત્યારે આપણો 'ભક્તિભાવ' નોખો હોઈ શકે.

નાવમાંથી ઊતર્યો ત્યારે અસ્સીઘાટ પર સંધ્યા-આરતીની તૈયારી થઈ ચૂકી હતી. મોબાઈલમાં એ આરતીના ચાર-પાંચ કટ છે. આ પહેલા કટમાં સાત યુવાન પૂજારીઓ ગંગામુખી બનીને લાકડાના સાત પ્લૅટફૉર્મ પર ઊભા રહી શંખધ્વનિ દ્વારા આવાહન કરી રહ્યા છે. એમની પાછળ ઘાટના પગથિયે જનમેદની ગોઠવાયેલી દેખાય છે. સાતેયની ઊભા રહેવાની અને શંખમાં પ્રાણ ફૂંકવાની શૈલી અત્યંત સંવાદી છે... એકસાથે નીચે પડેલા શંખ ઊંચકીને, મોઢે લગડી, ગાલ ફૂલવી એ સાતેય એકસાથે જે ઉર્જસ્વી ધ્વનિ પ્રગટ કરે છે એ હવામાં ફેલાઈને ઊંચે ચડે છે ત્યારે જાણે અવાજના સાત અશ્વો દિશાઓ

ગજવીને કોઈ એક સ્થળે ભેગા થતા હોય એવા લાગે છે !! ગંગાજી પણ ઘડીક સ્થિર થઈ જતાં હશે આ સાંભળી-જોઈને.

આકાશ, પૃથ્વી, જળ,વાયુ અને અગ્નિ સાથેના આપણા અનુબંધનું પ્રમાણ આ ભારતીય આરતીપ્રણાલીમાં મને લાગે છે. હવે, ભગવા અને ગુલાબી રેશમી ચમકીલા વસ્ત્રોમાં, ધોતી-દુપટ્ટાના આકર્ષક પરિધાનને કારણે દેહવિન્યાસના મોહક મુદ્રા રચતા આ યુવકો સળગાવેલી અગરબત્તીનો જથ્થો વિશિષ્ટ લયથી હાથમાં પકડી, અતિવિશિષ્ટ હસ્ત-મરોડોના નર્તન-લયમાં જમણેથી ડાબે આંખ સમક્ષ અને ડાબેથી જમણે આંખ સમક્ષ જે રીતે વર્તુળાકારે ફેરવે છે એમાંથી ધૂમ્રવલયોની દર્શનીય આકૃતિઓ રચાય છે. ઘાટ પરની રશની અને નદીપટના અંધકારની સંધિમાં  ચિત્રો સાતની સંખ્યામાં એક રેખા-ચિત્ર રચે છે. ગંગામહિમાના શ્લોક-ગાન અને પૂજારીઓની હાથમાં રહેલી ટંકોરીઓના રણકાર આ વિડિયોમાં સંભળાતા-દેખાતા જાય છે પણ એ અગરબત્તીઓમાંથી છૂટેલી સુગંધ તો મોબાઇલમાં ક્યાંથી સચવાય ? એ તો આ રહી સ્મૃતિ-સંદૂકમાં અકબંધ !! નાકનાં ફોયણાં ફુલાવીને એ સૂંઘી લઉં છું. આ...હ !! હવે એમાં ઉમેરાય છે ધૂપદાન...સાતેય ધૂપિયામાંથી છૂટેલા ધુમાડા પેલી અગરબત્તીની આછી રેખાઓને હવે ઘાટી બનાવી દે છે... ધુમાડાના વાદળમાં પૂજા કરનારાઓ ઢંકાઈ ગયા. એ સાતેય વાદળ હવામાં ઊંચકાયા ત્યાં આ કટ પૂરો થયો.

આરતીની મુખ્ય ક્રિયાનો આ વિડિયો હવે ચાલુ થયો. સવાસો-દોઢસો પ્રજ્જવલિત વાટોવાળું દીપદાન, શંકુ આકારનું. ઉપર આવતી વાટો ઘટતી જાય અને સળગતી હોય ત્યારે ભવ્ય લાગે એવી, તાંબાના સર્પની પ્રતિકૃતિવાળું દીપદાન સાતની સંખ્યામાં બંને હાથથી ચારે દિશાની આરતી ઉતારે છે ત્યારે મારા મનની દિશાઓ ડોલવા માંડે છે ! ધૂપદાનના ગાઢ ધુમાડાથી રચાયેલું રહસ્યમય વાતાવરણ આ દીપ-પ્રકાશને કારણે પેલા રહસ્યને જાણે વિખેરી નાખે છે ને બધું સમતોલ થઈ જાય છે... એ લોકો આ દીપદાન જ્યારે એકસાથે એમના મસ્તકની ઉપર લઈ જાય છે ત્યારે પેલા ધાતુના સર્પનું ડોલન હું જેમ ફાટી આંખે જોઈ રહું છું એમ આ વિડિયોમાં, મારી જેમ જ વિડિયો ઉતારી રહેલા એકબે અચંબિત લોકોના આશ્ચર્યમૂઢ ચહેરાઓ પણ મારા જેવા દેખાય છે. પછી, અગ્નિનું ઉપશમન મોરપંખથી, જલધારીથી ને એવાં બે-ત્રણ ઉપસ્કરણોથી થાય છે, પેલી સપ્તજવાલાઓએ રચેલા તાપની જાણે આસના-વાસના થાય છે, એને ઠંડી પાડવામાં આવે છે... પંચતત્ત્વ ત્યાં એમ સોહી રહ્યાં ને મને મોહી રહ્યાં !! 'હ...ર...ગં...ગે. એ...' કરીને આરતીની આશકા લીધી ત્યારે કપૂર, બળેલી વાટનું ઘી અને તાંબાના સર્પ વાતે ચડ્યા હોય એવું લાગેલું. આ અસ્સીઘાટની આરતી આજે નાના-નાના ચાર-પાંચ વિડિયો અને સ્મરણના તાણા-વાણા રચતી આમ સર્ફ થઈ અને સમયની ફૂલખરણીના આવા ફુવારા છૂટ્યા ! પછી તો સવારસાંજની આવી આરતીઓનો એટલો લ્હાવો લીધેલો કે બનારસ-એમ બોલું એ સાથે આ બધી અંદર ધણધણવા માંડે... શંખ-નગારાંથી માંડી ઝીણી ટંકોરી સુધીનું બધું અંદર રણઝણવા માંડે.

મિત્ર, બનારસની એક સાંજનો આ રંગ. બીજા રંગો પણ મેઘધનુષ જેવા સંચિત

થયા છે... મોબાઇલમાં ને મનમાં ! મહાકાલની ઇચ્છા હશે તો માંડશું ક્યારેક એ કબીરાની, એ ઘાટની, એ હોળી-ધુળેટીની... એ મૃત્યુની... એ જીવનની સવારોની કથા. આજે ચારે બાજુ ચકરાતા મરણના પડછાયાઓ વચ્ચેથી જગ્યા કરીને વહી આવેલી આ વાત કેવી બની ગઈ ! બે સમય, બે સ્થળ, બહુ બધી વ્યક્તિઓ, બે અવસ્થાઓ આમ એક મોબાઇલની મદદથી આપણી અંદર નર્તન કરતા અનુભવાતા હોય અને પેલા મોબાઇલે આ ‘ક્ષણો’ સાચવી રાખી હોય તો આપણે એનો આભાર જ માનવો પડે ને ? બોલો ગંગામૈયાની જય ! બોલો ગૅલેક્ષી જે-૫૦ની જ...ય ! કોરોના મા...તકી (જોકે એમનું ‘માતાપણું’ કે પિતાપણું હજી જય બોલાવવા જેવું તો નથી જ... પણ તોય...) જય !!

તમારા જન્મદિનની આ નાની ભેટ સ્વીકારજો.

લિ. થોડું લખ્યું ઝાઝું વાંચજો.

❑

## ઠીકઠેકાણું | કલ્પેશ ચાવડા

**વે**કેશન પડે કે મામાને ઘેર જવાની ઊલટ હોય એટલી જ ઊલટ ઢોર ચારવા જવાની હોય.

શશશ... આયઢી...ગો...વરી...આહુ... ઉં... ઉ... મને’ને કદાચ તમને પણ કશું સમજાય નહીં, પણ આટલો ધ્વનિ સાંભળતાં જ પચાસને માથે પાંચનો ઘેરો આપા સામે—જેમ બાબર સામે રાણા કુંભાની પલટન દોડી આવતી હોય તેમ—દોડતો આવે. એમાં માકડી અવ્વલ નંબર હોય. આપાને બહુ ગમતી ગાય. તે બધે મોઈરની મોઈર હોય. કહેવાવાળાએ સાચું જ કીધું છે : ‘આપણને આપણી જેવો જ સ્હંગોડો (સંગાથ) થાય.’ આપાય તે ન્યાતમાં ફરે. ન્યાતમાં નાનો-મોટો ડખ્ખો હોય તો પાર પાડવા આપાને તેડું આવે. તેથી ડોરમાં જવાનું મારે વધુ થતું. પણ એકલા ચારવા જાઉં ત્યારે ભીસ્હ(ભીંસ) પડી જાય. ગોવાળો ખૂબ હેરાન કરે. એનાં ઢોરને આપણી પાસે ચરાવે, સામાં ગામની સીમમાં પાણી ભરવા મોકલે, ભાથામાં હારોહાર ભાગ પડાવે, નદીમાં નાહવા પડીએ તોય ડુબાડે. એટલાથી સંતોષ થતો હોય તો સારું હતું, (પણ કાનમાં આંગળી નાખી દો તો કહું...) લૂગડાં કાઢી લે, પછી અંગૂઠા પકડાવે અને પછી લીલીછમ સ્હોટી(સોટી) પૂંઠ પર પડે ને ભરોળું પાડી દે. પણ સીમની સીમમાં રહેવા દેતા હોય તો ? ...આ તો ત્યાંથી એમ...નેમ જ તગેડે ! ગામનાં પાદરે આવીને આપે. પાદરે પમુડી પનિહારી, બારેવા નાખવાવાળી બાઉડી, અડાયા વીણવા જતી અમરડોશી કે હવાડે બળદ પાવા આવેલી જીવા પટેલના છોકરાની વહુ જેવું બાઈમાણહ સામું મળે ત્યારે જબરી ભોંઠપ લાગતી. ત્યારે બે હાથથી મોં ઢાંકવું કે...

તમે જો કાનમાં આંગળી ન નાખી હોય અને સાંભળી ગયા હો તો કોઈને કે'તા નહિ. નહીંતર ત્યાં તો કશી રહી નથી, આંયા થોડીઘણી છે. આ તો તમને કીધું, ઘેરે તો કે'વાય ય નહિ, નહીંતર કાલે ઢોરમાં જાઈ તંઈ ડબલ મારે. આ બધું ચૂપચાપ સહન કરવું પડે. પાણીમાં રે'વું ને મગર હારે દુશ્મની કરવી ? આ આખું પ્રકરણ કોઈ નવો ગોવાળ ન આવે ત્યાં સુધી ચાલે. પછી આપણી ઘાત નવા ઉપર. થનારા બધા ગોવાળે આટલી પરીક્ષા પાર કરી હશે. આ એક પ્રકારની ભરતી જ માની લ્યો ને !

આપા પણ આ રીતે શિકાર બનેલા. પણ પછી તેમણે પોતે કોઈને પજવ્યાં હોય તેવું કોઈ ગોવાળ પાસે સાંભળવામાં આવ્યું નથી. તે કહેતા, 'નાય્ત આખીમાં જાવ સું, કંયેકના ઘર બંધવ્યાં હશે, પણ ક્યાંય ફારગતી કરી નથ્થ, હોં કાનિયા !'

ગૌચરમાં આખો દિવસ ઢોર ચારવા તેમને પાલવે નહિ. તે કહે, 'ગામ આખાનું ખાડું આવે ન્યાં ઢોરને નો' ફાવે. આ નાગણિયુંની વચાળ ગવરી નિરાંતે ખાય નય. આમેય આથમણી દશે કાંય દી' વળે નહીં.'

કોઈ ગોવાળ કહે : 'તગડી મેલવાના હોય, મધરામધરા જાય ને સરતાસરતા આવે. આમાં કાંય વધારો વધે નહીં ને સ્હુ આ શેઢેથી ઓલા શેઢે ટાંટિયાતોડ્ય કરવા જાવું.' ઉત્તરમાં આપા કહેતા, 'આઢો તો આઢ્યતા આવે.' આ ધણશેરમાં નિહાય્લું બની, પાવરાવુસ બહન્યા, સાય્બુના કૉટર બન્યાં ને ચારે કોર ખેડૂ શેઢા દબાવતા જ જાય છે. ભોં ટૂંકી થતી જાય છે. અધૂરામાં પૂરું મોળા વરહના વાંઢિયાર ઉચાળા ઉતારે તે જેવા-તેવા મોઢા ભરે એવું થાય ત્યાં એક દા'ડામાં ટાય્લ કરી નાખે ને ખુંદીન હાલતાં થાય. નાય્ત છે ભાઈ, કાંય કે'વાયેય નહિ. સ્હો પેઢિયેય બાપનો દીકરો. નાય્ત હોય કે ન હોય ગાયુંના ગળે કોણ પડે ! ગાયુંનીને બાયુંની આતરડી દુભાય નહિ ઈ જોજે હો કાનિયા'. વળી એનો એ જ બોલાવો કરી આપા મોઈર, વાંહે માકડી ને એની વાંહે બીજાં ઢોર ને પૂછડે હું ઢસડાયે જતો હોઉં. ઢોરની પાછળ હોઉં ત્યારે મનોમન પ્રશ્ન થતો કે, 'હું ઢોરને ચારું છું કે ઢોર મને ચારે છે ?'

મારગમાં ઢોર ચાલ્યાં જતાં હોય ત્યારે બન્ને બાજુ ખેતરમાં મોઢાં મારતાં જાય. આપા અડકારો કરે, હું ન કરું. થતું કે 'ક્યાં બાપાનું સે,ભલે  ને ખાય !' આપા કહેતા : 'આમ જયાંત્યાં મોઢાં માર્યા કરે એને લખણખોટાં કે'વાય. ને આમ કાંય ભૂખે વય નથ જાવાની. ભૂખ કાઢવા પગથાણ જોવે.'

મારગમાં ખાબોચિયાં ભર્યાં હોય. તેમાં વળી કેટલાય પરિવારનું નિવસન હોય. ખરા બપોરે અળસિયાં આળસ મરડતાં હોય. મછરનું ઝુંડ નીરવ બેઠું હોય પણ બે-ચાર ઊડીને બેસે ત્યાં બીજા બે-ચાર ઊડે. થોડું વળી ઝંપે ત્યાં બાવળેથી ગોકળગાય ડૂબૂક દઈ પડે. એકાદ પતંગિયું ખાબોચિયાના કાંઠે બેસે. પછી પેલે કાંઠે બેસે. દોઢ વેંતનું ખાબોચિયું એને મન હનુમાનના હિંદસાગર જેવું હશે. વળી જંપે ત્યાં માકડીના અગ્રવામાં અગ્નિ ખરી ચાર-પાંચનાં ખૂન કરી નાખે. ને ત્રણ-ચાર ઘાયલ. ને આટલાં ક્ષેત્રની મોરબી જેવી હાલત થઈ જાય.

બાવળના પરડાનો મઘમઘાટ બાવરા કરી મૂકે. એનો ખાટો, તૂરો, મીઠો સ્વાદ

અનેરો આનંદ આપે. ગુજરાતનું રાજ્ય-ફળ આ પરડાને જાહેર કરવું જોઈએ. મફતમાં મળતાં ફળોમાં માત્ર આ પરડા છે. વળી આખા ગુજરાતમાં મળે. એટલું જ નહીં, ઢોરને પણ પૂરા હકથી આ ફળ ખાવા દેવામાં આવે.

રોંઢાટાણે આપાને ચા પીવાની ટેવ. તે ચા-ખાંડ સાથે જ લીધી હોય. દૂધનો ક્યાં તોટો છે. પણ આપા તો માકડી જ દોહવે. દોહતી વખતે આંચળમાં ચોંટેલી ઇતરડી ધીરે-ધીરે આવુ(આઉ)માં જતી રહે. અમરત સમાં દૂધ હોય તોય પીએ તો લોહી જ. તેનો જન્મ જ એ માટે થયો છે પછી એનો શું વાંક ?

ખેતરોમાં ચકલાં, કાબર, બગલાં જાણ કરવા આવે. જુવાર અને બાજરીનાં ડૂંડાં ઠોલી ખાધાં હોય. ઝીંડવામાં છીંડાં પાડી દીધાં હોય. જેવું ધણ આવે કે બધું ફરરર કરતું ગાયોની ચારેબાજુ ઇતરડા વીણવા મંડે. એમાંય બગલો લાંબી ડોકે છેક આઉમાંથી ખોરાક મેળવી લે.

ઘડીક ઘાસનાં મૂળિયાં સૂંઘતો નકુલ નીસરે, તો ઘડીકમાં સળંગ સોટા જેવો વાસૂકી, તો ઘડીકમાં સરરાટ કરતી ઘો દોડતી પસાર થાય, બાવળના થડમાંથી નીકળી કિલકિલ કરતો કલકલિયો, આંબાના અભાવે બોરડીએ બેઠેલી કોયલ, મદારીની મોરલી જેવા માળામાં બેઠેલી સુઘરી, ને નાત-જાતની ને ભાત-ભાતની જીવાતું – આ નિર્દોષ સૃષ્ટિની વિશાળતા અહીં સીમમાં જ નજરે પડે હો ભાઈ...!

કોઈ ખેતરમાં ગાયની ખરીનાં સગડ ન પડે તેનું ખાસ ધ્યાન રાખવાનું. નહીં ને ખેડૂ આવી જાય તો અવળી ઊતરે. આપા ક્યે : ‘સગડ પડે તો માથે પગ ઘસ્હી ભૂસ્હી નાખવાના. મારા બેટા રોઝડા રગદોળીન જાય ને ભરપાઈ કરવાની આપડે થાય. આપડે બધે પૂગી જઈ પણ કાયદે ટૂંકા પડવી. આના કરતાન દરબારી રાજ સ્હારા હતા. સવારે રાવ લઈને જાવી ને બાપુ સાંજે ધડાકો કરે. આ નવી સરકાર આવી ગઈ. કેટકેટલા ધક્કા ખવડાવે તોય પાર નો આવે. આ કાલ સવારના કણબી, પળમાં પાટીદાર થઈ જ્યાં. ખેડે ઈની ભોં કરીને બધું ઘરનું કરી જ્યાં. આપડે કોઈ મોવડી નય તે હજી પાંગા સારી ખાઈ.’ વળી મોઢું વાળતા ક્યે : ‘તોય આપડી જેવી નિરાંત એને કોઈને નથ્ય. આ નિર્જન પણ નમણી કુદરત (સીમ) એને નથી ફળી. ઇય સીમાડે મુવા બાધ્યા કરે સ ને દી’ ઊગે ને બે-ચાર કુટાય. એ... આપડે ક્યાંય જોવા નથ ગયા પણ ઓલ્યો સગનો સાપુ વાચીને કેતો’તો. આમેય જાજુ એને જાજી બળતરા.’

આપાની ચલમ જામે એમ પ્રકૃતિ મૌન થતી જણાય. ક્ષણવાર બધું ઝંપી જાય. ધુમાડાના ગોટા હવા સાથે અથડાઈને હવામાં જ વિલીન થઈ જાય. નદીનો પટ પ્રશાંત હોય. પવનની લહેરખી કોઈ કોઈ તરંગો લાવે. ઝાડપાન સસળે પણ ખરાં. માથાના વાળ ઉગમણા-આથમણા  થયા કરે. નદી આંખથી સંભળાય. કાનથી ભળાય ને સપ્ત યોનિએ શ્વસાય. મેડક કૂદકો મરીને પાણીમાં પડે. થોડું ખળભળ થાય. એ જોઈને ન્હાવાનું મન થાય. તરતાં ન આવડે તો ક્યારેય ભેંસને ભરોસે ન પડાય. એને મજા આવે તો બેસી પણ જાય. પણ ગાયનું પૂંછડું ઝાલી લો. એ ક્યારેય ડૂબવા ન દે.

તરસી ગાયોને હવાડા કરતાં નદીનું પાણી વધુ માફક આવે. માકડી તો હવાડે

પીતી જ નથી. આપણે ત્યાં સાથે જ પીવાનું. અગર જો ગાય ખળાળે તો ગંધાવાનું નહિ. નાડાવા ખસી જવાનું. પણ બીજો કોઈ વિકલ્પ આંઈ વગડામાં ન મળે. ઉનાળે તો આમાંથીય રે'વી.

ખેતરમાં ઢોર પોદળો ન કરે તેનું ખાસ ધ્યાન રાખવું પડે. નહીંતર ખેડૂતને ઢોર ફરી વળ્યાનું માલૂમ થાય. પોદળો કરવા જતાં ઢોરને સામા લાકડીના ઘોદા ઠોકતા ઘણાને જોયા છે. પણ એ તો પાપ થયું. લાદને તે કાંય લગામ દેવાય ? જે ખાવાના તે જાવાના તો ખરા !

બપોર વચાળે ઢોરને બાવળ નીચે બેસાડી પોરો ખાવી. આપા ભેટ વાળીને બેસે. ચલમ જગવે. માકડી પાસે જઈ બેસી જાય. આપાનો હાથ માંકડીના શરીર પર ફરવા લાગે. કાંઈક ઈતરડું – ગિગોડું હાથ આવે તો ખેંચીને બે હાથના અંગૂઠાના નખથી બા ટોલા મારતી એણ મારી નાખે ને કે, 'જીવ તો ઈમાય સે પણ આ રાક્ષસ માંયલા. આને મારવામાં વાંધો નહીં. કરશ્ને કીધું છે, 'હણે ઈને હણવામાં પપ નહીં.' ઈતરડીનાં લોહીની છાંટ આપાના ગાલ પર પણ ઊડતી. પણ ઈ તો મકડી જીભથી ચાટી જાય.

બાવળનો તલ્લકછાંયો ભાત્યું પાડતો હોય. ગાયુનાં શીંગ સોનેરી ભળાય. દૂઝણા (જે ઘરે નિરણ ભાળે છે તે) ઝુંડ વળીને બેસી જાય. પાકડિયા-બાખડિયા પાલો-પરડા વીણ્યા કરે. એને કાંઈ ઘરે આશ ન હોય. આપા બેઠા બેઠા જ નસકોરાં ઘસડવાં મંડે. હું સ્હાગરાનું કટકબટક કરી લઉં. પછી લંબાવું તે હેય ને ભોંય પથારી ને પાણાના ઓશીકા, વા વીંઝણો ને ઓઢવા આભ. તે આઠે પ્રહરની ઊંઘ અસવાર થઈ જાય. ઢોર પણ ધીરે-ધીરે નિદ્રાધીન થવા લાગે. માકડી જાગતી હોય. એની નજર ચક્રબાજ જેવી. કોઈ જનાવર ભાળી જાય તો 'પૂછું... છું...' – કરી ફુત્કાર કરવા લાગે. તેની વાછરડી મરી ગઈ પણ સીમમાં વિહાય ગયેલી ત્યારે કાકાના છકડામાં વાછરું લાવ્યા'તા, તે હજુ તેને યાદ છે. કાકાના છકડાનો અવાજ આવે ત્યાં ભાંભરડા નાખીને તેની પાછળ દોડવા લાગે. આગળનાં પૈડાં પાસે જઈ છકડાની આડી ઊભી રહી જાય. આ જોઈ સમજાતું : મનુજ હોય કે જાનવર, મા તો બધી સ્હરખી.

ખેતરમાં માણસો કામ કરવા માંડે એટલે ત્રીજો પહોર ટાણું થઈ ગયું સમજી ઢોરને ખસવવામાં આવે. ગામ ભણી પાછા વળવી. દૂરથી બીજા ગોવાળોના હાંકલા સંભળાતા હોય. કોષિયાની બરાડો કાન ગજવી નાખે. બળદ જેવા બળદ સીધા ચાસમાં ચાલ્યા જતા હોય ત્યારે દુનિયા તો કેટલી બધી સીધી અને સુધરેલી લાગે ! તોય કોઈને 'બળદ જેવો થજે' એમ તો કહેવાતું નથી !

ગોધૂલિટાણે સદ્કાર્યનો આરંભ થાય. લોકો શુકન લેવા સામાં ચાલે. ધણ ગોંદરે બેસે. ગોંદરો એટલે ગાયુનું આવાગમન કેન્દ્ર. લોકની બાયું છાણ વીણવા આવે. ઢોર ગોંદરે આવી જાય પછી છાણનું કોઈ એક ધણી ન હોય. ગામ આખાની ગાયું આવે. ગામગોરીને વા—વરસાદ વધારે હોય ને વગડાવાટ આડે પાણીની વાડ હોય તો કણબી - પટેલ કે રજપૂત - ગરાસિયાનાં રાડાં કે કાલાં - કપાસિયાંની આશા રે'. મોળા વરહનાં પાંચ-પંદર ઉછીના આપે-અપાવે પણ ખરા.

ભેળ પડે ત્યારે સંધાય ગોવાળ ત્યાં તેનાં ઢોર લઈને આવે. માવા, બીડી, ચલમની આપ-લે થાય. કોઈ મોજમાં આવે ને ખિસ્સામાં બળ હોય તો લાડવાય લેતો આવે. આપા જેવા મોટા ગોવાળોમાં સગાં-વગાંની, વેવિશાળ-વાટાની ને લેવડ-દેવડની વાતો ચાલે. મરમની વાતું મમળાવે. કિશોરો ખારોપાટની, ગેડીદાવ, નવકૂકી કે સોળકૂકીની રમતો માંડે. જુવાનિયાઓ ટીખળી કરતા હોય. લોકનાં છોકરાંને પજવે પણ ખરા. ભેંસો સામસામી આવી ગઈ હોય ને ઝાલે તો તેના ધણીના છક્કા છૂટવા માંડે. આઉમાં માથું મારી દે તો લાખની હોય ઈ રાખની થઈ જાય. પાડા બાંધે તો એકનો જીવ જાય પછી જ છૂટકો. માકડી બધાં ઢોરને એક ખૂણામાં દોરી જાય. કોઈ ઢોર ઘેરામાં વચાળ કરે કે તરત માકડી માથું માંડે. એની માંજરી આખ્યું રાતના ઝબકારા મારતી હોય. આમનામ ઉછીની ઓરવામાં તેણે બે આંચળ ખોયા છે. આપા કહેતા : ‘બેના ચાર વયા જાય તોય માકડીનું ઘડપણ પાળવાનું છે, ને એનો એકો આજ આંગણામાંથી નીકળશે.’ તાજી વિયાયેલી ગાયને વાછરૂનું હેદ સીમમાંથી ભાગી આવવા મજબૂર કરે. પણ ઘેર ખાવા શું ભાળે ? એટલે બે-ચાર દા’ડા બાદ હેવા થઈ જાય. પણ ઉમણી ન જાય. એવું નફ્ફરકીનું કોક ઢોર જ નીકળે.

નેહમા વરો હોય તો કપાણ પડે. ઢોર રેઢાં ન મેલાય. ન કરે નાર’ણ ને ક્યાંક ભરડો લઈ લીધો હોય તો વરો સોંસરો નીકળે. એકને તો રહેવું જ પડે. એકલા કંટાળો આવે. ત્યારે ગાયું સાથે ગુફ્તગૂ થાય. એની સાથે એની વંશાવળી વાગોળીએ. સાથોસાથ પૂર્વજોય યાદ આવે. આપા પાસે સાંભળેલાં પરાક્રમોનાં ચિત્રો મનમાં જ દોરાય. સિંહનું જડબું ફાડી નાખે ઈ જણ કેવો હશે એની કલ્પનામાત્રમાં વખત વયો જાય. લાકડી સમળવાનું શીખીએ. દુહા ગાઈએ. વિજ્ઞાન કહે છે, ‘ગાયને દો’તી વખતે સંગીત સંભળાવવામાં આવે તો દૂધ વધુ આવે’. પણ આંય વધનું કોને જોઈતું છે, હકનું મળે તોયે ઘણું. દોહેલા દૂધના શહેરમાં મહિયારા થાય. શે’રમાં લોક ઝાઝું. દૂધ ખપી પણ જાય. પણ આપા કહેતા એવું જ હોં ! – માણસાઈનું નામ નહીં. શરમ કે લાજ-મરજાદ કાંઈ કરતાં કાંઈ મળે નહીં. નાત-જાત કાંઈ નહિ. એક જ જાત - માણસની. ના...ના... ઢોરની. ના...ના... ઢોરનીય નહિ. આ જાત છે કજાત. ધંધો ચારસો વીસનો. શે’ર કરતાં ગામ ભલું. ગામ કરતાં ભલી સીમ. એક વાર સીમમાં આઢી ગયા પછી રામ જાણે લશ્કર ક્યાં લડે ! દુનિયાનું જે થવું હોય એ થાય. કદાચ ને ત્રીજું વિશ્વયુદ્ધ થઈ જાય તોય હવે સીમ મૂકીને ક્યાંય જવાનું નથી થતું. અમારે મન આ ઠીકઠેકાણું. ગમ્મે તેવું રજવાડું હોય તોય સીમની તોલે આવે ખરું ?

❑

## શું કહું !|પ્રફુલ્લ રાવલ

જાણે પારિજાત કહી રહ્યું હતું : હું શું ધોવું ? વાયુ જ વાઇરસને લઈ આવે છે. સ્પર્શથી બચી કેવી રીતે શકાય ?! અને તું સવારે એક નજર મારી સામે કરે એ કરે. પછી આખો દિવસે હું તારા માટે અસ્પૃશ્ય - અદૃશ્ય ! બપોરનો તાપ બાળે. ન બોલી શકું કંઈક. - ન ઉપાય કશો. તું તો એ.સી. કરીને ગોઠવાઈ જા તે મોડી સાંજ સુધી. પછી બાલ્કનીમાંથી મારી સામે એક નજર કરે છે - તે પણ ભાવહીન, ભૂલી ગયો, મારી ડાળી પકડીને તું વાતો કરતો ’તો પેલી તારી સખી સાથે. અત્યારે તો એય દેખાતી નથી. તને અને એનેય ભય હશે ક્યાંક…

પણ થવાનું હશે એ તો થશે
હું ભૂલી જાઉં છું તું તો માણસ છે…
જો કાબર આવી… એ જશે ત્યાં કબૂતર આવશે
વળી ચકલી. બપોરે તો કોયલ પણ આવે છે
તડકો ટળતાં સહુ આવે. પણ તું તો સાવ ભૂલી ગયો છે મને.
પારિજાત, તું સાચું કહે છે.
શું કરું ?
વ્યવહાર સમજી માણસ હોવાનો ધર્મ નિભાવું છું.

❑

**સાહિત્યવૃત્ત મોકલવા માટે ઈમેઈલ આઈડી**

આપની આસપાસ થતી સાહિત્યિક પ્રવૃત્તિઓ, જેમાં આપ ઉપસ્થિત રહ્યા હો, આપે ભાગ લીધો હોય કે પછી આપે આયોજન કર્યું હોય તો એ કાર્યક્રમ વિશેની ટૂંકી નોંધ ઈમેઈલ દ્વારા ગુજરાતી સાહિત્ય પરિષદને મોકલી શકો છો. નોંધ જે ફોન્ટમાં કંપોઝ કરી હોય એ ફોન્ટ સાથે અચૂક મોકલવા. એ માટેનું ઈમેઈલ આઈડી છે : vruttparabgsp2018@gmail.com

## ત્રણ કાવ્યો | અનુ. જયંત મેઘાણી

### આભને સીમાડે દરજીડો

**આભને સીમાડે દરજીડો વડો સીવતો રૂપાળાં ચીર,**
**રૂપલડી મેલી ઝાંય એને તાણલે ને સોનકણીએ ગૂંથેલા વાણલા.**
**એ રે પોત મહીં રૂપાળી ભાત્ય ભરી,**
**રાતલડીએ ઓઢેલાં ચીર જાણે કરસનજીનો ભીનલો વાન,**
**અને સૂરજને અજવાળે ઓપતા કાંઈ આકાશી નીલુડા રંગ જો,**
**ઓરતા તો અંતરે એવા કે એ ચીર રૂડાં પાથરું તારી વાટડીએ,**
**ને પગલીઓ તારી સંચરે ...**
**પણ પિયુ તારો રંકડો : ચીર તો મોંઘેરા મૂલનાં :**
**લે ને બાઈ, સોણલાં કિનખાબી લખોલખ વેરું તારે મારગડે,**
**સપનાંની એ કેડીએ ચાંપજે પગલી રૂપાળી,**
**પણ જોજે છુંદાય ના લાખેણાં મારાં સોણલાં...**

[ડબ્લ્યૂ. બી. યેટ્સના કાવ્ય ‘ધ ક્લોધ્સ ઑફ હેવન’ પરથી ભાવાનુસારી રૂપાંતર-પ્રયાસ.]

### The Cloths of Heaven

**Had I the heaven's embroidered cloths,**
**Enwrought with golden and silver light,**
**The blue and the dim and the dark cloths**
**Of night and light and the half-light.**
**I would spread the cloths under your feet:**
**But I, being poor, have only my dreams;**
**I have spread my dreams under your feet;**
**Tread softly because you tread on my dreams.**

W. B. Yeats

## શોધી શકું તો –

ચંદરવા લક્ષ જ્યોતિ તણા આભે રચાતા
ને વ્યોમની વાટ પર હું મીટ માંડું,
તારલો તવ ચિત્તે વસ્યો હશે જે, બસ, તેને શોધી શકું તો.

મુસાફર આ ખલ્કના ને એ મુલ્કના રુકે જે મારે મુકામે,
ખોજતો હું એકાદને જેહના શ્વાસે હશે પીધી સુગંધ તારી,
મુજ પરિમલ મહીં ગંધ એ જરીક સીંચી શકું તો.

વીંઝણા વાયુ તણા લહેરાય ચોદિશથી,
ને વદન પર લહેરખી એક ઝીલવા હું મથું,
એ લહરપટ પર સંદેશ તારો વાંચી શકું તો.

પથપથે ભમંતો-ઘૂમંતો હું નિરુદ્દેશે,
કો ગાનમાં ગુંજશે નામ તારું એ જ આશે;

ચોતરફ ચહેરા બધા નીરખી લઉં,
કાશ, તવ નૂરને લોચન મહીં અલ્પ આંજી શકું તો.

[૧૧મી-૧૨મી સદીના સ્પેનના આરબ કવિ અબુ બક્ર અલ-તુર્તુશીના કાવ્યના કોલા ફ્રાન્ઝેને કરેલા અંગ્રેજી અનુવાદ ઉપરથી]

## Absence

**Every night I scan the heavens with my eyes**
**Seeking the star that you are contemplating.**

**I question travellers from the four corners of the earth**
**Hoping to meet one who had breathed your fragrance.**

**When the wind blows I make sure it blows in my face :**
**The breeze might bring me news of you.**

**I wander over roads without aim, without purpose.**
**Perhaps a song will sound your name.**

**Secretly I study every face I see**
**Hoping against hope to glimpse a trace of your beauty.**

Abu Bakr al-Turtushi
*Eastern Andalusian, 1059-1126*
*Translated by Cola Franzen*

## દર્પણનો દોસ્ત

**આતમની સફરમાં**
**કિરતાર અગર તને એક દિવસ માટે જગત-સ્વામી નીમે,**
**તો દર્પણ સમ્મુખ ઊભો રહેજે ને પૂછજે એમાં વસ્યા જણને,**
**'અલ્યા, કહે, શું કહેવું છે?'**
**કારણ, મૂલ તારાં નથી કરનાર સ્વજન સરવે,**
**પણ આયને ઊભીને ટગરટગર જોતો જે તને,**
**એ જણને પૂછજે, 'હેં, કેવો દીસું છું?'**
**દુનિયા બધી જતી ભાડમાં, તમા કોઈની ન રાખજે.**
**બસ, દર્પણ મહીં વસેલા એ દોસ્તને રાખજે રાજી,**
**કારણ, શ્વાસ છેલ્લો ઘૂંટાય ત્યાં લગી એનો જ સંગ તારે હશે.**
**કરામતની દોરી વડે ભલે ખલકને નચવજે,**
**ને પીઠ તારી તું ભલે થાબડી લેજે,**
**પણ, ભલા ભેરુ, દર્પણના એ દોસ્તને છેતર્યો**
**તો વેઠવાનાં દિલ-દર્દ ને સારવાનાં હશે આંસુ,**
**આખરનો અંજામ એ જ માનજે નકી.**

[અમેરિકન કવિ ડેલ વિમ્બ્રોના કાવ્ય 'ધ ગાય ઈન ધ ગ્લાસ' ઉપરથી]

## The Guy in the Glass

**When you get what you want in your struggle for self,**
**And the world makes you King for a day,**
**Then go to the mirrror and look at yourself,**
**And see what that guy has to say.**

**For it isn't your father, or mother, or wife,**
**Who judgement upon you must pass.**
**The fellow whose verdict counts most in your life**
**Is the guy staring back from the glass.**

**He is the fellow to please, never mind all the rest,**
**And you've passed your most dangerous, difficult test**
**If the guy in the glass is your friend.**

**You can fool the whole world down the pathway of years,**
**And get pats on the back as you pass,**
**But your final reward will be heartaches and tears**
**If you've cheated the guy in the glass.**

Dale Wimbrow

❑

# સુભાષિત સ-રસ-વતી ધારા
## શિવ-પાર્વતીસંવાદ-કાવ્ય | વિજય પંડ્યા

જે આ વિષયના જાણકારો છે તે દ્વેષથી પીડાય છે, જે ઊંચા હોદ્દા પર બેઠેલા છે તે ગર્વગ્રસ્ત છે અને બીજા કેટલાકને આ સાહિત્યના વિષયમાં ગતાગમ નથી. એટલે કવિતા આજે જીર્ણ થઈ ગઈ છે.[૧]

આ શબ્દો આજે કોઈને કોઈ પણ ભાષાના સાહિત્યની સામ્પ્રત અવસ્થાને જ વર્ણવતા હોય એવું જો લાગે તો નવાઈ નહીં. પણ એમ નથી. આ શબ્દો તો ખરેખર પ્રાચીન સમયનું સંસ્કૃત સુભાષિત છે જે આજથી લગભગ ૧૪૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલા (ઈ.સ. છઠ્ઠી સદી) ભર્તૃહરિના નામે છે, અને બની શકે કે ભર્તૃહરિએ પોતાના સમકાલીન સમયનું ચિત્રણ પણ ઉપરના શબ્દોમાં કર્યું હોય. ભર્તૃહરિએ પોતે સુભાષિતોનાં ત્રણ શતકો (નીતિશતક, શૃંગારશતક અને વૈરાગ્યશતક, અને જો વિજ્ઞાનશતકપણ ભર્તૃહરિકૃત ગણીએ તો ચાર) સંસ્કૃત સાહિત્યને આપ્યાં છે. ભર્તૃહરિના જીવનકાળ દરમ્યાન કોઈક ક્ષણ કે કોઈક એવો સમય આવ્યાં હોય જેનું નિરૂપણ ઉપર્યુક્ત સુભાષિતમાં થયું છે.

એટલે સંસ્કૃત ભાષામાં સુભાષિત એવું સર્વગ્રાહી સ્વરૂપ છે કે જેમાં જીવનની પ્રાયઃ સર્વ અવસ્થાઓનું આલેખન થયું હોય. ઉપર ઉદ્‌ધૃત સુભાષિત વિશેનું સુભાષિત હતું.

વળી, સંસ્કૃત સાહિત્યમાં સુભાષિત સ્વરૂપ અતિ સમૃદ્ધ અને દીર્ઘ પરંપરા ધરાવે છે. વધુમાં આ સ્વરૂપનું અપાર વૈવિધ્ય પણ છે. આ વિવિધતા વિષય અને સ્વરૂપ બન્નેમાં છે. તો વિષય અને સ્વરૂપ બન્નેમાં કંઈક નવીનતા હોય એવું એક સુભાષિત-કવિતા આપણે જોઈએ.

અહીં પ્રસ્તુત સુભાષિત-કવિતાનો સંદર્ભ કંઈક આવો છે. ભગવાન શિવની ઘેઘૂર જટામાં ગંગા રહેલાં છે, અને શિવનાં પત્ની પાર્વતી જટામાં રહેલાં ગંગાને જોઈ ગયાં છે. શિવ પાર્વતીથી ગંગાને છુપાવવા ચાહે છે. શિવ-પાર્વતીના સંવાદને નિરૂપતું સુભાષિત આ પ્રમાણે છે :

*मौलो किं नु महेश, मानिनि जलं, किं वक्त्रं, अम्भोरुहं*
*किं नीलालकवेणिका, मधुकरी, किं भ्रूलता, वीचिका ।*
*किं, नेत्रे, शफरी, किमु स्तनयुगं, प्रेन्खद्रथांगद्वयं*
*साशंकामिति वञ्चयन् गिरिसुतां गंगाधरः पातु वः ॥*

*( सुभाषितरत्न भाण्डागार, निर्णयसागर प्रेस,*
*मुंबई, ૧૯૫૨, ૬-૬૬, अज्ञातकर्तृक)*

શંકરની જટામાંનાં ગંગાને પાર્વતી જોઈ ગયાં હોવાથી, શંકાશીલ બનેલાં પાર્વતી અને શંકર વચ્ચે આ પ્રમાણેનો સંવાદ ચાલે છે :

**આસ્વાદકીય મુક્ત અનુવાદ**

શંકાશીલ પાર્વતી શિવને પૂછી રહ્યાં છે : પ્રભુ મહેશ, આ તમારા મસ્તક પર શું છે ? કોણ છે ? શિવનો ઉત્તર છે : મારા મસ્તક પર ? મારી જટામાં ? જળ છે, જળ સિવાય બીજું શું હોઈ શકે, હે માનિની ! કેમ પૂછવું પડ્યું ? પાર્વતીનો પહેલો પ્રશ્ન તો નિષ્ફળ ગયો એટલે આગળ પૂછે છે : મને તો કોઈનું મુખ જેવું દેકાય છે ને ! અરે એ તો, (જરા અચકાઈને) એ તો કમળ છે, કમળ જ હોય ને જે જળમાં ઊગતાં હોય છે (अम्भोरुह).

પણ મારા ભોળા સ્વામી, નારીને હોય છે તેવી શ્યામ કેશની લટ મને તો દેખાય છે ને !

દેવિ, તમે સાવ નાખી દેવા જેવી વાત ન કરો. કમળને શ્યામ કેશની લટ થોડી હોય છે ! (શિવ પોતે મોટેથી અહીં હસે છે.) ઓ પર્વતપુત્રી, તમે તો પ્રકૃતિપ્રેમી છો, પ્રકૃતિની (હિમાલયકી) ગોદમાં ઊછરેલાં છો, ભૂલી ગયાં ? કમળ પર ભમરાઓ બેસતા હોય છે, એની આ હાર છે, કેટલું સ્પષ્ટ છે ?

સારું, એ ભ્રમરોની હાર છે ને, પણ માણસની આંખો પર ભ્રૂકુટિ (ભમ્મર) હોય છે ને તેવી મને ભમ્મર દેખાય છે.

અરે વાહ, તમારી દૃષ્ટિ તો બહુ તીક્ષ્ણ છે, પણ તમે જરા વધારે પડતું જુઓ છો એમ મારે કહેવું પડશે. નદીમાં લહેરો નથી ઊઠતી ? એ છે એ તો. પેલું મેં જળ બતાવ્યું હતું ને (અહીં શિવ ખડખડાટ હસે છે !) એ જળની આ લહેરો છે !

સારું, સારું, એ જે તરંગ તમને દેખાય છે તેની નીચે જરાક આવો, અરે એટલે બધે નહીં, તમે તો કિનારા સુધી આવી ગયા. જે તરંગ દેખાય છે એની જરાક નીચે આવો ને બે ચંચળ નયનો છે એ કોનાં છે ?

આ, આ દો નૈને મતવાલે તિહારે.

અરે મારી વાત નથી કરતી. પેલી બે આંખો છે એ કોણ છે ?

દેવી, હવે તમે અતિશયતામાં સરી પડ્યાં છો. લો, એક આંગળ નીચે આવ્યો, અરે, આ તો માછલીઓ છે, માછલીઓ કદી તમે જોઈ નથી ? હા, પણ, તમે જ્યાં મોટાં થયાં છો ત્યાં તો માછલીઓ તો જોવા ના મળે ને ?

સ્વામી, હું એટલી ભોટ નથી કે મને માછલી અને આંખો વચ્ચેનો ભેદ ન પરખાય.

પણ હવે મને થોડી વ્રીડા ઊપજે છે, પણ મારે કહેવું પડશે. આજે તમે પકડાઈ ગયા છો, મારા દેવ. પેલી સ્તનજોડીનું શું ? હવે તો તમારો અપરાધ સ્વીકારી લો.

દેવિ, તમે આજે બધી જ મર્યાદા વટાવી જવાનાં લાગો છો. એ તો ઝૂલતાં ચક્રવાકોની જોડી છે. જળમાં, પેલું જળ મેં ન'તું બતાવ્યું તે પ્રવાહનાં ચક્રવાકો છે (રથ + અંગ = રથનું અંગ ચક્ર).

આ રીતે, કવિ સંવાદનું સમાપન કરતાં કહે છે, શંકાશીલ બનેલાં પર્વતપુત્રીને છેતરતા ગંગાધર (કવિએ 'ગંગાધર' શબ્દનો જ પ્રયોગ કર્યો છે !) શિવ તમારું રક્ષણ કરે !

સુભાષિતમાં કવિકર્મ એ છે કે પાર્વતી જે જે માનવીય અંગો-ઉપાંગો દર્શાવે છે તેને સંસ્કૃત સાહિત્યશાસ્ત્રમાં ઉપમેય કહેવામાં આવે છે. (મુખ કમળ જેવું છે તો મુખ ઉપમેય અને ચન્દ્રની સાથે મુખને સરખાવવામાં આવ્યું હોવાથી ચન્દ્ર ઉપમાન.) આ સર્વ ઉપમેયો મુખ, શ્યામ અલકલટ, ભ્રૂલતા, નેત્ર, સ્તનયુગલને અનુક્રમે (આ સુભાષિત પ્રમાણે) કમળ, મધુકરશ્રેણી, વીચિકા, માછલી, ચક્રવાકયુગલ છે એમ ઠરાવવામાં આવ્યાં છે. એટલે કે, ઉપમેયોને ઉપમાનો ઠરાવવામાં આવ્યાં છે.

અભિવ્યક્તિની આ એક રમણીય રીતિ પણ છે. મુખ કમળ જેવું છે, ભ્રૂલતા-ભમ્મર એ લહેર જેવી છે એમ કહેવા કરતાં, આ રીત વધુ મનોહર છે ! પાર્વતી જેને ઉપમેય રૂપે જુએ છે તેને ભગવાન શિવ ઉપમાન રૂપે ઠરાવે છે.

અને બીજી રીતે કહીએ તો, શિવ એમ પણ કહે છે કે, તે મુખ નથી પણ કમળ છે, તે શ્યામ કેશની લટ નથી પણ ભ્રમરોની શ્રેણી છે, તે ભ્રૂલતા નથી પણ વીચિકા-તરંગ છે, તે નેત્ર નથી પણ શફર-માછલાં છે (ઊનાં પાણીનાં ?[૨]), તે સ્તનયુગ્મ નથી પણ ચક્રવાકયુગલ છે (તે પણ પ્રેન્ખત્-ઝૂલતાં !). એટલે સંસ્કૃત અલંકારશાસ્ત્ર પ્રમાણે અપહ્નુતિ અલંકાર પણ છે જેમાં પ્રકૃતનો—અહીં ઉપમેયનો નિષેધ કરી તેની જગ્યાએ અપ્રકૃતને – અહીં ઉપમાનને સ્થાપવામાં આવ્યું છે.

અને, અરે, હાં, મુખ્ય ઉપમેય-ઉપમાન (અથવા તો પ્રકૃત-અપ્રકૃત) તો રહી ગયાં !

જે કવિ નારીને જળપ્રવાહ-સરિતા સાથે સરખાવે કે આ નારી નથી, આ તો સરિતા-જળપ્રવાહ છે એ અજ્ઞાત કવિ (જેનો અંદાજે પણ હું સમય નક્કી કરી શકતો નથી, પણ, પાંચ-છ સદીઓ પહેલાંનો તો ખરો જ !)ની આવી કલામય રીતે સંદર્ભિત થયેલી સર્જકતા વિશે તો શું કહેવું ? એ અજ્ઞાતકવિને પ્રણામ.

**સંદર્ભ**

૧. बोद्धारो मत्सरग्रस्ताः प्रभवः स्मयदूषिताः ।
अबोधोपहताश्चान्ये जीर्णमंगे सुभाषितम् ॥
- ભર્તૃહરિના વૈરાગ્યશતકમાંથી

૨. વેણીભાઈ પુરોહિતના 'ઊનાં પાણીનાં માછલાં' શીર્ષક ધરાવતા કાવ્યનો અહીં ઉલ્લેખ છે. આ કાવ્યમાં 'માછલાં' નેત્રો માટે પ્રયોજાય છે.

❑

## સાભાર સ્વીકાર

### નવલકથા

**જીવન ગીતા,** અશોક શર્મા, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ. મુંબઈ/અમદાવાદ, પૃ. ૧૧૮, રૂ. ૧૩૫ **Who** ઈજ ધ **Killer** નીતિન ભટ્ટ, ૨૦૧૯, આર. આર. શેઠ ઍન્ડ કંપની, મુંબઈ/અમદાવાદ, પૃ. ૨૩૦, રૂ. ૨૫૦

# ઉમાશંકર જોશીનું પત્રસાહિત્ય | જિતેન્દ્ર મૅકવાન

**આ**ધુનિક સમયમાં સંદેશાવ્યવહારનાં માધ્યમોમાં ઘણું પરિવર્તન આવ્યું છે. કમ્પ્યૂટર, ઇન્ટરનેટ અને મોબાઈલને કારણે પત્રલેખનની કલા હવે લુપ્ત થતી જાય છે. બાકી એક સમય હતો જ્યારે પત્ર લખવાનો અને વાંચવાનો એક અનેરો આનંદ અને રોમાંચ હતા. ઘણા બધા સર્જકોએ લખેલા પત્રો સાહિત્યમાં પણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ગુજરાતી પત્રસાહિત્યમાં કલાપી (‘કલાપીની પત્રધારા’, ‘કલાપીના ૧૪૪ પત્રો’), ગાંધીજી (‘ગાંધીજીનો અક્ષરદેહ’ ગ્રંથમાળા), કાકાસાહેબ કાલેલકર (‘ચિ.ચંદનને’, ‘વિદ્યાર્થિનીને પત્રો’), ઝવેરચંદ મેઘાણી (‘લિ. સ્નેહાધીન ઝવેરચંદ’, ‘લિ. હું આવું છું.’), સ્વામી આનંદ અને મકરંદ દવે (‘સ્વામી અને સાંઈ’), મનુભાઈ પંચોળી ‘દર્શક’ (‘ચેતોવિસ્તારની યાત્રા’, ‘પત્રતીર્થ’) વગેરે સર્જકોનું પત્રસાહિત્ય જુદા જુદા સંદર્ભોમાં ખૂબ મહત્ત્વનું છે. સમર્થ ગદ્યકાર એવા કવિ શ્રી ઉમાશંકર જોશીનું પત્રસાહિત્ય પણ એમાં મહત્ત્વનું ઉમેરણ છે. બે સંગ્રહોમાં એમના પત્રો સંગ્રહિત થયા છે. ૧૯૨૮માં સત્તર વર્ષની ઉંમરે અમદાવાદમાં તેઓ ભણવા આવ્યા ત્યારથી પોતાના કુટુંબના સ્વજનોને અને પછી કવિ-સાહિત્યકાર તરીકે પ્રસિદ્ધ થયા તેમ સાહિત્યના અનેક સ્વજનોને તેમણે લખેલા પત્રો અહીં સંગ્રહ પામ્યા છે. ઉમાશંકરના આ પત્રોમાં તેમના આંતરવ્યક્તિત્વની કેવી છબી ઝિલાઈ છે અને પત્રલેખક તરીકે તેમની શી વિશેષતા રહી છે તે તપાસવાનો અહીં ઉપક્રમ છે.

**ઉમાશંકર જોશીના પત્રસાહિત્યનો પરિચયઃ**

ઉમાશંકર જોશીના પત્રોના બે સંગ્રહો પ્રગટ થયા છેઃ (૧) ‘પત્રો’ (૧૯૨૮-૧૯૫૦) અને (૨) ‘પત્રો : ૨’ (૧૯૫૧-૧૯૭૦) (પત્રોનો છેલ્લો અને ત્રીજો ભાગ ૧૯૭૧થી ૧૯૮૮ સુધીના પત્રોનો પ્રકાશિત કરવાનું નિવેદનમાં જણાવ્યું છે પરંતુ હજુ સુધી તે પ્રગટ થયો નથી.) અહીં પહેલા ભાગમાં ૩૨૯ અને બીજા ભાગમાં ૬૦૪ એમ કુલ ૯૩૩ જેટલા પત્રો સંગ્રહાયેલા છે. પોતાના જીવનકાળ દરમ્યાન આટલા બધા પત્રો લખનાર ઉમાશંકર ઘણી વાર મજાકમાં પોતાને ‘અ મૅન ઑફ લેટર્સ’ કહેતા એવું ‘પત્રો’ના નિવેદનમાં તેમનાં દીકરી સ્વાતિબહેન જોશીએ નોંધ્યું છે. (અંગ્રેજીમાં લેખક કે સાહિત્યકાર માટે ‘મૅન ઑફ લેટર્સ’ શબ્દો વપરાય છે, આમ તે અર્થમાં તો ઉમાશંકર ‘મૅન ઑફ લેટર્સ’ હતા જ, પણ પોતે બહુ બધા પત્રો-લેટર્સ લખનાર પણ છે એવી રમૂજ અહીં છે.) આ જ નિવેદનમાં સ્વાતિબહેને નોંધ્યું છે કે ‘‘(ઉમાશંકર) પોતાના ગામ બામણાથી નીકળીને મુંબઈ અને અમદાવાદમાં સ્થિર થયા ત્યારથી પોતાના કુટુંબનાં સ્વજનોને અને પછી બહોળા સાહિત્યજગતના પરિવારના સ્વજનોને અને ત્યાર બાદ જાહેર જીવનના

વિસ્તૃત ફલક પર અનેક અધિકારી અને અન્ય વ્યક્તિઓને સતત પત્રો લખતા રહ્યા.''

ઉમાશંકર જોશીના અવસાન બાદ એમનાં પુત્રી નંદિની જોશીએ એમના સ્વજનો અને મિત્રો પાસેથી ઉમાશંકર દ્વારા લખાયેલા પત્રો મેળવવાનું શરૂ કર્યું. મોટા ભાગના લોકોએ કાળજીથી સાચવેલા આ પત્રો આપ્યા. ત્યાર બાદ એ પત્રોની નકલ કરાવી સમયાનુસાર ગોઠવી સંગ્રહ માટે હસ્તપ્રત તૈયાર કરી. મોટી સંખ્યામાં પ્રાપ્ત થયેલા આ પત્રોને અહીં સમયાનુક્રમે (વર્ષ પ્રમાણે) ગોઠવવામાં આવ્યા છે. ૧૯૨૮થી લઈને ૧૯૭૦ સુધીના ગાળામાં લખાયેલા આ પત્રો વાંચતા જઈએ તેમ ઉમાશંકર જોશીના જીવનનાં ઘણાં બધાં પાસાં આપણી સામે ખૂલતાં જાય છે.

આરંભે ભણવાની સાથે દેશસેવાની તત્પરતા, આર્થિક અગવડો વચ્ચે કુટુંબીજનો પ્રત્યેની લાગણી, પિતાના અવસાન બાદ સ્વજનોની જવાબદારી, નબળી આંખો સાથે વાંચવાનો-ભણવાનો સંઘર્ષ, આ દરમ્યાન સર્જાતું સાહિત્ય, પ્રગટ થતાં પુસ્તકો, સાહિત્યના નિકટના સ્વજનો સાથે થતી સાહિત્યિક ચર્ચાઓ, લગ્નજીવન, શિક્ષક તરીકે, સંશોધક તરીકે, અધ્યાપક તરીકેની નોકરીમાં આવતા ચઢાવ-ઉતાર, સ્વતંત્રતા બાદ દેશની અને સમાજની સ્થિતિ જોઈને અનુભવાતી નિરાશા, જાહેર-જીવનના પ્રશ્નો અંગે ચિંતન, 'સંસ્કૃતિ' સામયિક ચલાવવાની નિસબત અને મથામણ, દીકરીઓ પ્રત્યેનું વાત્સલ્ય જેવાં કવિના વ્યક્તિત્વનાં અનેક સ્વરૂપો આ પત્રોમાંથી ઊપસતાં જાય છે. જુદી જુદી વ્યક્તિઓને જુદા જુદા સમયગાળામાં લખાયેલા આ પત્રોમાંથી ઉમાશંકર જોશીના આંતરજીવનની કેવી ઝલક મળે છે તે હવે આપણે તપાસીએ.

આ પત્રોને અભ્યાસની સરળતા માટે મુખ્ય ચારેક વિભાગમાં વહેંચી શકાય : (૧) કુટુંબીજનો પરના આરંભના પત્રો, (૨) સાહિત્ય-પરિવારના નિકટના મિત્રો, મુરબ્બીઓને લખાયેલા પત્રો, (૩) દીકરીઓ પરના પત્રો, અને (૪) પ્રાસંગિક, વહેવારુ કામકાજના તથા કેટલાક વિશેષ પત્રો.

**(૧) કુટુંબીજનો પરના આરંભના પત્રો**

સંગ્રહમાં ઉમાશંકરનો સૌપ્રથમ પત્ર તા. ૨૪ સપ્ટે. ૧૯૨૮ના રોજ મોટાભાઈ રામશંકર જોશીને અંગ્રેજીમાં લખાયેલો છે. તેમાં સારંગપુરમાં તેમના રહેવાના રૂમ અંગે અને આવનાર વેકેશનમાં પોતે મિત્રો સાથે આબુ જવાની યોજના કરે છે તેની માહિતી છે. ત્યાર પછીના પાંચેક વર્ષના પત્રો મોટે ભાગે રામશંકર જોશી તથા અન્ય ભાઈઓ, પિતા (જેઠાલાલ જોષી), મામા (કૃષ્ણરામ ઠાકર), મામી તથા અન્ય સ્વજનો પર લખાયેલા છે. તેમાં કેટલીક બાબતો નોંધપાત્ર છે. ૧૯૨૮માં ગુજરાત કૉલેજમાં દાખલ થયા એ જ વર્ષે ઑક્ટોબરમાં સાયમન કમિશનના વિરોધમાં વિદ્યાર્થીઓએ પરીક્ષાનો બહિષ્કાર કર્યો ત્યારે પ્રિન્સિપાલે એમને ત્રણ રૂપિયાનો દંડ કર્યો, તેના વિરોધમાં કોલેજમાં હડતાળ પડી. ઉમાશંકર પણ તેમાં જોડાયેલા ત્યારે એમના મામાએ બધું બાજુ પર મૂકી અભ્યાસમાં ધ્યાન આપવાનું જણાવ્યું હતું. તેના જવાબમાં લખાયેલા પત્રમાં હજુ તો યુવાવસ્થામાં પ્રવેશતા ઉમાશંકરની દેશદાઝ સચોટ રીતે વ્યક્ત થઈ છે તે નોંધીએ :

''આજ નવનવ દિવસથી સ્ટ્રાઇક ચાલુ છે. અને કોલેજના કમ્પાઉન્ડમાં પણ કોઈ

પેસતું નથી. બહાર રોજ સભા કોઈ અગ્રણીના પ્રમુખપદે ભરાય છે, અને વિદ્યાર્થીઓમાં નવીન જોમ ઉભરાય છે. હવે ત્રણ રૂપીઆ કે પુનઃપરીક્ષા એવું કશું રહ્યું નથી; હવે તો ચોક્ખો 'રાજનૈતિક સવાલ' ખડો થયો છે. ઘમંડી કાર્યભારીઓની મરજીને હિન્દનો યુવાન વશ થશે, કે હિન્દના યુવકની મરજીનો જ અમલ થશે? આ પ્રશ્ન અત્યારે ધૂંધવાયો છે, જ્વાળાઓ સળગશે. દિશદિશમાં ભભૂકશેઃ અત્યાચાર ક્યાંય બળીને રાખ થઈ જશે.'' (પત્રો (૧૯૨૮-૧૯૫૦), પૃ.૯).

દેશપ્રેમની આવી તીવ્ર લાગણીની સાથે સાથે સામાજિક કુરૂઢિઓના વિરોધની વૃત્તિ પણ આ યુવાન ઉમાશંકરમાં પ્રબળ છે. એમના કુટુંબમાં યોજાયેલા એક બાળ-લગ્નનો વિરોધ કરતા એક પત્રમાં એમણે લખ્યું કે ''સ્ત્રીની કિંમત આપણે ત્યાં બચ્ચાં જણનાર યંત્ર સિવાય બીજી કશી નથી.'' એ જ દિવસે (૯ મે, ૧૯૩૦) પિતાશ્રીને લખેલા પત્રમાં પણ પિતાજીએ આ બાળ-લગ્નમાં સાથ આપ્યો તે અંગેનો આક્રોશ આકરા શબ્દોમાં વ્યક્ત થયો છે, તે જોઈએ :

'પૂજ્ય પિતાશ્રી

ત્હમને વિનવી વિનવીને થાક્યો છતાં, આખરે આંખ આડા કાન કર્યા જેવું થયું. મારો પત્ર મળે તે પહેલાં તો બારશ વહી ગઈ હશે ને કરૂણાના બાર વાગી ગયા હશે. કોનો વાંક કાઢું? ને કોના ઉપર ક્રોધ કરું? પણ વાંક કાઢે ને ક્રોધ કરે, હવે શું વળશે? રૂઢિની ગુલામીથી સૌ એટલાં ટેવાઈ ગયાં છીએ કે આપણને પોતા કરતાં, પોતાનાં કરતાં રૂઢિનું રક્ષણ વધારે સાંભરે છે... વધારે દિલગીરીનું કારણ તો એ છે કે આપના જેવા બુઝુર્ગ અનુભવસિદ્ધ પુરુષને પણ જાણવા છતાં ખોટી આબરૂના બૂરા ખ્યાલ નીચે રૂઢિની જહેમત ઉઠાવવી પડે છે.'' (પત્રો (૧૯૨૮-૧૯૫૦), પૃ. ૧૬).

માત્ર ૧૯ વર્ષની ઉંમરે વિચારોની આવી પક્વતા અને પિતા જેવા વડીલોને પણ સ્પષ્ટ શબ્દોમાં કહી દેવાની હિંમત આશ્ચર્ય ઉપજાવે છે. આ જ સમયગાળામાં તેઓ અભ્યાસ છોડીને સત્યાગ્રહમાં જોડાય છે. વીરમગામ છાવણીમાં રહી 'વીરમગામ સત્યાગ્રહ સમાચાર' પત્રિકાના પ્રકાશનમાં મદદ કરે છે. અંગ્રેજ સરકાર દ્વારા ધરપકડ થાય છે. ૧૪ અઠવાડિયાંની સખત જેલની સજા થાય છે. ત્યાંથી છૂટીને કૉંગ્રેસના અધિવેશમાં ભાગ લેવા સઢવાળા નાના જહાજમાં દરિયામાર્ગે મુસાફરી કરીને કરાંચી જાય છે. પાછા આવીને આગળ અભ્યાસ માટે કૉલેજમાં ન જોડાતાં વિદ્યાપીઠમાં કાકાસાહેબ કાલેલકર સાથે રહી વિદ્યાપીઠની લાઈબ્રેરીમાં વાંચવાનું અને પાંચકૂવા પાસે વિદેશી કાપડના પિકેટિંગમાં જવાનું જેવી પ્રવૃત્તિઓમાં પરોવાય છે. આ બધા બનાવો દરમ્યાન કેવાં મનોમંથનો અનુભવે છે તેનો સરસ ચિતાર આ ગાળાના પત્રોમાં જોવા મળે છે.

૧૯૩૨માં સ્વાતંત્ર્યસંગ્રામના સૈનિક તરીકે આઠ માસનો બીજો જેલનિવાસ પણ વેઠે છે. જેલમાં પણ વાચન-લેખનપ્રવૃત્તિ ચાલુ રાખે છે. ૧૯૩૩-૩૪માં પિતાજીની માંદગી દરમ્યાન ઉમાશંકર એમની સારસંભાળ માટે વતન બામણામાં રહે છે. એપ્રિલ, ૧૯૩૪માં પિતાજીનું અવસાન થાય છે. એ જ વર્ષે જૂન માસથી મુંબઈની એલ્ફિન્સ્ટન

કૉલેજમાં અધૂરો અભ્યાસ પૂર્ણ કરવા પ્રવેશ મેળવે છે અને તેમનો મુંબઈનિવાસ અને વધુ સાહિત્યિક પ્રવૃત્તિઓ શરૂ થાય છે.

**(૨) સાહિત્યકારો પરના પત્રો**

અભ્યાસકાળથી જ ઉમાશંકરનું સાહિત્યસર્જન શરૂ થઈ ગયું હતું. જેલનિવાસ દરમ્યાન પણ વાચન-લેખન ચાલતું હતું. કાવ્યો, વાર્તાઓ, એકાંકીઓ લખાતાં હતાં. કાકાસાહેબ ઉપરાંત રામપ્રસાદ શુક્લ, સુન્દરમ્, ઝવેરચંદ મેઘાણી, હરિશ્ચંદ્ર ભટ્ટ, ગુલાબદાસ બ્રોકર, ચુનિલાલ મડિયા વગેરે સર્જકો સાથે નિકટનો નાતો સ્થપાતો જાય છે. આ સાહિત્યસ્વજનો પરના પત્રો અહીં ખૂબ મોટી સંખ્યામાં સંગ્રહાયા છે. આ ઉપરાંત પણ ઘણા સર્જકો-વિવેચકો સાથે અવારનવાર એમનો પત્રનાતો જોવા મળે છે, જેમાં કિસનસિંહ ચાવડા, નગીનદાસ પારેખ, નિરંજન ભગત, મહેન્દ્ર મેઘાણી, અસિમ રાંદેરી, કરસનદાસ માણેક, ભૃગુરાય અંજારિયા, રમણલાલ જોશી, ચંપકલાલ વ્યાસ વગેરેનો સમાવેશ થાય છે. સમકાલીનો ઉપરાંત એ સમયના કેટલાક વડીલ-મુરબ્બીઓ એવા ગાંધીજી, આનંદશંકર ધ્રુવ, રસિકલાલ પરીખ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, બ.ક. ઠાકોર, રા.વિ. પાઠક, બચુભાઈ રાવત પરના કેટલાક પત્રો પણ અહીં સચવાયેલા છે. જેમાં આ મુરબ્બીઓ પ્રત્યેનો ઉમાશંકરનો સ્નેહાદર છલકાતો જોવા મળે છે.

સાહિત્યકારો સાથેના આ પત્રવ્યવહારમાંથી ઉમાશંકરની વિલક્ષણ સાહિત્યસૂઝ, સાહિત્ય પ્રતિ પ્રામાણિક નિષ્ઠા, અન્યોના સર્જનમાં પણ સક્રિય રસ લેવાની વૃત્તિ, મિત્રોની કૃતિઓ પ્રત્યે પણ તટસ્થ સમીક્ષા, સાહિત્ય પરિષદની સ્વાયત્ત કામગીરી માટેની હોંશ વગેરે ગુણો ખાસ ધ્યાન ખેંચે છે. અહીં થોડા નમૂનાના પત્રાંશો પરથી તેમની આ સાહિત્યપ્રીતિ અને સાહિત્યસ્વજનો પ્રત્યેના સ્નેહસખ્યનો અનુભવ કરીશું.

તા. ૩-૮-૧૯૩૨ના રોજ સાબરમતી જેલમાંથી લખેલા એક પત્રમાં રામપ્રસાદ શુક્લ (રતિભાઈ)ને સંબોધીને તેમણે લખ્યું છે તેમાં તેમના એકાંકીલેખન વિશે સરસ નોંધ જોવા મળે છે :

‘‘અમને અહીં લખવાનું ઠીક મળ્યું. ૨૫-૩૦ ઊર્મિકાવ્યો લખ્યાં છે. એક તો નવીન પ્રયોગ છે. પણ અહીં મારા અસ્તિત્વનું એક નવું અંગ ઉઘડ્યું. નાટકો, ઇબ્સન, શૉ, ગોલ્સવર્ધી, સીંજ, બર્કલી, અને બીજા નવીનોનાં ઠીકઠીક વાંચવામાં આવ્યાં. પેલા શહીદો (જેમાં ઈશુ પણ એક પાત્ર છે. પ્રાંતિજ હતા ત્યારે મેં કાગળમાં લખેલું. યાદ છે ને?)વાળું નાટક લખી દીધું. પછી થયું. આવું Idealistic લખવા કરતાં તદ્દન Realistic લખવું. પહેલો જ પ્રયત્ન સફળ થયો. ‘સાપના ભારા’ ઘણાને વંચાવ્યું છે. સૌનેય ગમ્યું છે. પછી તો આજલગીમાં થઈ કુલ છ એકાંકી નાટકો (એક પ્રકાશનની સામગ્રી) લખ્યાં. બધાંના વિષયો લોક-જીવનમાંથી છે, ભાષા ઈડરી બોલી (dialect) એથી બધાંય throoughly original છે એ એનું ખાસ અંગ. ચાર તો ટ્રેજેડી છે. તમને નવાઈ થશે કે નાટકમાં ને તેમાં ખાસ કરીને ટ્રેજેડીઝમાં હું શું સમજું. પણ મેં ચાંચ બોળવા હિંમત કરી છે. ને તમે એમાંનો ટ્રેજીક ઇન્ટરેસ્ટ જોશો ત્યારે જરૂર છક થશો. ભાઈ ‘સુન્દરમ’ને એ બહુ ગમ્યાં છે.’’ (તા.૩-૮-૧૯૩૨, ‘પત્રો’, પૃ. ૩૫).

માત્ર વીસ વર્ષની ઉંમરે, હજુ તો સ્નાતક પણ થયા નહોતા એ સમયે સાહિત્યની આવી સૂઝ અને નોંધપાત્ર કૃતિઓનું સર્જન તેમનામાં રહેલી સહજ પ્રતિભાનો પરિચય આપે છે. અહીં સુન્દરમ્‌નો ઉલ્લેખ છે જે તેમના સારસ્વત સહોદર ગણાયેલા છે. બંને કવિઓને સર્જનના આરંભથી પરસ્પરના સાહિત્ય માટે આવી કદર જોવા મળે છે. ૧૯૩૧થી લઈને ૧૯૭૦ સુધીના સુન્દરમ્ પરના ૭૦થી વધુ પત્રો અહીં સંગ્રહાયા છે. તેમાં આરંભના કેટલાક પત્રો તો ખૂબ નિરાંતે લખાયેલા છે(અમુક પત્રો આઠ-દસ પાનાંના છે!). આ પત્રોમાં મિત્રો વચ્ચેની આત્મીયતા, પુસ્તકપ્રકાશન અંગેની વહેવારુ સલાહો, કૃતિઓ અંગે ટીકા-ટિપ્પણો, ક્યારેક રમૂજો અને નિકટનો કૌટુંબિક નાતો જોવા મળે છે. કેટલાક પત્રાંશો જોઈએ :

‘‘મને લાગ્યું છે કે બ્રિટિશ રાજ્યમાં ખેડુને કરમે કુસકા રહે છે તેમ ગુજરાતી સાહિત્યમાં લેખકને કરમે એની ચોપડીનાં અવલોકનો જ માત્ર રહે છે.

.....

મારી માન્યતા :

સાહિત્યસર્જન પાછળ પૈસાનો ખ્યાલ ન રહે.

પણ

પણ એકવાર કંઈ છપાવીએ તો બાઘા બનવું નહિ. આપણે ઘરના (કે જેલના) રોટલા ખાઈને લખીએ ને કમાણી કરે બીજા એમ ન બને એ જરૂર જોવાનું. આટલી જ વાત.’’ (તા. ૧૭-૭-૩૩, ‘પત્રો’, પૃ. ૪૧).

*

‘‘આજ સવારે મારા ભાઈનો અ’વાદથી કાગળ છે એમાંથી ખબર પડી કે તમને રણજિતરામ (એ નામ જોડે સંધાવાથી ખરેખર તમારે મગરૂર થવું જોઈએ.) સુવર્ણચંદ્રક મળ્યો. બે દિવસથી અહીં પુરાઈ રહીને પરીક્ષાનું વાંચતો હતો એટલે બહાર છાપાં પણ નહિ જોયેલાં. નવી વાત હોય એમ બપોરે શ્રી મેઘાણીને કહેવા ગયો તો એમણે શનિનું જ જન્મભૂમિ ધર્યું. (એ લખાણ એમનું નહિ હો - by the way!) એ પણ મારા જેટલા જ ખુશ થયા હતા.’’ (તા.૧-૧૦-૧૯૩૪, ‘પત્રો’, પૃ.૬૪-૬૫).

*

‘‘પ્રિય ભાઈ શ્રી,

Shatayuh Kava – शतायुः कव – એવો કાલે તારસંદેશો અમે મોકલ્યો તે મળ્યો હશે. (તેમાં ઉપર પ્રમાણે સુધારો કરી લેશો.) ગુજરાતી ભાષા બોલનારના જીવનમાં તમે કેટલી મધુરતા આ વરસોમાં ઉમેરી છે અને હજી એટલાં વરસ ઉમેરતા રહો અને તમારી ઈષ્ટ રીતે જીવનની કૃતાર્થતા પામો એ જ પ્રાર્થના.’’ (તા. ૨૩-૩-૧૯૬૮, ‘પત્રો : ૨’, પૃ. ૫૫૬).

સુન્દરમ્‌ના જેટલો જ સ્નેહાદર ઉમાશંકરને ઝવેરચંદ મેઘાણી પ્રત્યે પણ છે. ૧૯૩૭થી

લઈને ૧૯૪૭માં મેઘાણીનું અવસાન થયું ત્યાં સુધીના ૩૭ જેટલા પત્રોમાં આ પ્રેમ અને આદર દેખાઈ આવે છે. મેઘાણીને પણ ઉમાશંકર માટે એવો જ ભાવ હતો તે પણ આ પત્રોમાંથી જોઈ શકાય છે. એક પત્રનો આરંભ જોઈએ :

''પ્રિય ભાઈશ્રી ઝવેરચંદ મેઘાણી અને બેન ચિત્રાદેવીની સેવામાં,

મુંબઈમાં તમારો કાગળ મળેલો, એને કાગળ કરતાં નાનકડી પુસ્તિકા કહીએ તો ખોટું નહિ. વાંચતાં વાંચતાં બહુ જ લહેર આવી.... તમે રોજરોજની લેખન-મજૂરીમાંથી આટલો સમય કેમ ચોર્યો હશે તેની જ મને તો નવાઈ થતી હતી.... એટલા સમયમાં તો તમે કદાચ એકાદ વાર્તા બેસાડી કાઢત, પણ મને તો ખબર છે જ કે સાહિત્યવાર્તા કરતાં જીવનવાર્તામાં જ તમને વધારે રસ છે. આપણા જેવા માણસોને જોડનારું તત્ત્વ પણ કદાચ એ જ છે.'' (તા. ૨૦-૫-૧૯૩૭, 'પત્રો', પૃ. ૧૧૩).

મેઘાણી પરના આ બધા પત્રો આવા જ સ્નેહભાવથી છલકે છે. ઉમાશંકરે મેઘાણી સાથે તેમના પત્રકારત્વની, પુસ્તકસમીક્ષાઓની, લોકસાહિત્યના સંશોધન-સંપાદનની, સાહિત્યસર્જન અંગેની ખૂબ રસપ્રદ ચર્ચાઓ આ પત્રોમાં કરી છે. મેઘાણીના સંઘર્ષમય અંગત જીવન અને સાંસારિક સમસ્યાઓનો પણ ક્યારેક ઉલ્લેખ છે. આ બધામાં ઉમાશંકરનો મેઘાણી માટેનો સમભાવ અને આદર પ્રદર્શિત થાય છે.

ગુજરાતીના એક વિચક્ષણ કવિ હરિશ્ચંદ્ર ભટ્ટ પરના ૪૬ જેટલા પત્રો ઉમાશંકરનો તેમની સાથેનો મધુર મૈત્રીસંબંધ પ્રગટ કરે છે. અંગ્રેજી ઉપરાંત પોલિશ, જર્મન જેવી ભાષાઓ જાણનાર અને રિલ્કે, બોદલેર જેવા કવિઓના ઊંડા અભ્યાસી, વિશ્વસાહિત્યથી સુપેરે પરિચિત આ કવિ સાથે ઉમાશંકરના પત્રોમાં વિદેશી સાહિત્યની ઘણી ચર્ચા જોવા મળે છે. હરિશ્ચંદ્ર ભટ્ટે ઉમાશંકરને યુરોપિયન સાહિત્યનાં ઘણાં પુસ્તકો વાંચવા આપેલાં. ઉપરાંત ઉમાશંકરે ઘણાંબધાં વિદેશી પુસ્તકો હરિશ્ચંદ્ર પાસેથી મંગાવેલાં એની પણ નોંધો લગભગ બધા પત્રોમાં છે. કાવ્યપંક્તિઓ કે પંક્તિમાંના શબ્દો અંગેની ચર્ચા પણ ધ્યાન ખેંચે છે. હરિશ્ચંદ્રના અંગત જીવન, નોકરીની સમસ્યા અંગે પણ ઉમાશંકરની મિત્ર તરીકેની નિસબત જોવા મળે છે. હરિશ્ચંદ્ર ભટ્ટના અવસાન બાદ ઉમાશંકરે એમના કુટુંબને ખાસ્સો સધિયારો આપેલો તે એમની દીકરી મીરાં પરના પત્રોમાંથી જોઈ શકાય છે. મુંબઈમાં ઉમાશંકરનો આવો જ અંગત સંબંધ ગુલાબદાસ બ્રોકર સાથેનો પણ તેમની પરના ૬૩ જેટલા પત્રોમાં જોવા મળે છે. બ્રોકરના સાહિત્યની ચર્ચા ઉપરાંત મુંબઈના સાહિત્યિક વાતાવરણ વિશેની થોડી વાતો પણ એમાં છે. બ્રોકરને લખેલા પત્રોને અંતે (કરસનદાસ) માણેક, (સુંદરજી) બેટાઈ, મનસુખલાલ (ઝવેરી) વગેરે ઘણા મિત્રોને સ્નેહસ્મરણ પાઠવેલાં જોવા મળે છે.

આ સંગ્રહમાં સૌથી વધુ (૨૩૦થી વધુ) પત્રો ચુનિલાલ મડિયા પરના છે. (તેમાં બે-ચાર-છ લીટીના નાના પત્રો પણ સામેલ છે.) મડિયાના આરંભકાળથી તેમના સર્જન અને અંગત જીવનમાં ઉમાશંકર રસ લેતા રહ્યા છે. પરીક્ષામાં સફળ ન થતા મડિયાને અભ્યાસ પૂર્ણ કરવા અંગે અવારનવાર ટકોર, તેમની કારકિર્દી અંગે, સાહિત્યિક પ્રવૃત્તિ અંગે માયાળુ વડીલની જેમ ઉમાશંકર સૂચનો આપતા રહ્યા છે. મુંબઈ અને અમદાવાદમાં

એકબીજાના ઘરે આવવા-જવાનો ઘરોબો પણ આ કુટુંબો વચ્ચે કેળવાયો હતો. મડિયા અને તેમના પરિવાર માટેનો મધુર સ્નેહ ઉમાશંકરના પત્રોમાં જણાઈ આવે છે. એક-બે પત્રાંશો જોઈએ :

‘‘પણ ઘર છોડતાં પ્રધાન પ્રવૃત્તિ ભણવાની – એ સંકલ્પ કરીને જ નીકળશો.

...મુંબઈમાં B.Com.નો બિલ્લો મેળવ્યા પહેલાં જાઓ તો મને વહેમ આવે કે એ કદી જ પછી નહિ થાય... વિચારશો.

જિંદગી હજી આખીની આખી બાકી છે. શ્રદ્ધા અને સદભાવનાપૂર્વક હિંમત કરનારને ક્યાંય-ક્યારેય પાછા પડવાનું નથી.

સ્નેહાધીન ઉમાશંકર જોષી’’ (તા. ૧૬-૧૧-૧૯૪૪, ‘પત્રો’, પૃ. ૩૨૦-૩૨૧).

*

‘‘પ્રિય ભાઈશ્રી મડિયા,

આજે સવારે છાપાંમાં તમને રણજિતરામ સુવર્ણચંદ્રક અપાયાના સમાચાર છે. તમે ઈનામો-ચંદ્રકોથી આગળ ખસી ગયા છો તેમ છતાં સાહિત્યિક મંડળો આવા વિશેષ ઉપચારથી જ પોતાની લાગણી વ્યક્ત કરી શકે એટલે અમે પણ તેની પછવાડે પછવાડે અભિનંદન આપવાની તક લઈએ છીએ...’’ (તા.૬-૮-૧૯૫૮, ‘પત્રો : ૨’, પૃ. ૨૬૪).

૧૯૩૫માં ગાંધીજીએ સાહિત્ય પરિષદના પ્રમુખ થવાનું સ્વીકાર્યું ત્યારે ઉમાશંકરે ગાંધીજીને લખેલા ત્રણ પત્રો અહીં સંગ્રહાયા છે. એ સમયે પરિષદ પર કનૈયાલાલ મુનશીનું પ્રભુત્વ હતું. કોઈ નવીન પેઢીનાં તત્ત્વોને તે દાખલ થવા દેવા માંગતા નહોતા. ‘ભદ્રવર્ગીય સાક્ષરો’ જ પરિષદનું સંચાલન કરે એ ઉમાશંકરને યોગ્ય જણાતું નથી, માટે ગાંધીજી આવી સંસ્થાના પ્રમુખ થાય એના વિરોધમાં ઘણા આકરા શબ્દોમાં એક લાંબો પત્ર ગાંધીજીને લખ્યો હતો. તેના અનુસંધાનમાં જ બીજા બે પત્રો પણ હતા. આ પત્રોમાં પરિષદમાં ‘સાહિત્ય અને લોકજીવન વચ્ચેનું અંતર રાખવા માટે’ અને બંધારણમાં સુધારા કરી નવીનોને તક આપવા અંગે પ્રમુખપદે બેસવા જનાર ગાંધીજી પાસે અપેક્ષા વ્યક્ત થઈ છે :

‘‘....છતાં આપ પ્રમુખ થાઓ છો એટલે આપને ‘બંધારણ’ પણ સાદું કરી આપવાની એક સારી તક છે.... જેના લીધે પરિષદમાં નવાં તત્ત્વો સહેજે દાખલ ન થઈ શકે, એવા બંધિયાર બંધારણને શું કરે?....

મને લાગે છે કે બંધારણમાં આપ જરૂરી ફેરફાર કરી આપો તો આપને હાથે પરિષદ અને ગૂજરાત પર વળી એક મહા ઉપકાર થશે.’’ (નવેમ્બર, ૧૯૩૫, ‘પત્રો’, પૃ. ૭૭).

પછીનાં વર્ષોમાં પણ મેઘાણી અને અન્ય પરના પત્રોમાં ઉમાશંકરે પરિષદના નવા બંધારણ ઘડતર માટે ખાસી જહેમત લીધી હોવાનું જોવા મળે છે. આમ, ઉમાશંકરની સાહિત્યપ્રીતિ અને જીવન તથા સાહિત્ય માટેની નિસબત આ પત્રોની વિશેષતા છે.

### (૩) દીકરીઓ પરના પત્રો

ઉમાશંકર જોશીની કુટુંબવત્સલતા અને દીકરીઓ પ્રત્યેનો અનુરાગ પણ તેમના જીવનનું એક આગવું પાસું છે. પોતે વિદેશ પ્રવાસે હોય ત્યારે તથા દીકરી વિદેશમાં ભણવા ગઈ ત્યારે લખાયેલા સંખ્યાબંધ પત્રોમાં એમનો વાત્સલ્યભાવ સરસ રીતે વ્યક્ત થયો છે. મોટી દીકરી નંદિની (જન્મ ૧૯૪૧) અને નાની દીકરી સ્વાતિ (જન્મ ૧૯૪૮) પર લખાયેલા સૌપ્રથમ પત્રો ૧૯૫૬ના છે. જ્યારે બંને દીકરીઓ અનુક્રમે ૧૫ વર્ષ અને ૮ વર્ષની હશે ત્યારે આ પત્રો લખાયા છે. એ વર્ષે ભારત સરકાર તરફથી અમેરિકાની યુનિવર્સિટીઓમાં 'જનરલ એજ્યુકેશન'ના અભ્યાસાર્થે ગયેલા પ્રતિનિધિમંડળના સભ્ય તરીકે ઉમાશંકર જોશીએ અમેરિકા અને ઇંગ્લૅન્ડનો પ્રવાસ કરેલો. ત્યાંથી પાછા વળતાં ળાન્સ, જર્મની, ઇટાલી, ગ્રીસ વગેરે દેશોમાં પણ એ ગયેલા. માર્ચના અંતથી લઈને ઑગસ્ટના આરંભ સુધી ચારેક મહિનાના આ વિદેશ વસવાટ દરમ્યાન એમણે ખૂબ નિયમિત રીતે બંને દીકરીઓને ૨૫ જેટલા પત્રો લખેલા. આ પત્રોમાં પ્રવાસવર્ણનની શૈલી છે. વિમાની મુસાફરોના વર્ણનથી શરૂ કરી જ્યાં રોકાયા તે જગ્યા, ભોજન, ભોંયરામાં ચાલતી મેટ્રો ટ્રેનના અનુભવ, પ્રથમ વાર ગગનચુંબી મકાનો (૫૦, ૬૦, ૭૦ માળના) જોવાનો અનુભવ વગેરે દીકરીઓને પ્રત્યક્ષ થાય એ રીતે લખ્યું છે. અમેરિકા, ઇંગ્લૅન્ડ અને યુરોપના કુદરતી સૌંદર્ય ધરાવતા દેશોનાં જુદાં જુદાં શહેરો – ન્યૂ યૉર્ક, એમહર્સ્ટ, શિકાગો, મેડિસન, ઑક્સફર્ડ, લંડન, પૅરિસ વગેરે જગ્યાએથી આ પત્રો લખાયા છે. આ પત્રોમાં જે તે જગ્યાના જોવા જેવાં સ્થળોનું સૌંદર્ય, ત્યાંના લોકો, તેમની રહેણીકરણી, ખાણીપીણી, મ્યુઝિયમો, પ્રસિદ્ધ સાહિત્યકારોનાં ઘરો-સ્મારકો વગેરે વિશે પણ રસપ્રદ વર્ણનો અહીં જોવા મળે છે. સાથે સાથે પોતાની કામગીરી અંગે, ત્યાંની યુનિવર્સિટીઓ વિશે, વિદ્યાર્થીઓ વિશે, ત્યાં મળતા વિદ્વાન પ્રોફેસરો વિશે પણ માહિતી આપતા જાય છે. અમેરિકાના ૮૩ વર્ષના પ્રસિદ્ધ કવિ રૉબર્ટ ફ્રોસ્ટને ઘરે બે-ત્રણ વાર નિરાંતે મળવાનો પ્રસંગ વર્ણવે છે. તેમની સાથે રાત્રે મોડા સુધી 'ઘરના ડોસા હોય એ રીતે વાતો થઈ'. તેમણે પોતાની કવિતાનું પુસ્તક (collected wroks) ભેટ આપ્યું, તેમની વાતમાં તેઓ કેરી ઉગાડે છે વગેરે મજાની વાતો એમણે લખી છે. તો હાર્વર્ડ વિશે લખ્યું છે :

'''હાર્વર્ડ તો વિદ્વાનોનું ઘર છે. ૩૦૦ વર્ષ જૂની યુનિવર્સિટી છે. ત્યાં વિવેચક-ચિંતક આઇ. એ. રિચર્ડ્સ સાથે જમતી વખતે બેસવાનું હતું. ઘણી વાતો-ચર્ચાઓની તક મળી. બીજે દિવસે એમની સાથે સવાર ગાળી. છ મહિના પણ ઓછા પડે, પણ અમારે બે-ત્રણ દિવસમાં જ ડેરા ઉપાડવાના હતા.'' (તા.૨૪-૪-૧૯૫૬, 'પત્ર-૨', પૃ. ૧૫૫).

આ દરેક સમય દરમ્યાન તે દીકરીઓને વહાલથી યાદ કરતા રહે છે :

''રોજ સાંજે સૂતાં પ્રાર્થના કરું છું અને સ્વાતિ, નંદિની નિશાળે જવા જમવા બેઠાં હશે એ ચિત્ર નજર આગળ આવે છે. સવારે ઊઠું છું ત્યારે પ્રાર્થના કરું છું અને સ્વાતિ નિશાળથી આવતી હશે એ નજરે પડે છે. ૧૧ કલાકનો ફેર છે.'' (તા. ૫-૪-૧૯૫૬, 'પત્ર-૨', પૃ. ૧૪૪).

*

''અહીં જોવાનું બહુ છે. સ્વાતિ તો જોવાનું શરૂ કરે તો જોવામાં ને જોવામાં જ નંદિની જેવડી થઈ જાય.'' (તા. ૧૩-૪-૧૯૫૬, 'પત્રો : ૨', પૃ. ૧૪૮).

*

''અહીં કાંઈ સારું જોવા મળે કે બને તો એ બધાનો હેવાલ લખવાનું મન થાય - તમે હોંસેહોંસે વાંચો અને આનંદમાં ભાગ પડાવો એ માટે.'' (તા.૨-૭-૧૯૫૬, 'પત્રો : ૨', પૃ. ૧૯૫).

*

''ચિ. બેન નંદિની,

મેં લખેલો કાગળ તને આજે વરસગાંઠને દિવસે મળ્યો? તને હું ખૂબ યાદ કરું છું અને તારો બધી રીતે સુંદર વિકાસ થાય એવું ઇચ્છું છું.

.....

બેન સ્વાતિ બહુ યાદ આવે છે. કોઈ વાર તો એનું ધ્યાન ન ચાલતું હોય!'' (તા. ૫-૭-૧૯૫૬, 'પત્રો : ૨', પૃ. ૧૯૭-૯૮).

ત્યાં કાર્યક્રમોની વ્યસ્તતા અને અહેવાલલેખન, મેળાવડાઓ વગેરે વચ્ચે પણ ઉમાશંકર એક વત્સલ પિતા તરીકે દીકરીઓની વર્ષગાંઠ યાદ રાખીને તે જ દિવસે તેમને પત્ર મળે તેમ પત્રો પોસ્ટ કરે છે. તેમના ભણતરની ચિંતા કરે છે. ત્યાં એમની ઉંમરની છોકરીઓ સાથે વાર્તાલાપ કરીને પણ દીકરીઓને યાદ કરી લે છે. ખરેખર, આ પત્રો વાંચવા એ દીકરીઓ માટે અદ્ભુત લહાવો હશે!

સપ્ટે. ૧૯૬૧માં નંદિનીબહેન અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીમાં વધુ અભ્યાસ માટે ગયાં ત્યારે બે વર્ષ દરમ્યાન તેમની પર લખાયેલા ૧૨૩ પત્રો અહીં સંગ્રહાયા છે. આ પત્રોમાં પણ ઉમાશંકરનું પિતૃહૃદય નિરંતર ધબકતું જોવા મળે છે. આરંભના પત્રોમાં કોર્સની પસંદગી વિશે, ત્યાર બાદ ત્યાં રહેવા વિશે, જમવા વિશે, આર્થિક ચિંતા ન કરવા વિશે, ભણવામાં તબિયતનું ધ્યાન રાખવા વિશે દરેક પત્રમાં અવારનવાર સલાહ-સૂચનો જોવા મળે છે. દીકરીની સારી કારકિર્દી માટે એક વિદ્વાન અને પ્રેમાળ પિતાની ચિંતા અહીં જોઈ શકાય છે. પરદેશમાં રહેતી દીકરીને ભણવાની સાથે સાથે ત્યાંના સુંદર હવામાન, ખોરાક-પાણીને લીધે સ્વાસ્થ્ય સુદૃઢ બનાવવાની, ત્યાંના સાંસ્કૃતિક જીવનનો આનંદ માણવાની, સારાં નાટકો જોવાની સલાહ પણ તેઓ આપે છે. અહીંની કૌટુંબિક સામાજિક વાતોની સાથે રાજકારણના, ચૂંટણી-પરિણામોના સમાચાર પણ આ જાગ્રત પિતા આપતા રહે છે. નંદિનીબહેનને પ્રેરણા અને ઉત્તેજન આપવા કેટલાક પત્રો અહીં સુંદર અંગ્રેજીમાં પણ લખાયેલા છે. આ બધા પત્રોનો એક જ પ્રેરણાસ્રોત છે - દીકરી માટેનો અખૂટ પ્રેમ. આ પ્રેમનો એક અંશ માણીએ :

''ચિ. પ્રિય નંદિની,

એકવીસ વરસ પહેલાં આજના શુભ દિવસે તું અમને મળી. તારી નાની ભૂરી આંખો — અને તેમાં પ્રગટ થતો અલૌકિક પ્રકાશ હજી એવો જ યાદ છે. અમને જેવી આનંદદાયક નીવડી છે તેવી જગતને પણ આનંદદાયક થા અને તને પણ જગતમાંનું મનુષ્યજીવન આનંદદાયક નીવડો. આખું જીવન તારી સામે છે. એમાં હજી ઘણી કસોટીઓ, મુશ્કેલીઓ, નાસીપાસીઓ આવશે - પણ તે બધાની દ્વારા તે બધાની પાર તને સતત અક્ષય આનંદની પ્રાપ્તિ હો.'' (તા. ૧૩-૭-૧૯૬૨, 'પત્રો : ૨', પૃ. ૩૮૩).

જાન્યુઆરી ૧૯૬૪માં માતા જ્યોત્સ્નાબહેનને ટ્યુમરનું ઑપરેશન કરાવવું પડ્યું. પણ ત્યાર બાદ તેમની સ્થિતિ ગંભીર બનતાં નંદિનીબહેને તાત્કાલિક ભારત આવવું પડ્યું. છેવટે માતા-પુત્રીનું મિલન થઈ શક્યું પણ માતાનું જીવન લંબાયું નહીં. એક ખુશહાલ કુટુંબ પર વેદના અને શોકનું કાળું વાદળ છવાઈ ગયું. જોકે આ આઘાતમાંથી ઉમાશંકરને બહાર કાઢનાર પણ આ દીકરીઓ જ છે. જ્યોત્સ્નાબહેનના અવસાનના થોડા દિવસો પછીના જ ડૉ. સુમન્ત મહેતાને લખાયેલા એક પત્રમાં ઉમાશંકરે દીકરીઓની સ્વસ્થતા અને તેમના તરફથી મળેલી હિંમતનું સરસ વર્ણન કર્યું છે. અને પછી લખ્યું છે :

''બેન નંદિનીએ બધું રમત હોય એમ સંભાળી લીધું છે. બંને બેનોને હું સાચવું છું કે તેઓ મને એ પ્રશ્ન છે. જીવનનું વહેણ એકદમ બદલાઈ ગયું છે.'' ('પત્રો : ૨', પૃ. ૫૧૨).

આમ આ પત્રોમાંથી વ્યક્ત થતો પિતા-પુત્રીઓ વચ્ચેના આવા સ્નેહનો નાતો અદ્ભુત છે.

**(૪) પ્રાસંગિક, વહીવટી કામકાજના તથા કેટલાક વિશેષ પત્રો :**

અહીં સમાવિષ્ટ ઘણા પત્રોમાં કેટલાક પ્રાસંગિક અને વહેવારુ કામકાજ અંગેના પત્રો પણ છે. આવા પત્રોમાંથી ઉમાશંકર જોશીની કાર્યદક્ષતા, વહીવટી સૂઝ, ફરજનિષ્ઠા, સૂક્ષ્મ વિવેક વગેરે ગુણોનો સરસ પરિચય મળે છે. જેમ કે ૧૯૫૪માં ગુજરાત યુનિવર્સિટીમાં ગુજરાતી ભાષા-સાહિત્યના અધ્યાપક થવા માટે તેમણે યુનિવર્સિટીના મહામાત્રને જે પત્ર લખેલો તે ગુજરાતીમાં અરજીલેખનનો એક સુંદર નમૂનો છે(તા. ૨૯ જાન્યુ, ૧૯૫૪, 'પત્રો : ૨', પૃ. ૮૪, ૮૫). આ પદ માટે એમ.એ.ની પ્રથમ વર્ગ સાથેની ડિગ્રી જરૂરી હતી, જે તેમની પાસે હતી, તેથી તેમણે અરજી કરેલી પરંતુ પાછળથી એમને ખબર પડી કે ગુજરાતી ભાષાના કોઈ પ્રૌઢ વિદ્વાન પાસે આવી ડિગ્રી ન હોય તો પણ યુનિવર્સિટી આ સ્થાન માટે તેમને આમંત્રણ આપીને બોલાવી શકે છે, ત્યારે એમણે પોતાની અરજી પાછી ખેંચતો પત્ર યુનિ.ના રજિસ્ટ્રારને લખ્યો. તેમાં સ્પષ્ટ લખ્યું કે, ''મારી અરજી કોઈ પણ રીતે આપણા કોઈ પ્રૌઢ વિદ્વાનનો આ સ્થાનને લાભ મળે એ આડે ન આવે તે માટે મારું નામ અરજદાર તરીકે રદ કરવા કૃપા કરશો.'' ('પત્રો : ૨', પૃ. ૮૭). જોકે પછીથી કુલપતિ શ્રી હરસિદ્ધભાઈ દિવેટિયાના કહેવાથી તેઓ ઇન્ટરવ્યૂ માટે ગયા હતા, તેવો પત્ર પણ મળે છે (તા. મે ૨૦, ૧૯૫૪, 'પત્રો : ૨' પૃ. ૮૮).

પરંતુ પોતે પૂરેપૂરી લાયકાત ધરાવતા હોવા છતાં અન્ય કોઈ વધુ લાયક વિદ્વાનને આ જગ્યા મળે તે માટે ખસી જવાની નમ્રતા ઉમાશંકર બતાવે છે તે તેમના વ્યક્તિત્વને એક ઊંચાઈ બક્ષે છે. આર્થિક વ્યવહારોમાં પણ એમના વ્યક્તિત્વની આવી જ ઉચ્ચતા જોવા મળે છે. ૧૯૭૦માં ગુજ. યુનિ.ના કુલપતિ હતા તે દરમ્યાન જ દિલ્હીમાં રાજ્યસભાના સભ્ય તરીકે નિયુક્ત થયા એટલે તરત જ તેમણે કુલપતિ તરીકે મળતું ઓનોરેરિયમ (માનદ્ વેતન) લેવાનું બંધ કર્યું તે અંગે ગુજરાત યુનિવર્સિટીના રજિસ્ટ્રારને લખેલો પત્ર પણ અહીં છે(તા. ૧-૪૧૯૭૦, 'પત્રો : ૨', પૃ. ૫૭૪).

૧૯૭૦માં તેઓ રાજ્યસભાના સભ્ય થયા ત્યારે તેમને અભિનંદનના જે અનેક સંદેશા મળ્યા હશે, તે દરેકને જવાબ રૂપે એક ટાઈપ કરેલો પત્ર મોકલ્યો હતો, પરંતુ આવા છાપેલા પત્રમાં પણ અંતે અંગત સ્પર્શવાળી એકાદ લીટી તેઓ લખે છે. નમૂના માટે આ એક પત્ર જોઈએ :

''પ્રિય ભાઈ ધીરેન્દ્ર મહેતા,

આપના સ્નેહભર્યા અભિનંદન માટે હું આપનો આભારી છું. આપની શુભેચ્છાઓ હંમેશા મારું બળ બની રહેશે.

આપની કુશળતા ઇચ્છું છું.''

(ઉપરનો ટાઈપ કરેલો પત્ર અનેક લોકોને મોકલ્યો હતો.)

''તમે ગોઠવાયા જાણી સંતોષ થયો. અધ્યયન બરોબર થતું હશે. તબિયત જાળવતા હશો જ.

સ્નેહાંકિત

ઉમાશંકર જોશીની શુભેચ્છાઓ.'' (તા. ૨૧-૪-૭૦, 'પત્રો : ૨', પૃ. ૫૭૫).

આ જ રીતે ૧૯૬૮માં તેમને ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર મળ્યો તેના અભિનંદનના પ્રત્યુત્તર રૂપે લખેલા કાર્ડ સ્વરૂપના પત્રો પણ મળે છે. તેમાં પણ એમની નમ્રતા અને વિવેક જોવા મળે છે. છાપેલી લીટીઓ જોઈએ :

''ભારતીય જ્ઞાનપીઠનું ૧૯૬૭નું રાષ્ટ્રીય પારિતોષિક 'નિશીથ' કાવ્યસંગ્રહને મળ્યું તે અંગે આપે દર્શાવેલી સ્નેહની લાગણી માટે હૃદયથી આભારી છું.

આપની સદભાવના મારી હંમેશની પ્રેરણા બની રહેશે.'' ('પત્રો : ૨', પૃ. ૫૫૮, ૫૫૯).

ઉમાશંકર જોશી ગુજરાત યુનિવર્સિટીમાં કુલપતિ હતા તે દરમ્યાન નવા વરસનાં અભિનંદન પાઠવતી સુંદર પંક્તિઓ છાપેલા કાર્ડ પણ તેઓ મિત્રો અને સ્નેહીજનોને મોકલતા હતા. તેના નમૂના પણ જોવા જેવા છે :

''સ્નેહી શ્રી સુંદરમ્,

ચરણોમાં હજો સ્ફૂર્તિ, આયુર્યાત્રાપથે નવી,
અને દૃષ્ટિ હજો લાગી ધ્રુવલક્ષ્યે નિરંતર.'

ઉમાશંકર જોશીના

સપ્રેમ વ.મા.'' (તા. ૨-૧૧-૧૯૬૭, 'પત્રો : ૨', પૃ. ૫૫૪).

૧૯૬૮માં કાકાસાહેબ કાલેલકર અને અન્યોને લખેલા પત્રમાં પણ આવી સુંદર પંક્તિઓ જોવા મળે છે :

''દૂધલ તડકો, નરવી હવા
ગાંધી-સપનું-
શુભ આ વર્ષે નવા
બનો ભાથું એ હૃદયહૃદયનું.'' (તા. ૨૦-૧૦-૧૯૬૮, 'પત્રો : ૨', પૃ. ૫૬૩).

તે પછીના ૧૯૬૯ના વર્ષે આ પંક્તિઓથી સૌને નવા વરસના અભિનંદન પાઠવેલા જોવા મળે છે :

''અમાસના હૃદયમાં
   દીવડી દિવાળી રચે;
વિશ્વ આખું હસી ઊઠે
   જરી જો સન્મતિ લચે.'' ('પત્રો : ૨', પૃ. ૫૬૯-૫૭૧).

આવા કાવ્યાત્મક પ્રાસંગિક પત્રો ઉપરાંત કેટલાક વિશેષ પત્રોનો પણ ઉલ્લેખ કરવો જોઈએ જેમાંથી ઉમાશંકરની સત્યનિષ્ઠા અને સાચી વાત વિવેકપૂર્વક કરવાની આવડત જોવા મળે છે. ૧૯૫૫માં એમણે મુંબઈના કાયદા અને કેળવણી પ્રધાનના અંગત મંત્રીને લખેલો એક પત્ર મળે છે. તે વાંચતાં સમજાય છે કે કોઈ શ્રી નારાયણદાસ પ. શાહ (ડભોઈવાળા)એ નર્મદે કરેલા કવિ દયારામના કવિ-વર્ણન વિશે વાંધો ઉઠાવેલો અને દયારામ વિશે પોતાના પુસ્તકમાં પ્રગટ કરેલો ઇતિહાસ જ સાચો છે એવું સાબિત કરવાનો પ્રયત્ન કરેલો. ત્યારે આ પત્રમાં ઉમાશંકરે ખૂબ સચોટ દલીલો કરીને નર્મદના પક્ષે રહી નર્મદના દયારામવિષયક કામની વિશેષતાઓ બતાવી અને નર્મદનું કામ કેમ મહત્ત્વનું છે તે દર્શાવ્યું. આ આખો પત્ર વાંચવા જેવો છે. (તા. માર્ચ ૧, ૧૯૫૫, 'પત્રો : ૨', પૃ. ૧૦૫-૧૦૭).

૧૯૫૫નો બીજો એક પત્ર પણ મહત્ત્વનો છે. શ્રી ગોવર્ધનરામ શતાબ્દી મહોત્સવ વખતે સાહિત્ય પરિષદના ૧૯મા સંમેલનમાં સાહિત્ય વિભાગના પ્રમુખ તરીકે ઉમાશંકરને આમંત્રણ મળ્યું, તેના જવાબમાં તેમણે શતાબ્દી મહોત્સવના મંત્રીઓને આ પત્ર લખ્યો હતો. તેમાં પરિષદને ''જે બિનલોકશાહી રીતે અને મૃતપ્રાય દશામાં ચલાવવામાં આવે છે'' તે અંગે કનૈયાલાલ મુનશીના વલણ અંગે સખત નારાજગી વ્યક્ત કરી છે. એમણે અગાઉ ૧૯૩૬માં ગાંધીજી પરિષદના પ્રમુખ થયા ત્યારે પણ પરિષદનું બંધારણ સુધારવા અંગે જે ઊહાપોહ કરેલો તેનો ઉલ્લેખ અહીં જોવા મળે છે. આવી પરિષદના સંમેલનમાં જવાનો તેમને ઉત્સાહ નથી પણ પરિષદના પ્રથમ પ્રમુખ શ્રી ગોવર્ધનરામને સન્માન-અંજલિ આપવા પોતે આ આમંત્રણ સ્વીકારે છે એવું એમણે લખ્યું છે. આવા પત્રોમાં ઉમાશંકરનો સારાસારનો વિવેક દેખાઈ આવે છે.

ઉમાશંકરે ૧૯૫૯માં રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીના સભ્ય તરીકે વડાપ્રધાન શ્રી જવાહરલાલ નેહરુને તથા ૧૯૭૦માં રાજ્યસભાના સભ્ય તરીકે વડાંપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીને લખેલા બે અંગ્રેજી પત્રો પણ અહીં છે. પહેલા પત્રમાં સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત થનારા સમકાલીન ભારતીય ટૂંકી વાર્તાના સંપાદન વિશે અને પત્રને અંતે અકાદમીની બેઠક વખતે આઝાદ મેમોરિયલ લેક્ચર્સ જેવા કોઈ બૌદ્ધિક વ્યાખ્યાનો ગોઠવવા અંગે સરસ સૂચન જોવા મળે છે. તો બીજા પત્રમાં માહિતી અને પ્રસારણ મંત્રાલયની સલાહકાર સમિતિ સમક્ષ મૂકવાના કેટલાક મહત્ત્વના મુદ્દા તેમણે રજૂ કર્યા છે. આ બંને ઉપરાંત અંગ્રેજીમાં લખાયેલા અન્ય પત્રોમાં ઉમાશંકર જોશીનું અંગ્રેજી ભાષા પરનું સરસ પ્રભુત્વ અને મુદ્દાસર રજૂઆતની શૈલી ધ્યાન ખેંચે છે.

આવા અનેક રસપ્રદ પત્રોથી આ સંગ્રહો આપણને આકર્ષે છે. આ બધા પત્રો સળંગ વાંચતા જઈએ તેમ ઉમાશંકર જોશીનો આખો જીવનકાળ આપણી સામે ઊઘડતો જાય છે. આઝાદી પહેલાંના સમયગાળાની સામાજિક, શૈક્ષણિક, રાજકીય ઝલક અહીં મળે છે તો આઝાદી પછીના સમયગાળાની પણ સાંસ્કૃતિક, સાહિત્યિક, કેળવણીવિષયક તથા વિશ્વના અન્ય દેશોની પણ કેટલીક માહિતી આપણને મળે છે ‘સંસ્કૃતિપુરુષ’ ઉમાશંકર જોશીના આંતર-બાહ્ય વ્યક્તિત્વનો એક અચ્છો પરિચય આ પત્રોમાંથી આપણને સાંપડે છે.

પત્રલેખક તરીકે ઉમાશંકર જોશીની વિશેષતાઓ :

(૧) વ્યક્તિત્વની પારદર્શકતા, નિખાલસતા

પત્રલેખન એ આત્મકથનનું જ એક સ્વરૂપ છે. આત્મકથાની જેમ અહીં પણ લેખકનું વ્યક્તિત્વ સીધેસીધું વાચકો સમક્ષ પ્રસ્તુત થાય છે. ત્યારે વ્યક્તિત્વની સચ્ચાઈ, નિખાલસતા એ પત્રલેખનનું મહત્ત્વનું અંગ બને છે. ઉમાશંકરના પત્રોમાંથી એમના વ્યક્તિત્વની આવી પારદર્શકતા જોવા મળે છે. યુવાનીના આરંભથી લઈને છેક પ્રૌઢાવસ્થા સુધીના એમના આ પત્રોમાં તેઓ જેવા છે તેવા જ સ્વરૂપે આપણને દેખાય છે. એમના આ વ્યક્તિત્વની નિખાલસતા આપણને આકર્ષે છે. આરંભમાં ભાઈઓ, પિતા અને અન્ય કુટુંબીજનો પરના પત્રોમાં આ સ્વજનો પ્રત્યેનો તેમનો મનોભાવ એકદમ સહજ રીતે વ્યક્ત થયો છે. કુટુંબમાં એક બાળલગ્નને ટેકો આપનાર પિતા પ્રત્યે પણ ઉમાશંકર પોતાનો રોષ તેમને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દે છે. સત્યાગ્રહના કેદી તરીકે ૧૪ અઠવાડિયાંની જેલમાં જતાં પહેલાં પરદેશી કાપડનો મોહ રાખતા ભાઈઓને પણ તેઓ ચોખ્ખું કહે છે કે, ‘‘પરદેશી કાપડ હોય તેટલું હવે તો જલાવી દો ને ખરબચડી ખાદી પહેરવાનું શરૂ કરો. નહિ તો પછી જાઓ પરદેશ. એટલે અમે નામ ન લઈએ. રામુભાઈ ચેતજો. પરદેશીનો મોહ હજીય હોય તો છોડજો.’’ (તા. ૨૮-૧૦-૩૦, ‘પત્રો’, પૃ. ૧૯-૨૦). આમ પોતાના મનમાં જે હોય તે સાફ શબ્દોમાં જણાવવાની વૃત્તિ એમના બધા પત્રોમાં જોવા મળે છે. ૧૯૬૮માં જ્ઞાનપીઠ જેવું ભારતીય સાહિત્યનું સર્વોચ્ચ પારિતોષિક મળ્યું ત્યારે પણ પોતે કેવા મહાન સર્જક છે એવા કોઈ અહમ્ વગર સુન્દરમ્ પરના પત્રમાં તે સહજ રીતે સ્વીકારે છે કે આ ઍવૉર્ડ યોગાનુયોગ છે, પોતે સર્વશ્રેષ્ઠ છે

એટલે પસંદગી પામ્યા એવું નથી. એમનું આ નિવેદન એમના નિખાલસ સ્વભાવને સચોટ રીતે વ્યક્ત કરે છે, તે જોઈએ :

‘‘આપણા દેશની આટલી ભાષાઓ. આપણી ઉંમરના જ લેખકો સારી એવી સંખ્યામાં. એમને તોળવા માટેની સજ્જતા આજે તો ન જેવી છે. જે હાથમાં આવી ગયો તે ખરો. પણ તેણે આપણા બધાના પ્રતીક તરીકે જ ઊભવાનું હોય.’’ (તા. ૧૦-૬-૬૮ ‘પત્રો-૨’, પૃ. ૫૫૯).

પોતાના સમકાલીન મિત્ર - સર્જકો સાથે આવી નિખાલસતા આજના સમયમાં તો આપણને ખરેખર આશ્ચર્ય પમાડે એવી લાગે છે. આવી સચ્ચાઈ અને પ્રામાણિકતા ઉમાશંકરના વ્યક્તિત્વનું એક ઊજળું પાસું છે.

**(૨) વિચારોને સચોટ રીતે અભિવ્યક્ત કરતી ભાષા**

ઉમાશંકર જોશી કવિ હોવાની સાથે સમર્થ ગદ્યકાર પણ છે. એમની વાર્તાઓ, નાટકો, નિબંધો, વિવેચન વગેરેમાં એમનું ગદ્ય ખૂબ પ્રભાવક નીવડ્યું છે. આ પત્રોની શૈલીમાં પણ ભાષા પરની એમની પકડ જણાઈ આવે છે. મનમાં ચાલતી મથામણો અને વિચારોની આંટીઘૂંટીને તે સચોટ ભાષામાં વ્યક્ત કરી શકે છે એ તેમની મોટી વિશેષતા છે. ૧૮-૧૯ વર્ષની ઉંમરે તેઓ નોંધપોથી લખતા હતા એનો ઉલ્લેખ એક પત્રમાં છે(‘પત્રો’, પૃ. ૧૭, ૧૮). એ નોંધપોથીના બે-ત્રણ ફકરા પણ એમણે એ પત્રમાં ટાંક્યા છે. એ વાંચીને પણ આરંભથી જ એમના ભાષાપ્રભુત્વનો ખ્યાલ આવે છે. જેમ જેમ અભ્યાસ, વાચન અને પ્રૌઢિ વધતાં જાય છે તેમ ભાષાસજ્જતા પણ વધતી જાય છે. સુન્દરમ્, મેઘાણી, હરિશ્ચંદ્ર ભટ્ટ, મડિયા, ગુલાબદાસ બ્રોકર વગેરે સાહિત્યિક મિત્રોને લખેલા પત્રોમાં ભાષાનું સૌંદર્ય ખાસ નોંધનીય છે. એમાં ઘણી વાર કાવ્યાત્મકતા જણાઈ આવે છે. બોલચાલના અંગ્રેજી શબ્દો અને ક્યારેક તો આખાં અંગ્રેજી વાક્યો પણ સહજતાથી ગૂંથાઈ જાય છે. ક્યારેક તળપદા શબ્દો અને પ્રાદેશિક લય, લહેકાનો પણ સરસ પ્રયોગ ઉમાશંકર કરી લે છે. આ બધાને કારણે આ પત્રો એકદમ રસાળ બન્યા છે. વાંચનારને જાણે ઉમાશંકર પોતાની સાથે વાતો કરી રહ્યા હોય એવું લાગે એવી સરસ આ શૈલી છે. કેટલાંક ઉદાહરણ નોંધીએ :

‘‘સત્યં શિવં સુન્દરમ્

૨૨-૧૨-૩૧

એક સુંદર સ્થળ

મંગલ સંધ્યા

પ્રિય સુન્દરમ્,

તમે ઢંઢોળ્યા વિના બોલો એવા ક્યાં છો? કાગળ લખ્યો ત્યારે ભાઈ કાંઈક સળવળ્યા, ને પાછા કોણ જાણે ક્યાં ગૂમ! ને પછી, -જુવો તો ખરા? અમારે કાને પુકાર આવે છે : ‘મને કવણ ચાહશે?’ અંદર અંદર – ઊંડે ઊંડે – એકલા એકલા પોતાની જાતને આવું કૈં

ને કૈં ગૂઢ પૂછ્યા કરતાં શું કદી કંટાળતા નથી, ને અમને બધાંને કશું જ પૂછવાનું મન થતું નથી?'' ('પત્રો', પૃ. ૨૮).

*

''હમણાં આવ્યા પછી વૌઠાના મેળે જઈ આવ્યો. બહુ મજા આવી. Great source of inspiration our fairs are indeed.'' (હરિશ્ચંદ્ર ભટ્ટને, 'પત્રો', પૃ. ૨૧૯).

*

''પૅરિસવાળું ઘરબી દિયો, જલદી જે પાના થાય તે. તમ રોખો લેખક ને પૅરિસ રોખો વિષય, તંઈએ પછી કે'વાનું હોય?... શ્રી નિરંજનને કવિતા પણ ઠબકારો.'' (ચુનિલાલ મડિયાને, 'પત્રો-૨', પૃ. ૬૦).

*

''ચિ. બેન મીરાં,

માનશો? બે-ત્રણ દિવસથી હું પણ કાગળ લખવાનો વિચાર કરતો હતો, કે બેન મીરાંએ આગળ ભણવા વિશે શું કર્યું એ પૂછી મંગાવું.'' (મીરાં હરિશ્ચંદ્ર ભટ્ટને, 'પત્રો-૨', પૃ. ૪૮).

*

''પ્રિય ભાઈશ્રી અનિલ,

તમારું હૃદય તમારા ચહેરા ઉપર જ તરવરતું હોય છે.'' (અનિલ શાહને, 'પત્રો-૨', પૃ. ૭૯).

આવી જીવંત, તાજગીસભર ભાષા આ પત્રોની આગવી વિશેષતા છે.

**(૩) સ્નેહ, વાત્સલ્યભાવ અને લાગણીનીતરતું વ્યક્તિત્વ**

ઉમાશંકરના મિત્રો અને સ્નેહીજનો કે ચાહકો-ભાવકોને લખાયેલા પત્રોમાં એમનું સ્નેહાળ અને ઊર્મિશીલ વ્યક્તિત્વ સતત અનુભવાય છે. એમના દરેક પત્રોમાં આત્મીયતા અને આદર બતાવતું સંબોધન (પરમપ્રિય ભાઈ શ્રી રામુભાઈ, પ્રિય સુન્દરમ્, સ્નેહીશ્રી મેઘાણીભાઈ, પ્રિય ભાઈ મડિયા, પ્રિય ભાઈશ્રી મહેન્દ્ર, સ્નેહીશ્રી વિષ્ણુપ્રસાદભાઈની સેવામાં વગેરે) તથા આદરસૂચક, આશિષ, પ્રેમ અને શુભેચ્છા પાઠવતું સમાપન (લિ. ઉમીયાશંકરના સવિનય પ્રણામ, ઉમાશંકરના સપ્રેમ પ્રણામ, ઉમાશંકર જોશીના સપ્રેમ વંદે માતરમ્, સ્નેહાંકિત ઉમાશંકર, સ્નેહાધીન ઉમાશંકર જોશીના વં.મા, ઉમાશંકર જોશીના શુભાશિષ, ઉ.જો.ના સ્નેહસ્મરણ વગેરે) પત્રલેખકનો વાચક સાથે ગાઢ, લાગણીભર્યો નાતો બાંધી આપે છે. એમણે જે જે સાહિત્યિક મિત્રોને પત્ર લખ્યા છે તેમાંના મોટા ભાગના પત્રોમાં મિત્રના સ્વજનો – પત્ની, બાળકો, વડીલો દરેકને નામ સાથે યાદ કરીને સ્નેહ-સ્મરણ પાઠવ્યાં છે. નિકટના મિત્રો પરના દરેક પત્રમાં બાળકો પ્રત્યેનો તેમનો સાચકલો સ્નેહ અને વાત્સલ્યભાવ સતત છલકાતો જોવા મળે છે. ઘણીવાર પત્રોને અંતે બાળકોને સંબોધીને લખેલી એક-બે લીટીઓ પણ બાળકોના મનને પ્રસન્ન

કરી દે એવી જોવા મળે છે. સાવ ઔપચારિક કામ માટે લખેલી નાની ચિઠ્ઠીઓમાં પણ એ પત્રવાચકને કુશળતાનો અને સ્વજનોને સ્નેહસ્મરણનો સંદેશો પાઠવવાનું ચૂકતા નથી. કોઈ સ્વજન કે ચાહકના સગાં-સ્નેહીનું અવસાન થયું હોય તો સદ્‌ગતના વ્યક્તિત્વને ટૂંકમાં આલેખીને ખરેખર દિલાસો અને સાંત્વના મળે એવા પત્રો પણ તેઓ લખે છે. એમનું આવું લાગણીનીતરતું, સ્નેહાળ વ્યક્તિત્વ પણ આ પત્રોની વિશેષતા છે. આનાં પણ કેટલાંક ઉદાહરણ નોંધીએ :

‘‘શ્રી ચિત્રાદેવીને અમારાં સૌના સ્નેહવંદન જરૂરથી કહેશો. નાનો બાબો નાનક, મસ્તાન મઝામાં હશે. મુંબઈ ક્યારે?’’ (ઝવેરચંદ મેઘાણીને, ‘પત્રો’, પૃ. ૧૫૪).

*

‘શ્રી હરવિલાસબેન અને બાળકો તથા માતુશ્રી આનંદમાં હશે. એમને અમારાં બંનેનાં સ્મરણ. બેબી આનંદમાં છે. ડોક્ટરને, જિતેન્દ્રને, સ્વપ્નસ્થને, સર્વેને સ્નેહસ્મરણ.’’ (હરિશ્ચંદ્ર ભટ્ટને, ‘પત્રો’, પૃ. ૨૫૨).

*

‘‘મોટાભાઈ, અ.સૌ. સુમનબેનને અમારાં વંદન, ભાઈ વિનોદ, બેન ચંદ્રી, મીનાક્ષી, વિજય – સૌ મજામાં હશે.’’ (ગુલાબદાસ બ્રોકરને, ‘પત્રો’, પૃ. ૪૦૬).

*

‘‘અપૂર્વ્વ! આપણે મળીશું. વરસાદમાં નાહીશું, ગાયો-ભેંશો-ઊંટ-ઘેટાં-બકરાં જોઈશું ને મજા કરીશું. ઝટઝટ આવી જા. માશીબા તને ખૂબ યાદ કરે છે.’’ (ચુનિલાલ મડિયાને, ‘પત્રો-૨’, પૃ. ૩૧૨).

*

‘‘...તમે કદાચ જાણતા હશો કે પિતાજીને ઈ.સ. ૧૯૩૧ની સાલથી હું ઓળખું. તેઓ ઘણા જ સૌમ્ય સંસ્કારી અને પરગજુ સ્વભાવના હતા... તેમના ગુણોનું સ્મરણ કરી તેમાંથી બળ મેળવવાની પ્રભુ તમને શક્તિ અર્પે! સદગત રામભાઈનો આત્મા ચિરશાંતિ પામો એ જ પ્રાર્થના.’’ (ભરતકુમારને, ‘પત્રો-૨’, પૃ. ૫૭૨).

**(૪) ક્યાંક રમૂજ, હાસ્યના ચમકારા અને હળવાશ પ્રસરાવતી શૈલી**

ઉમાશંકર જોશી સામાન્ય રીતે ગંભીર અને ચિંતનશીલ પ્રકૃતિના સર્જક હોવાની છાપ ધરાવે છે. આ પત્રોમાં મોટા ભાગે તેમની આ છાપ જળવાઈ રહે છે, પણ કેટલાક પત્રોમાં તેમની અનાયાસ રમૂજવૃત્તિ અને માર્મિક હાસ્યના ચમકારા જોવા મળે છે. કોઈ ગંભીર મુદ્દાની ચર્ચા ન હોય ત્યારે આવી હળવાશભરી શૈલી પણ પત્રલેખક તરીકે તેમની એક વિશેષતા છે. આવી થોડી હળવાશ આપણે પણ માણીએ :

૧૯૫૫માં નગીનદાસ પારેખે ઉ.જો.ને કોઈ પત્ર મોકલ્યો હશે, પણ કવરમાં પત્રને બદલે માત્ર ટાંકણી નીકળી ત્યારે તેના પ્રત્યુત્તરમાં ઉ.જો.એ એક નાનકડું કવિત લખી મોકલ્યું. તેનો આરંભ જુઓ :

‘‘પ્રિય બંધુ, મળી આજે આપશ્રી તર્ફથી મને

ટાંકણી, એક શી સોજ્જી, તીણી ને અણિયાળી એ

ભેજી મોટા લિફાફામાં યુ.એસ. એમ્બસીના તમે,

તે માટે શુદ્ધ દિલથી આભારી ખૂબ આપનો!’’ (નગીનદાસ પારેખને, ‘પત્રો-૨’, પૃ. ૧૧૨).

૧૯૬૫ની ૨૧મી જુલાઈએ પોતાના જન્મદિને સુન્દરમ્‌ને લખેલા પત્રને અંતે તેમણે લખ્યું છે :

‘ગયે વર્ષે આ દિવસે અખાનું ‘તિલક કરતાં ત્રેપન થયાં’ પંક્તિ યાદ આવી હતી. આજે ‘ચપટી વગાડતાં ચોપન ગયાં’ એમ થાય છે. નવા મકાનમાં બધાં સ્વસ્થ હશો. – ઉ.’’ (સુન્દરમને, ‘પત્રો-૨’, પૃ. ૫૩૧).

ચુનિલાલ મડિયા ‘રુચિ’ નામનું સામયિક ચલાવતા અને ઉમાશંકર જોશીનું ‘સંસ્કૃતિ’ પ્રગટ થતું. એક પત્રમાં ઉ.જો. મડિયાને લખે છે :

‘‘તમે કાંઈ વાર્તા કે એવું લખો છો કે? ‘રુચિ’વાળા ન છાપે તો ‘સંસ્કૃતિ’ તો છે જ.’’ (ચુનિલાલ મડિયાને, ‘પત્રો-૨’ પૃ. ૫૩૨).

સુરેશ જોષીના દીકરા પ્રણવને લખેલા એક પત્રને અંતે ઉમાશંકર આ રીતે સુરેશ જોષીને યાદ કરે છે :

‘‘ચિ. ઋચાને અને ‘વિરોધ પક્ષના નેતા’ને સ્નેહ. બાને - ઉષાબેનને અને ભાઈને વંદન.’’ (‘પત્રો : ૨’, પૃ. ૫૪૫).

આવી હાસ્યની સેરો આ પત્રોમાં ઘણે ઠેકાણે ઊડતી જોવા મળે છે, જે આ પત્રોના વાચનને અધિક રસપ્રદ બનાવે છે.

*

ઉમાશંકર જોશીના પત્રો વિશેનો આ અભ્યાસલેખ ખરેખર તો પત્રોની એક આછેરી ઝલકમાત્ર જ છે. બધા પત્રોમાંથી પસાર થનારને જ પૂર્ણ દર્શનનો લાભ મળે એમ છે. જે સમય અને જે સંદર્ભે આ પત્રો લખાયા છે તે સમય-સંદર્ભનો આ યાદગાર દસ્તાવેજ છે. સાહિત્ય, શિક્ષણ અને સમાજ પ્રત્યે એક સંવેદનશીલ સર્જકની નિસબત અહીં ખાસ ધ્યાન ખેંચે છે. જેમની મારફતે આ પત્રો મળ્યા છે અને જેમણે જેમણે આ પત્રો જતનથી સાચવ્યા છે તેમના મનમાં ઉમાશંકર જોશી પ્રત્યે, પોતાની ભાષાના એક સમર્થ સર્જકના શબ્દો પ્રત્યે કેટલો સ્નેહ અને આદર હશે તે પામી શકાય છે. આપણે ઇચ્છીએ કે ‘પત્રો-૨’ના નિવેદનમાં સંપાદક શ્રી સ્વાતિ જોશીએ જણાવ્યું છે તેમ ‘‘પત્રોનો છેલ્લો અને ત્રીજો ભાગ ‘પત્રો-૩ (૧૯૭૧-૧૯૮૮)’ ’’ ટૂંક સમયમાં પ્રગટ થાય અને આપણને આપણા આ જાગ્રત સર્જકના એટલાં વર્ષોના આંતરમનમાં પણ ડોકિયું કરવાનો લહાવો મળે.

❑

# પારુલબહેનને શ્રદ્ધાંજલી | ભરત દવે

**સા**માન્ય રીતે આપણને સમાજમાં તેમજ જાહેર માધ્યમો ઉપર એવી મહિલાઓ વિશે વધારે જોવા-જાણવા મળે છે જેમણે પોતપોતાને ક્ષેત્રે કંઈક અદ્ભુત કામ કરી દેખાડ્યું હોય. અને થવું યોગ્ય જ છે અને જરૂરી પણ છે, ખાસ કરીને એવા દેશમાં જ્યાં હજુ મહિલાવિકાસક્ષેત્રે ભારતીય સમાજે હજુ ઘણી લાંબી મજલ ખેડવાની છે. પરંતુ અહીં નમ્રભાવે કહેવાનું મન થાય છે કે માનવસભ્યતાના લાંબાગાળાના વિકાસમાં અસાધારણ યોગદાન આપી ચૂકેલા લાખો પુરુષવૈજ્ઞાનિકો, પુરુષડૉક્ટર, પુરુષલેખકો, પુરુષકલાકારો વગેરેની ભવ્ય ઝગમગતી સફળતાની પછવાડે તેમની સ્ત્રીઓની, પત્નીઓની, ગૃહિણીઓની કેટલી જબરદસ્ત સેવા અને સમર્પણ રહેલાં હોય છે તેની ભાગ્યે ક્યાંય નોંધ લેવામાં આવે છે. એમાંય વળી આજની શિક્ષિત, આધુનિક, અને સ્વતંત્ર કારકિર્દી ધરાવતી સ્ત્રીઓએ તો આવી ગૃહિણીઓને ‘શોષિત’ના જ ખાનામાં મૂકી દીધી છે. એટલે તેમની તો ફક્ત દયા જ ખાવાની હોય, સહાનુભૂતિ જ દર્શાવવાની હોય, આવી ગૃહિણીઓનો આદર કરવો, મતલબ કે તેને કોઠે પડી ગયેલી ગુલામીને સેવાપરાયણતાના વાઘા પહેરાવવા બરાબર !

સ્વાતંત્ર્યસેનાની, લોકસેવિકા અને પૂર્વાસાંસદ (અને સ્વ. વજુભાઈ શાહનાં પત્ની) સ્વ. જયાબહેન એક વાર (મારી બાના સંદર્ભે) આ વાત કહેલી કે : મારું ચાલે તો હું એવી એવી કર્મઠ ગૃહિણીઓને ચંદ્રકો કે માનપત્રો આપી તેમનું જાહેરમાં બહુમાન કરાવું. આ એવી સ્ત્રીઓ છે જેમણે (૧૯૩૦-૪૦ના સમયગાળામાં) સ્વતંત્રતા માટે લડવા નીકળેલા અથવા જેલમાં પુરાયેલા તેમના પતિઓ પાછળ સફળતાપૂર્વક તેમના ઘરગૃહસ્થી ચલાવ્યાં છે, તેમના વડીલોની સેવાચાકરી કરી છે અને એકલે હાથે પોતાનાં બાળકો પણ ઉછેર્યાં છે.

પરંતુ આ સિવાય પણ આપણા તેમજ અન્ય દેશોના સમાજમાં એવી પણ અનેક સ્ત્રીઓ છે (જેમાંની કેટલીક શિક્ષિત અને બધી રીતે સ્વતંત્ર છે, વિચારશીલ છે) જે કોઈ લેખકની પત્ની હોય, વૈજ્ઞાનિકની પત્ની હોય, રાજનેતાની પત્ની હોય, ડૉક્ટરની પત્ની હોય, લોકસેવકની પત્ની હોય, સાહિત્યકાર કે કલાકારની પત્ની હોય અથવા એવા કોઈ પણ વ્યક્તિ સાથે તે જોડાયેલી હોય જેના વિશે તે જાણતી હોય કે તેનું કામ, તેના માધ્યમ દ્વારા આખાય સમાજને મદદરૂપ થવાનું છે, તેને સંસ્કારિત કરવાનું છે, સંવેદનશીલ કરવાનું છે, પ્રેરિત કરવાનું અથવા વૈચારિક, બૌદ્ધિક કે આધ્યાત્મિક રીતે તેને ઉપર ઉઠાવવાનું છે તો એવી સ્ત્રી એવા પુરુષનો એક મજબૂત મોભ બનીને તેના કર્મયજ્ઞને ટેકો આપે છે. તેની જંગી સફળતા પાછળ આ સ્ત્રીનો કેટલો પરિશ્રમ કે તપસ્યા રહેલાં છે તે

માત્ર એનો પતિ જાણે છે અને તેનો પરિવાર જાણે છે.

જે રીતે રંગભૂમિ કે સિનેમામાં પ્રેક્ષકો માત્ર કલાકારો પર જ મંત્રમુગ્ધ થાય છે અને કલ્પના પણ નથી કરી શકતા કે એમને મુગ્ધ કરવા હેતુ નેપથ્યમાં કેટલા બધા નામીઅનામી કલાકસબીઓએ પરસેવો પાડ્યો હશે! બિલકુલ એવું જ આ ગૃહિણીઓ, આ મોટા જાણીતા માણસોની પત્નીઓની બાબતમાં થાય છે. પુરુષની યશકીર્તિ પાછળ ગૃહિણીની નિઃસ્વાર્થ સેવા-કર્મઠતા લગભગ ઢંકાઈ રહે છે. હમણાં જ હું ટૉલ્સટૉય વિશે વાંચતો હતો જેમાં જાણવા મળ્યું કે તેમનાં પત્ની સૉફિયાએ તેમના વિશાળ પરિવારનો કેટલો મોટો કારભાર સંભાળી લઈને ટૉલ્સ્ટૉયને ફક્ત તેમના સાહિત્યસર્જન માટે સમય ફાળવવા મુક્ત કરી દીધા હતા. સૉફિયાના અસાધારણ સહયોગ વગર ‘War and Peace’ જેવી મહાનવલનું પ્રકાશન ભાગ્યે જ ધારી સમયમર્યાદામાં પૂરું થઈ શક્યું હોત!

આટલી લાંબી પ્રસ્તાવના બાંધવા માટે વાચક મને દરગુજર કરશે પણ હમણાં જ શ્રીમતી પારુલબહેન રઘુવીર ચૌધરીની વસમી વિદાય જાણ્યા બાદ મારા મનમાં કોણ જાણે આ પ્રકારની લાંબી વિચારશૃંખલા ચાલી જેણે મને આ લખવા મજબૂર કર્યો. રઘુવીર-પરિવારને હું વર્ષોથી ઓળખું છું. તેમના પરિવારના અંગત સદસ્ય હોવાનો મારો કોઈ દાવો નથી પરંતુ જે રીતે કોઈ બગીચો કેટલો ખુશ્બૂદાર છે તે જાણવા માટે અંદર સુધી જવાની જરૂર ન પડે; બહારથી પણ તેની સુગંધ અને સુંદરતા અનુભવી શકાય તે આ પરિવાર સાથેનો મારો નાતો ભલે ઘનિષ્ઠ ન કહીએ પણ વર્ષોથી આત્મીય તો રહ્યો જ છે. જ્યારે જ્યારે રઘુવીરભાઈના ઘરે ગયો છું ત્યારે ત્યારે પારુલબહેનનું પ્રેમાળ આતિથ્ય માણવા મને મળ્યું છે.

પારુલબહેનની જ વાત કરું તો મને બે પ્રસંગો યાદ આવે છે. એક તો દર્શક(મનુભાઈ પંચોળી) પરની એક દસ્તાવેજી ફિલ્મ બનાવવા મારી સાથે રઘુવીરભાઈ અને પારુલબહેન લોકભારતી સણોસરા આવેલા અને ત્યાં આગળ અમે ત્રણ-ચાર દિવસ રોકાયેલાં. એ વખતે અમે સણોસરા, આંબલાં, મણાર, માઈધાર વગેરે સ્થળોએ પણ સાથે જ ફરેલાં. એ વખતે એક વાર શૂટિંગના બ્રેક દરમિયાન અમે સૌ લોકભારતીના આંબાવાડિયામાં બેઠેલાં અને સાહિત્યજગતના મોટા માણસોમાં કોણ કોણ લાંબી આવરદા જીવ્યા તેના વિશે કંઈક વાત નીકળેલી. તેમાં પારુલબહેન મનુભાઈ સામે જોઈને હસતાં હસતાં કહે, ‘તમારાં તો આપણે જરૂર સો વર્ષ ઊજવશું.’ મનુભાઈને સંભળાય ઓછું એટલે કાને હાથ દઈને કહે, ‘શું કહ્યું ?’ એટલે મેં કહ્યું, ‘પારુલબહેન કહે છે કે તમે સો વર્ષના થવાના, આપણે તમારી શતાબ્દી ઊજવશું !’ એટલે મનુભાઈ હળવું હાસ્ય કરીને તેમની લાક્ષણિક અદામાં બે હાથ જોડીને કહે, ‘રામ રામ કરો રામ રામ!’

આજે મનુભાઈ પણ ન રહ્યા અને પારુલબહેને પણ વહેલી વિદાય લઈ લીધી. તેમની સાથેના મારાં બીજાં સંસ્મરણો ૧૯૮૭-૮૮ દરમિયાન ‘માનવીની ભવાઈ’ નાટકની પૂર્વતૈયારી વખતનાં છે. હું અને મારી કલાકારોની ટીમ રઘુવીરભાઈ સાથે પન્નાલાલ પટેલના વતન-ગામ માંડલી ખાતે સંશોધન-પ્રવાસ અર્થે ગયેલાં અને ત્યાં એક દિવસ અને એક રાત રોકાયેલાં. સાથે રઘુવીરભાઈની પુત્રીઓ દૃષ્ટિ અને કીર્તિ પણ

હતાં. એ બંનેએ મારા નાટકમાં અભિનય પણ કરેલો. આ નાટકમાં અમે એ પ્રદેશનાં કેટલાંક અસલ લોકગીતો અને લગ્નગીતોનો ઉપયોગ કરેલો. તેમાં એકાદ-બે પરંપરાગત લગ્નગીતના શબ્દો અને ઢાળ મારી કલાકારબહેનોને પારુલબહેને રીતસર ગાઈને શિખવાડેલા. એમના ગળાની ગામઠી હલક પ્રસન્નકારી લાગેલી. તે તરફનાં ગામડાંઓની સ્ત્રીનાં પહેરવેશ, ઘરેણાં વગેરે બાબતે પણ અમે તેમની સલાહ લીધેલી. આમ મારા નાટકની સફળતામાં રઘુવીરભાઈ, પારુલબહેન, દૃષ્ટિ અને કીર્તિ – સમગ્ર પરિવારની ભાગીદારી રહેલી.

ઉમદા સાહિત્ય સર્જવા માટે કવિ યા લેખકને શાંતિ જોઈએ, હળવાશ જોઈએ, નિશ્ચિંતતા જોઈએ અને બધી રીતે પોષક એવું ઘરનું સૌહાર્દપૂર્ણ વાતાવરણ જોઈએ. હું ચોક્કસ માનું છું કે પારુલબહેનની છત્રછાયા હેઠળ રઘુવીરભાઈનો ઘરસંસાર મધુર અને સમરસ રહી શક્યો હોવો જોઈએ કેમ કે એના વગર જ્ઞાનપીઠને યોગ્ય સાહિત્ય સર્જાઈ શકે જ નહીં. આગળની લાંબી પ્રસ્તાવના પણ આ વાત પર જ ભાર મૂકવા લખાયેલી કે (ઇબ્સન તેના નાટક 'Pillar of Society'માં કહે છે તેમ) સ્ત્રી એ દરેક ઘરનો, દરેક સમાજનો આધારસ્તંભ છે. સ્ત્રી ઘર બહારનું કામ કરે કે પોતાના ઘરને સંભાળે બંનેને સમાન ગૌરવ મળવાં જોઈએ, સમાન મૂલ્ય અંકાવું જોઈએ. પારુલબહેન આવા યશ અને ગૌરવને પાત્ર હતાં. હું એ સદ્‌ગત પવિત્ર આત્માને વંદન કરી શ્રદ્ધાંજલી પાઠવું છું.

હમણાં જ પારુલબહેનની નાની દીકરી સુરતાએ જે વાક્યોમાં તેની બાને સ્મરી છે, સંવેદી છે, સમજી છે, એ સરલ-નિર્મળ હૃદયસોંસરી અભિવ્યક્તિ વાંચીને કોઈ પણ વ્યક્તિ ગદ્‌ગદ થઈ ઊઠશે. તેણે લખ્યું છે, 'અનેક લોકોએ મારી બાને શ્રદ્ધાંજલી આપીને યાદ કરી છે. એ વિચારતા લાગે છે કે ચમત્કાર તો મારી બામાં હતો. પપ્પાનો નંબર તો પછી આવે. એ અદ્‌ભુત, સંપૂર્ણ સુંદર જીવન એની પોતાની શરતો સાથે સ્વમાન જાળવીને જીવી છે. જેવું એને લાગ્યું કે તેને કોઈના આધારિત જીવવું પડશે એવી જ એણે વિદાય લઈ લીધી. જેમ ભગવાન દેખાતા નથી પણ છે એવી જ રીતે મારી બા દેખાતી નથી પણ છે, અમર થઈ ગઈ છે મારી બા...'

પારુલબહેનની આ વસમી વિદાયથી શ્રી રઘુવીરભાઈને પડેલી ખોટ કોઈ રીતે પુરી શકાય તેમ નથી પણ પારુલબહેન જેવી માતાના સંસ્કારથી સીંચાયેલી તેમની પ્રેમાળ પુત્રીઓ અને પુત્ર સંજય અને પત્ની સુનીતા એ ભાવાત્મક ખોટ ઘણેબધે અંશે પૂરી આપશે એવી સદ્‌ભાવના સાથે હું રઘુવીરભાઈને દિલાસા રૂપે પ્રણામ કરું છું અને તેમનાં સંતાનો પ્રત્યે ઊંડો પ્રેમભાવ પ્રગટ કરું છું. ઈશ્વર સૌને હિંમત આપી રહેશે.

❑

## ‘ચંદ્ર’-હંસનું એઅરક્રાફ્ટ, બહુકલ્પિત ઉડ્ડયન... | રાધેશ્યામ શર્મા

[**‘એઅરક્રાફ્ટ’** (કાવ્યસંગ્રહ), કવિ ચન્દ્રકાન્ત ટોપીવાળા, પ્રકાશક : પાર્શ્વ પબ્લિકેશન, ૧૦૨, નંદન કૉમ્પલેક્સ, મીઠાખળી, અમદાવાદ-૩૮૦૦૦૬, પ્રથમ આવૃત્તિ : ૨૦૧૯, પૃષ્ઠ ૧૪૪, કિ. રૂ. ૨૦૦]

**ક**વિવર ચન્દ્રકાન્ત ટોપીવાલાનો કાવ્યસંગ્રહ ‘એઅરક્રાફ્ટ’ ‘કામાખ્યા’ પછીનો ગ્રંથ છે. એને ‘હંસગાન’, સ્વાનસૉંગ તરીકે નૈવેદ્ય ધર્યો છે. ભાષાકલાથી આરંભાયેલી સર્જકયાત્રા ભાષાશોધ પર્યંત વિકસી છે, તે કઈ રીતે પ્રવર્તી એ પ્રમાણવાનું અહીં ખુલ્લું નિમંત્રણ છે.

પ્રતિકાવ્યની પેઠે વ્યંગસિદ્ધ નિર્મિશ ઠાકરે અત્રે એક રચના ‘૭૭. કાવ્યતીર્થ’ રચેલી એમાં સર્જકની અકળતા સહર્ષ છતી કરી આલેખ્યું : અકળ કાવ્યો દ્વારા કવિ છળી ગયો છે. અકળ જ ! કવિ તો અવશ્ય આવે જ છે (બીજું કરેય શું ?) પણ વાચક જ દર વખતે કવિને ચૂકી ગયો છે. (નહીં તો કવિ વિદ્યમાન હોત ?)

સદા જાગ્રત કવિ વિદ્યમાન હોવા ઉપરાંત વિવેચક સ્વરૂપે પ્રસ્થાપિત છે તેથી સાધિકાર નિવેદન કરી શક્યા : અહીં જીવનના વ્યાપક ફલકને કાવ્યની શરતે ખુલ્લી મૂકવાનો મારો પ્રયાસ છે. પ્રસ્તુત રચનાઓને – વિમાનમાંના પ્રવાસ લેખે નહીં, યાત્રા લેખે ગૂંથી, જોખમના વ્યાપક બૃહદ સંકેતો વત્તા માનવીય મર્યાદાઓ મધ્યે પ્રસરેલ વર્તમાનમંડિત રચના અત્રે આસ્વાદપાત્ર છે.

રચનાસંચય ત્રણ ભાગમાં વહેંચાયો. અપરાહ્્ન, મધ્યાહ્્ન તથા પૂર્વાહ્્ન. અપરાહ્્ન ઉત્તરજીવનથી પ્રભાવિત, મધ્યાહ્્ન ગુર્જર ભાષા ઉપરાંત અને ઈતર ભાષાઓની મધ્યસ્થીનો પ્રતાપ, અને પૂર્વાહ્્ન કવિની પૂર્વ અવસ્થાકાળની ગ્રંથસ્થ નહિ એવી રચના અહીં પહેલી વાર વાચકને લાભાન્વિત કરશે. જો રસલાભ લૂંટી ના શકે તો વાચક કવિ કરતાં કવિતાને ચૂકી ગયો–મહદ્ અંશે યા અંશતઃ ચૂક્યો મનાય.

‘અનુક્રમણિકા’ ખાતે જેનો નંબર નથી તે અટૂલી રચનાનું અભિધાન છે : જાતમુચરકો : એલ્ફિન્સ્ટન રોડ. જાતમુચરકો શબ્દ ગુનેગાર હોય એનું જામીનખત સંકેતે. ત્યાં એતદ્ કવિ ગુનેગાર નથી. ગુનાખોર કુદરત છે. મનુષ્યોની બેફિકરાઈ છે. સમયની ગતિરીતિ છે. દા.ત. : ‘ને નર્મટેકરી પરથી નર્મદને દેખાયેલાં, લીલોતરી અને ખેતરો તો ક્યારનાં ગુમ થઈ ગયાં... વક્રતા તો જુઓ, સ્ટેશન ‘એલ્ફિન્સ્ટન’ તો ગયું અને એનું ‘પ્રભાદેવી’ થઈ ગયું. (૧૯-૭-૨૦૧૮ના રોજ) દર્શક ભૂલેશ્વર જેવો ભૂલકણો થઈ કિંકર્તવ્ય આઘાત પામી આલેખે છે : હવે હું પ્રભાદેવીનું શું કરું ? હું તો ઍલ્ફિન્સ્ટનનો છું.

એઅરક્રાફ્ટ એલ્ફિન્સ્ટનનો નામનાશ પામી જઈ પ્રભાદેવી પર ક્રૅશ થાય એ કેવું ?

'પાંખ વગરના કોઈ જીવ જેવો સ્થિર (નાયક) અક્કડ બેઠો, લાચાર, મૂક, તાકી રહ્યો... વિમાનના ગર્ભગૃહમાં દાખલ થઈ કર્તા આશાસ્પદ સંકલ્પ કરે છે :

> **'હું અવતરીશ**
> **ત્યારે કોઈ નવજાત નગર મારી સામે ખિલખિલ કરતું હશે !' (પૃ. ૧૫)**

'રાજધર્મ' (મનહર) રચના, સિનિકલ છતાં સાચો ફિલસૂફ ડાયોજનીસને રજૂ કરે છે, 'અત્યારે તો બાજુ ખસી સૂર્યતેજ આવવા દો, અંતરાયરૂપ બનો નહીં.' (પૃ. ૧૮)

જાણતલ લોકોને યાદ આવે અટલબિહારી બાજપેઈએ કોઇન કરેલો શબ્દ 'રાજધર્મ'...

પોતાને અજરામર ગણીને પ્રાચીન ગ્રીક ફિલસૂફ એતના જ્વાલામુખીમાં પડતું મૂકી ભડથું થનાર એમ્પેડોલિક્સને 'સાંભળ' કહેનાર રચનાની પાછળ પછીતે 'મૃત્યુફલ' કાવ્ય, 'ના' શબ્દનો અવિરત ઉપયોગ કવિના નેતિ નેતિ ઉપનિષદનું ઉદાહરણ બે સ્વ-અલ્પ પંક્તિમાં ઊતર્યું છે :

> **ના દેહ ના આત્મા**
> **હા રાખ, હા માટી' (પૃ.૨૦)**

અન્તે ના-ના સાથોસાથ, હા-હાનું અનુરણન નેતિ નેતિની જોડે 'હા'ને રચી અન્તે તો રાખ અને માટીની હયાતી, ચતુર કર્તાએ ઉજાગર ના કરી ?

(અનુનેય પૃથ્વી) અરાવનના મહાભારતસ્થિત 'નરબલિ' બનનાર પાત્ર, ઓચિંતો પલટો મારી સ્ત્રીસંગની લાલસામાં 'નારીબલિ' થઈ શ્રીકૃષ્ણના મોહિનીરૂપથી પરિતૃપ્ત થવાની ઘટનાનો એક પૂર્વાંશ ઉલ્લેખનીય :

> **'રૂપસી લલિત નારીના દેહની, અકલ્પ્ય રતિભોગની,**
> **અણચવ્યા રસોત્કર્ષની હઠે ચઢ્યો'...**
> [અર્જુન-ઉલૂપીપુત્ર ને અરાવન.] (પૃ.૨૧)

અહીં 'અ-કલ્પ્ય' અને 'અણ-ચવ્યા' શબ્દો, રસોત્કર્ષની અપરિહાર્ય સ્થિતિના સફળ નેરેશન માટે કવિને સલામ...

કવિશ્રી સુંદરમ્‌ને સમર્પિત એક કૃતિની અંત્ય કડીઓ, બેબાક અ-શ્રદ્ધાની નિતાન્ત નિખાસતા, ચન્દ્રકાન્તની ઇન્ટરનલ થીમને અભિવ્યક્ત કરી શકી છે :

> **'નિઃશેષ તું, કોઈક અન્ય ઊભું**
> **નમું તને પથ્થરને**
> **અદૃશ્યને' (પૃ. ૪૫)**

સૌજન્યના પાટે જેમ સુંદરમ્ તેમ કવિ ઇન્દુલાલ ગાંધીને ઉતારી એક ગીત નહિ પણ (એક અપગીત) 'કહાણી' ચન્દ્રે એવી ગીતા-કથા માંડી, જે આજ સુધીનાં ગીતોમાં કદાચ નવો પરિવારપંથ ચીંધશે !

**'અમને છે દીકરી છોને વિદેશે, એની બે દીકરી મ્હાલે કંઈ વેશે**
**લૅપટૉપમાં જોઈ અમે શાં યે હરખ્યાંતાં! એક વાર હું ને શાલુ પિત્ઝાહટ ગ્યાં'તાં!'** (પૃ.૫૩)

વિદેશે, વેશે, હરખ્યાં'તાં, પિત્ઝાહટ ગ્યાં'તાં જેવા અનુપ્રાસોનો ઉપયોગ કોઈને અપગીત લાગે તો લાગે. લખનારને આ ક્ષણે નથી લાગતું...

એક બીજું વિશિષ્ટ ગીત સન્મિત્ર તંત્રી-સર્જક સિતાંશુને ભાવી ગયું અને આ લખનારને એટલું પ્રભાવી ગયું કે રાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિમાં આસ્વાદ છપાયો. એ ગીત છે : 'હરિ પ્રતિ પ્રતિહરિ ગીત.' એની ધ્રુવપંક્તિ 'છોડો હરિ મારી બાંય ના પકડો.' પ્રતિહરિગીતને લખનારે પ્રતિચક્રવાત (ઍન્ટિસાઇક્લોન) સમું ગીત કથેલું ! શાથી ? પ્રચલિત પ્રતિષ્ઠિત માન્યતાઓથી ઊફરી વહીને, સાહિત્યકારો જાણે ઈવિલને ઈમ્પોઝ કરી છે એવું ધારીને ઘણો મોટો વર્ગ સૂગ અનુભવે છે. આ સંદર્ભે બ્રિટિશ લેખક ઍન્થની બર્ગેસનું નિરીક્ષણ ગુજરાતીમાં મૂકું છું :

**કેવળ શુભ મંગળને જ થોપનારા કરતાં અસદ્‌નું શુદ્ધ**
**સંચલન કરનાર (ઈમાનદાર હોય તો) ચડિયાતા છે.**

આસ્વાદનું સમાપન કરતાં લખેલું : હરિગીત છંદ છે, પણ ચન્દ્રકાન્ત ટોપીવાલાનું 'પ્રતિહરિગીત' ગૂર્જર સાહિત્યક્ષેત્રે એક ફ્રૅન્ક ફિયરલેસ નાયાબ નમૂનો ગણાશે.

ફિલ્મોના રસિક ચાહકે 'ફિલ્મમાં ન લેવાયેલું એક ગીત' હિન્દીમાં હસરત જયપુરીની રોમાન્ટિક બરસાતી શૈલીમાં આમ ચિત્રિત કર્યું છે : આઈ બરસાત કી બેલા... મિલનેકી ક્યા હૈ મજબૂરી, અબ સહી જાયે ના દૂરી, કહાં સે લાઉં મૈં સબૂરી, બહોત અંધેરા હૈ ફૈલા ! મૈં અકેલા ! મૈં અકેલા ! (પૃ. ૫૭) નિરાધાર દશાનું અંધારસભર પ્રવચન...

સ્નેહરશ્મિ, સુભાષ શાહ આદિ હાઇકુ-કવિઓની હેડીમાં ટોપીવાલા બિરાજ્યા જરૂર. પણ હાઇકુ કેવાં ? 'વિશૃંખલ'. દા.ત. :

**'મને જ જુઓ'**
**કહી આડુ થયું વૃક્ષ**
**ઢાંક્યો ચન્દ્રને !**

**વિકાસ થયો**
**ઝાડ હતું ત્યાં હવે**
**તો રસ્તો થયો.** **(પૃ.૫૮)**

એક હાઇકુમાં વૃક્ષ આડું પડ્યું તો બીજામાં ઝાડ હતું ત્યાં રસ્તો થયો !

'મધ્યાહ્ન' ખંડમાં કવિએ અન્ય ભાષાઓની મધ્યસ્થીનો 'તાપ' દીઠો, જેમાં ઉલ્લેખપાત્ર છે : ઉષા કિશોરનાં ત્રણ કાવ્યો. અંગ્રેજીમાં કાવ્ય રચતાં ઉષાની ત્રીજી છેલ્લી રચના વિશે ચન્દ્રકાન્તે અનુવાદો નિમિત્તે અભ્યાસખચિત નિરીક્ષણ દીધું છે : 'ઇતિહાસ વાંચતા'માં પશ્ચિમમાં રહેતી ચેતના પશ્ચિમે તારવેલાં પૂર્વનાં પરિમાણોને સ્વીકારવા તૈયાર નથી. ઇતિહાસનું સત્ય કેવું અંગત અને પૂર્વગ્રહયુક્ત હોય છે એનો સીધો પરિચય અહીં થાય છે; રચનાની ગમતી પંક્તિ ગમે તો માણો :

**'તમે જ્યારે સમુદ્રો પર શાસન કરવાની શેખી મારો છો**
**ત્યારે હું વિદ્રોહથી સમસમી ઊઠું છું.'** **(પૃ. ૬૯)**

મુકેશકુમારની ચાર રચનાઓમાં છલ્લી 'લોઢું' વાંચતાં ટોપીવાલાસાહેબે કવિશ્રી

રામપ્રસાદ શુક્લના કાયમી રૂપકને અવતાર્યું છે : ‘મને કવિતામાં અધમણ તાંબું નથી જોઈતું, મને વીજપ્રવાહયુક્ત પાતળા તાંબાના બે તારની અપેક્ષા છે.’ (પૃ. ૭૧)

એ જ રાહે ‘સમકાલીન મલયાલમ કવિતાની છબી’ શીર્ષક તળે કવિએ બે રચનાનાં ખુલ્લમ્‌ખુલ્લાં ભાષાન્તરો નિર્દેશ્યાં છે : ‘વહેતી ને વહેતી એ ગટર સુધી પહોંચી ગઈ ? વપરાયેલાં કન્ડૉમ, પ્લાસ્ટિક, સુકાયેલાં પૂજાફૂલો અને બીજા કચરા સાથેના ભૂગર્ભમાં’ પેન્ટી. (પૃ.૮૦)–આશાલતા...

૫. ‘ઈશ્વરે મન છેલ્લી સર્જી...’ કૃતિના રચયિતા પી.એમ. ગોપીકૃષ્ણને તારવેલી ત્રણ પંક્તિઓ :

**મૂળ બાઈબલ તો માત્ર બે પંક્તિનું હતું**

**‘ઈશ્વરે અંતે સ્ત્રી સર્જી**
**એ પછી સ્ત્રીએ જ બધું સર્જ્યું’** (પૃ.૮૨)

સાહિર લુધિયાન્વી યાદ આવે ને ? ઔરતને જનમ દિયા મર્દોં કો, મર્દોંને ઉસે બાઝાર દિયા...

‘મધ્યાહ્‌ન’નો વિભાગ–ઘણાબધા જાણીતા-અજાણ્યા કવિઓનો, એમની નોખી-અનોખી સર્જનાત્મક દૃષ્ટિથી આપણા કવિએ પરપ્લાવિત કર્યો છે. ગુજરાતી ગિરામાં આવાં ઉદાહરણો ચન્દ્રકાન્ત, સિતાંશુ જેવા મિત્રો સિવાય ઓછાં ઝળક્યાં છે. અહીં તો, ધસતી સરિતામાં આચમની જેટલી જ રચના છાંટી શકાઈ...

‘પૂર્વાહ્‌ન’ કર્તાએ હિંમતભેર, મોડી મોડી નિર્ગ્રન્થસ્થ કવિતાનો અધ્યાય પેશ કર્યો છે. ગમી ગયેલી કૃતિની પંક્તિઓમાં–

‘૬૩. કવિતા અને પડઘા’માં સૌરાષ્ટ્ર-ભુજની પ્રચલિત લોકબાનીની રાગેરાગે જેસલતોરલના ઢંગની ભાષાનો સફળ પુરુષાર્થ પમાશે.

‘૬૪. અસંભવ’ કવિની પઝલલેસ ગઝલનો શેઅ્‌ર સૂંઘી લઈએ :

**હવાને હું મૃગજળ સીંચ્યા તો કરું છું.**
**થવાનો નથી એક ફૂલનો ય ઉદ્‌ભવ !** (પૃ. ૧૨૩)

સુખ્યાત ગઝલીશ કવિ ચિનુ મોદી ઘણી વાર કહેતા કે જાજરમાન મોટા કવિઓ છંદોબદ્ધ લખે પણ ગઝલના ઘંટનો રણકાર કાને ના ધરે. અહીં ચન્દ્રે મહેણું આઘું ઠેલી આપ્યું ! અભિપ્રાયપણે ગઝલની જાળીએથી સિતાંશુએ જયશ્રીકૃષ્ણ કર્યા હશે...

‘૬૭. રાતો સમુદ્ર’ જાણે કવિમાં ઠરીઠામ થઈને નહિ, પણ પૂરી બેચેની સાથે પ્રસૂતિપુખ્ત અનુભૂતિ પ્રસ્તુત કરે છે :

**‘જન્મતાંવેંત મા છીનવાઈ ગઈ છે ભાષા.**
**જન્મતાંવેંત કોઈની ભાષાઓ બબડાવ્યા કરે છે જીવ’** (પૃ.૧૨૬)

‘૬૮. સર્પ અને દર’માંનો આરંભ અને અંત જુઓ : દર મટ્યું માટી/દર પાછું માટી (પૃ.૧૨૭). એ જ રીતિએ, ‘૭૩. મહાત્મા અને બકરી’ના આરંભ-અંત વાંચો : મહાત્મા આગળ અને બકરી પાછળ/મહાત્મા પાછળ અને બકરી આગળ. (પૃ. ૧૩૨)

આવા આરંભ-અંતને વિનિયાત્મક અભિગમ કહી શકાય.

અગાઉ, ‘મૃત્યુફલ’ કૃતિમાં નેતિ—ન ઇતિનો સાદ્યન્ત પ્રયોગ જોઈ ગયા, એમ અદ્દલ…

‘૭૮. વિનોક્તિ (વસંતતિલકા)’ કાવ્યમાં ‘વિના’ શબ્દનો સુરુચિમય પુનઃ પ્રવેશ ગમી જાય.

**‘શબ્દો વિના**
**મોજા વિના…**
**ઘડીક આમ મને મળું છું**
**મારા વિના…’**

**‘ઓચિંતાનું સૂર્યનું ભાંડ તોડી**
**મોજું જન્મ્યું એક, જે રક્તવર્ણું’**

આ પંક્તિઓનો આરમ્ભ ‘૮૨. મોજું ક્યાં છે ?’ રચનામાંથી પ્રસવ્યો છે; અને રચનાનો છંદ (શાલિની) છે.

કવિમિત્રનો સંગ્રહ ‘હંસગાન’ સંભવે ? ‘પ્રિય શાલુને’ સમર્પિત પંક્તિનો તંતુ પૃ. ૫૫ ઉપરની રચનામાં અકબન્ધ છે :

**‘અમે આવીએ ને દરવાજે તમે ઊભાં છો અંદર**
**લાગે જગ જીતીને આવ્યા અમે બીજા સિકંદર’** (પૃ.૧૪૪)

—એક દૃષ્ટિએ, કવિવર ચન્દ્રકાન્ત ટોપીવાલા સુશીલ શાલિન સિકંદર ખરા કે નહીં ?

## દૃશ્યોની ભીતરનો વિસ્મયલોક | રમણ સોની

[**‘શાહીનું ટીપું’ :** રમણીક સોમેશ્વર, બીજલ પ્રકાશન, વડોદરા, ૨૦૧૯]

**સં**ગ્રહને અંતે કવિએ પોતાની કેફિયત રજૂ કરી છે – ‘કવિતા મારો વિસ્મયલોક’. એમાં એ કહે છે કે ‘‘જોયા કરવું એ કદાચ મારો સ્થાયી ભાવ છે.’’ પણ જોવાનો રોમાંચ અને કવિતા રૂપે એની પરિણતિ વચ્ચે જે અંતર રાખવાનું હોય છે એ કવિ બરોબર જાણે છે. એટલે એ ઉમેરે છે કે ‘‘કોરા કાગળનો સામનો કરવો સરળ તો નથી જ.’’

એમના આ ધૃતિભર્યા વિસ્મયલોકમાં દૃશ્યકલ્પનોનું પ્રાધાન્ય છે ને દૃશ્યોની ભીતર ઊતરતી એમની કવિચેતનાએ અ-દ્રુત ગતિએ સુંદર કાવ્યરચનાઓ અવતારી છે. આ અ-દ્રુત ગતિને કારણે જ રમણીક સોમેશ્વરના બે કાવ્યસંગ્રહો વચ્ચે બે દાયકા ઉપરાંતનું અંતર છે.

ઈ. ૧૯૯૬માં ગુજરાતી સાહિત્ય પરિષદે એમનો પહેલો કાવ્યસંગ્રહ ‘તમે ઉકેલો

ભેદ' પ્રકાશિત કરેલો. ત્યાં સુધીમાં પણ એમનાં 'ખારવણ હીબકાં ભરે છે, ને દરિયાની છાતી મૂંઝાય છે' એવાં કેટલાંક ગીતો અને થોડીક સફાઈદાર ગઝલો જાણીતાં થયેલાં હતાં. કવિ એ સમયની ગીતગઝલ-કવિતાના ધસતા પ્રવાહની વચ્ચે તો હતા જ, ને એની કંઈક અસર પણ પામેલા. પરંતુ એ પહેલા સંગ્રહે જ એમનો નોખો અવાજ ધ્યાનપાત્ર બનેલો.

એ પછીનાં વર્ષોમાં પણ એમનું કાવ્યલેખન સાતત્યથી ચાલ્યું પણ એ જ ધીમી ગતિએ અને એ મંદ્ર સૂરે એમની કવિતાને નરવી રાખી. કાવ્યસર્જન ઉપરાંત કાવ્ય-અનુવાદોથી પણ રમણીકભાઈ વાચકોના ધ્યાનવર્તુળમાં રહેતા ગયા.

આ સંગ્રહ 'શાહીનું ટીપું'માં છેલ્લા બે દાયકામાં લખાયેલી એમની બધી રચનાઓ નથી, એમાંથી પરંપરિત છંદાલયની ને અછાંદસ કૃતિઓને જ એમણે પસંદ કરીને મૂકી છે. ગીત-ગઝલ અહીં નથી.

*

કેવું લાગે છે આ કવિતામાંથી પસાર થતાં ?

રમણીકભાઈની આ કવિતા જાણે કે એક ચિત્રવિથિ જેવી છે. એમની સર્જકતાએ રમ્ય કલ્પનમુદ્રાઓ અને એની શ્રેણીઓ રચીને આ કાવ્ય-આલેખનો આપણી સામે મૂક્યાં છે. એને જોતાં-માણતાં આપણે એની વચ્ચેથી પસાર થતા જઈએ ને આપણને વધુ આસ્વાદ્ય સ્થાનો લાગે ત્યાં વળી વધુ અટકતા જઈએ એવો આપણો, વાચક તરીકેનો પણ અ-દ્રુતગતિ પ્રવાસ છે – અટકવું ને તદ્રૂપ થવું. ને પછી પ્રમાણવું.

એની આસ્વાદકથા કહેતાં પહેલાં કવિના સંવેદનજગતના, સંવેદનવિષયોના નકશા પર એક નજર કરી લઈએ : સો જેટલાં કાવ્યોને એમણે છ ખંડોમાં યોજ્યાં છે. દરેક ખંડને જુદો પાડતા પ્રવેશકપૃષ્ઠ પર તે તે ખંડનાં કાવ્યોમાંથી પસંદ કરેલો કોઈ પંક્તિઅંશ છે. પહેલો ખંડ સિસૃક્ષા અને સર્જનની પ્રક્રિયાને લક્ષતી કૃતિઓનો છે; બીજા ખંડથી ક્રમશઃ ધરતી, માટીમાંથી ફૂટતી કૂંપળ, ને પંખીઓની પાંખોનો ફફડાટ; પછી સમુદ્ર અને રણ (સમુદ્ર અને રણનાં સંવેદન પરસ્પર સંયોજિત પણ થતાં રહ્યાં છે એ લાક્ષણિક છે); પછી સૂરજ અને ઝાકળ, પતંગિયું ને વૃક્ષ, પંખી, આકાશ, ચાંદની... ચાર ખંડોમાં આવો પ્રકૃતિલોક છે ને એને સંવેદનને ટેરવે ઝીલતો પ્રગટ-અપ્રગટ 'હું' છે. પાંચમા ખંડમાં પાત્રરેખાઓ પણ ઊઘડે છે – દાદી, અને મા, અને શિશુ. છઠ્ઠા ખંડમાં કચ્છના ભૂકંપનું, પ્રકૃતિના એ રુદ્ર ઉદ્રેકનું સંયત રીતે આલેખન કરતી કૃતિઓ છે. આ વિભાજન બહુ ચુસ્ત તો નથી, ક્યાંક એ પરસ્પરમાં સરતું રહે છે.

કવિ રમણીક મુખ્યત્વે પ્રકૃતિનિરત સર્જક છે. એમની આ રચનાઓની જે બહુ-રૂપતાના છે એના અંકુરો એ માટીમાંથી પ્રગટી આવેલા છે.

સર્જનક્રિયા અને કાવ્યનિર્માણની ક્ષણ વચ્ચેનું વિલંબિત અંતર સૂચવતા એક કાવ્યથી શરૂઆત કરીએ :

**'અંગૂઠે**
**તર્જની ટેકવી**
**લખોટીની જેમ**
**છુટ્ટો મૂકું શબ્દને**
**શબ્દ**
**ગબડતો ગબડતો**
**ગબી સુધી પહોંચવા મથે**
**ને ગબી તો**
**દૂર ને દૂર થતી જાય.'** (પૃ. ૧૯)

રચનાની, વાંચતાંવેંત ઝિલાતી સુંદરતા તો (સંકેતિત સુધી પહોંચાડતા) ગતિશીલ કલ્પનની છે – શબ્દ નહીં, લખોટી; લખોટી જ નહીં, લખોટીની સાથે સરતી રહે છે એ ગબી પણ. સર્-રિયલના અનુભવ કરતાં તો વાસ્તવિક (ભાસતા) દૃશ્યની ગતિ માણવાનું પહેલું ગમે છે. વળી, કવિએ તર્જની 'ટેકવી' છે (અંગૂઠે કે હડપચીએ ?) – એમાં સર્જકની વિમાસણનું રમણીય દૃશ્યચિત્ર ઊપસે છે. ઉત્તમ કલ્પનની મહત્તા એ હોય છે કે એ કાવ્યધ્વનિ સૂચવે છે, પણ એમાં શમી જતું નથી, પોતાને પણ ટકાવી રાખે છે.

'શાહીનું ટીપું' કાવ્ય(પૃ. ૧૩) પણ કવિ-શબ્દના અવતારની ક્રિયાને લક્ષણાથી તાકતું હોવા છતાં રૂપસુંદર તો ટીપું પોતે જ છે. જુઓ : 'શાહીનું ટીપું તગતગતું નીકળે બહાર'; 'પછી સૂંઘે પવનને'; 'થોડુંક અડી લે આકાશને'; 'ગ્રહો-નક્ષત્રોને લે ઊંડળમાં ને ખેંચે સમદરને તળિયેથી બધો ભેજ'. સર્જનના રહસ્ય તરફ જતી દૃશ્યાવલિ આપણને રચનામાં પરોવતી રહે છે.

ક્યારેક, કલ્પનાની પીંછીએ આલેખાતાં, એક દૃશ્યફલક પર વળી બીજું દૃશ્ય ઉપસાવતાં, ચિત્રો આસ્વાદ્ય બને છે. સાંજથી આગળ સરતા આકાશને કવિ 'ચીતરતા' જાય છે : 'ડાળીઓના હાથ લંબાવી / પર્ણોની આંગળીઓથી / વૃક્ષો લૂછે છે આકાશનો ચહેરો' અને 'સાંજે આકાશમાં પક્ષીઓ અક્ષર પાડે છે / તે ઊપસી આવે છે રાતે' વગેરે. કવિસંવેદનનો પ્રવેશ થાય છે અંતે : 'આકાશ આકાશ રહે છે / અને હું / શોધ્યા કરું છું આકાશમાં પદચિહ્નો / સમયનાં' (પૃ. ૨૭) મૂર્તની લીલા રચીને પછી કવિ અમૂર્તની અંદર ઊતરતા જાય છે.

આવી પ્રક્રિયાનું કે સંકેતિતનું આલેખન ન હોય ત્યાં, એમનું કલ્પન કેવળ રચના રૂપે પણ કાવ્યાનુભવ આપી શકે છે, કેમ કે ત્યાં કવિ જે 'જોવાય' છે એને અ-પૂર્વ ઘાટ આપે છે : ક્યાંક 'વાદળની શાલ ઓઢીને' લટાર મારવા નીકળેલો સૂર્ય છે, ક્યાંક 'મોગરા જેવો ખીલેલો' ભરબપોરનો સમુદ્ર છે – સમુદ્રનાં અનેક જાણીતાં રૂપોની વચ્ચે આ શુભ્ર ચમકવાળો સમુદ્ર વાચક માટે આહ્‌લાદક બને છે. ક્યાંક, પરાગરજ લઈને ઊડતું પતંગિયું 'આખું જંગલ એની પાંખે' લઈને જતું દેખાય છે એમાં દૃશ્યનો એક જ લસરકો બૃહદ રૂપાંતરનો વિસ્મય-આનંદ આપે છે. ક્યારેક કવિ નરી પ્રત્યક્ષતામાંથી ખસી જઈને પણ 'જોવા'ના અનુભવને સાક્ષાત્ કરે છે ને આત્મલક્ષિતાને પરલક્ષિતામાં પરોવે છે. જુઓ :

**'આકાશને અરીસામાં જોવા**
**મારે ખસી જવું જોઈએ**
**વચ્ચેથી' (પૃ. ૬૮)**

આ કાવ્યોમાં, અગાઉ કહ્યું એમ, દૃશ્યકલ્પનોનું પ્રાધાન્ય છે, પણ ક્યાંક સ્પર્શકલ્પન પણ કવિસંવેદનનો કોઈ વિશિષ્ટ અનુભવ આપે છે. દાદીના વાત્સલ્યનું સ્મરણ આ રીતે આલેખાયું છે : 'ભીંતે થાપેલી આંગળાંની છાપ સરતી સરતી પસવારે ગાલ' (પૃ. ૮૪), 'પતંગિયું ને પાન / એકબીજામાં અંતર્ધાન' (પૃ. ૪૬)માં રૂપાંતરનું બલકે સાયુજ્યની લીલાનું ગતિચિત્ર છે. (લયના ઝૂલે એ ઑર આસ્વાદ્ય બને છે.), પરંતુ નીચેની પંક્તિઓમાં તો સ્પર્શનું એક વિલક્ષણ રૂપાંતર છે :

**'ખભા પર**
**ભૂલભૂલમાં આવી ચડેલું પતંગિયું**
**ખોતરતું ખોતરતું**
**ચામડીનાં પડ**
**ઊતરે અંદર**
**ને પછી**
**રણઝણવું કે તરફડવું**
**એની જ સમજ ન પડે' (પૃ. ૪૫)**

કચ્છ-ભુજના વિનાશક ભૂકંપના કવિના પીડા-અનુભવો કોઈ દીર્ઘકાવ્યને પ્રેરે એવા હતા, પણ રમણીકભાઈએ એ અનુભવોને ટૂંકાં કાવ્યોમાં સંયત રીતે પણ ઊંડી પ્રભાવકતાથી નિરૂપ્યા છે. સંગ્રહના છેલ્લા, છઠ્ઠા ખંડની દસેક નાની રચનાઓ એ 'કંપિત કાંડ'નાં સંવેદન-ચિત્રણો છે. 'ક્ષણનો વિસ્ફોટ / કથા યુગોની' એ આ કરુણિકાની વિભીષિકારૂપ પહેલો ઉદ્ગાર છે. પછીનાં કાવ્યો એ વિતથતા અને રૂંધામણનાં દ્રાવક રૂપો આલેખે છે. એમાંનું એક કાવ્ય જોઈએ : ધ્વસ્ત થયેલા શહેરના આ કાટમાળમાં (મદદરૂપ થવા કે આ વિનાશને ઓળખવા ?) મોટરસાઈકલ પર પસાર થતા કવિ પહેલાં તો જાત-ઠઠ્ઠો કરી લે છે : 'બની જાઉં છું સર્વાન્ટિસનો ડૉન કિહોટે / ખબડક ખબડક ખચ્ચર દોડાવતો.' ને પછી પોતાના અસ્તિત્વની નિરર્થકતાને, જીવતા હોવાની એક સંભ્રાંતિને એ આ રીતે વ્યક્ત કરે છે : 'મારા શહેરની ગલીઓમાં / હું ગુમશુદા લાશ / પિરામિડ કે મમી / હું માણસ નામે ડમી.' કાટમાળ વચ્ચે ઊપસેલા 'એક પછી એક ટેકરા'માં એમને મોહેં-જો-ડેરો(?), હરપ્પા, ધોળાવીરાના ઇતિહાસના સ્મરણ સાથે આ ક્ષણ સાક્ષાત્ થાય છે – 'ઇતિહાસનું એક પૃષ્ઠ / લખાયેલું / કે લખાનાર'. ભૂત-ભવિષ્યવાચી આ બે વિશેષણો વિનાશની ભીંસનો અનુભવ કરાવે છે. કાવ્યને અંતે, કવિની દબાવી રાખેલી વેદના મુખર બને છે : 'ઢગલો થઈને પડેલું શહેર / લવકે છે મારી છાતીમાં.' ભૂકંપની આ દુર્ભાગ્ય-કથાને ઓછામાં ઓછી પંક્તિઓમાં (એક જ પાનામાં) નિરૂપતું 'અજાયબ લાગે છે' નામનું આ કાવ્ય (પૃ. ૯૬) મનમાં જડાઈ જાય એવું છે.

અલબત્ત, વિનાશની વચ્ચે એક શક્યતાને – મૃત્યુના આ દટણની લગોલગ જ નવા જીવનના અંકુરને પણ – કવિ ચીંધે છે :

**'કાટમાળનો ઢગલો**
**ને પાસે**
**તાજી વિયાએલી બિલાડી...**
**ઓહ !**
**બિલાડીની આંખોમાં**
**ચકરાવા લેતું અગાધ ઊંડાણ' (પૃ. ૯૫)**

વર્ણન પોતે એક કલ્પન બની રહે છે.

રમણીકભાઈની કાવ્યરચનાઓ ટૂંકી છે, ઘણુંખરું સંયત આલેખનવાળી ને સઘન છે. પરંતુ કેટલીક કૃતિઓ પરંપરિતના લયવેગમાં ને પ્રાસ-પ્રયુક્તિમાં ખેંચાઈ ગઈ છે અને એથી ટૂંકી રચના પણ લંબાયેલી લાગે છે. જેમ કે, 'અવાવરુ ઊંડાણો' નામનું કાવ્ય(પૃ. ૨૫) આ રીતે ઊઘડે છે : 'પડ ખોદું / પળપળ ખોદું / તળ ખોદું / વિહ્વળ ખોદું' પણ આવો સરસ આરંભ પછી તરત 'જળ ખોદું / ઝળહળ ખોદું' એમ પ્રાસ-રસમાં ઢળીને ખેંચાવા માંડે છે ને રચના શિથિલ બની જાય છે. પરંપરિત લયની આ રચનાઓ પર ક્યાંક – ખાસ કરીને કટાવમાં ચાલતી કોઈ કોઈ રચનાઓ પર લાભશંકરની રચનાશૈલીની છાયા પણ પડી છે : 'કરવટ બદલો રે કક્કાજી / કરવટ બદલો / આમ બધું જકડાઈ ગયું તે છોડો / તડાક તોડો / જોડો રે પાંખાળો ઘોડો જોડો...' (પૃ. ૧૯) વગેરે.

કવિની કલ્પન-નિર્માણ-શક્તિએ આપેલી ઉત્તમ રચનાઓ આહ્‌લાદક છે પણ થોડીક એવી છે જે કલ્પનાને બદલે તરંગમાં કૂદી જતો રચનાદોષ વહોરી બેઠી છે. (કાવ્યને આગળ વધારતો ટેકો કેવળ પ્રાસનો રહ્યો છે.) 'તળાવ' નામના કાવ્ય(પૃ. ૩૨)માં 'સપાટી પરથી કોઈ પામી શકે ના ભેદ', એ પરથી 'આમ જુઓ તો અઢળક છેદ / ને છેદે છેદે જુદું સંગીત', એના પરથી વળી 'આવ-જા કરે પવન / ને ઊભરાય વાંસવન' ને પછી 'વાંસ નહીં વાંસળી / પણ સૂકી સપાટી પર તો રઝળે હાડકાં ને પાંસળી' – એમ કથ્ય ફંટાઈ જાય છે.

કલ્પનપ્રધાન કવિતાના વૈભવમાં ક્યારેક, અજાણ્યેય એક ભયસ્થાન આવી જતું હોય છે – કૅલિડૉસ્કોપિક સીમિત વૈવિધ્ય અને બદ્ધ રહી જતાં આવર્તનો. રમણીકભાઈ સરખા સભાન-સંયમી કવિએ તો એવાં ક્વચિત્ દેખાતાં અનવધાનોમાંથી નીકળીને પોતીકી નક્કરતામાં જ કેન્દ્રિત થવા જેવું હોય.

પરંતુ આનંદ અને રાહત આપનારી બાબત એ છે કે પ્રવર્તમાન ગુજરાતી કવિતાના એક મોટા હિસ્સામાં કાં તો નરી મુખરતાનો ઘોષ છે, કાં તો અ-ફળ વાગ્મિતાનો વેગ છે કે જલ્પના છે. એની વચ્ચે રમણીકભાઈ જેવા સર્જકો સંવેદનને સંયતભાવે રૂપ આપતું, કલ્પનોની સૂક્ષ્મતાવાળું કવિકર્મ દાખવતી, થોડી પણ તૃપ્તિકર કવિતા આપે છે.

હવે રમણીકભાઈ, પેલાં સાચવી રાખેલાં રમ્ય-સુઘડ ગીતોનો સંગ્રહ પણ આપો.

❑

# આપણી વાત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

## ગુજરાતી સાહિત્ય પરિષદના વર્ષ જાન્યુઆરી-૨૦૨૧થી ડિસેમ્બર-૨૦૨૩ સુધીના પ્રમુખની ચૂંટણીનો કાર્યક્રમ

| | | |
|---|---|---|
| પ્રમુખપદ માટેની દરખાસ્ત મોકલવાની છેલ્લી તારીખ : | ૦૧-૯-૨૦૨૦ | મંગળવાર |
| મતપત્રમાં નામ મૂકવાની ઉમેદવારોની સંમતિ મંગાવવાની તારીખ : | ૦૫-૯-૨૦૨૦ | શનિવાર |
| મતપત્રમાં નામ મૂકવાની ઉમેદવારે સંમતિ આપવાની છેલ્લી તારીખ : | ૧૧-૯-૨૦૨૦ | શુક્રવાર |
| ઉમેદવારી પાછી ખેંચવાની તારીખ : | ૧૬-૯-૨૦૨૦ | બુધવાર |
| કાર્યાલયમાંથી મતપત્રો રવાના કરવાની તારીખ : | ૧૮-૯-૨૦૨૦ | શુક્રવાર |
| મતપત્રો પરિષદ કાર્યાલયે પરત પહોંચાડવાની છેલ્લી તારીખ : | ૧૯-૧૦-૨૦૨૦ | સોમવાર |
| મતગણતરી અને પરિણામ જાહેરાતની તારીખ : | ૨૪-૧૦-૨૦૨૦ | શનિવાર |

પ્રમુખપદ માટે પરિષદના બંધારણનો વિભાગ-૯ : કલમ-૫૦થી ૫૫ અન્વયે

વિભાગ : ૯ પરિષદ અને સંમેલન (અધિવેશન/જ્ઞાનસત્ર)ના પ્રમુખ તથા વિભાગીય પ્રમુખો

કલમ ૫૦ પરિષદ અને સંમેલન (અધિવેશન/જ્ઞાનસત્ર)ના પ્રમુખપદ માટે પરિષદના દસ આજીવન સભ્યો સંયુક્ત રીતે પોતાની પસંદગીનું એક નામ સૂચવી શકશે.

***નોંધ :*** *** પ્રમુખના નામની દરખાસ્ત પરિષદના દસ આજીવન સભ્યોની સહી કરેલો પત્ર સ્કેન કરી ઈમેઈલ દ્વારા મોકલી શકાશે.**

કલમ ૫૧ પરિષદ અને સંમેલન (અધિવેશન/જ્ઞાનસત્ર) ભરવાના ઓછામાં ઓછા ત્રણ માસ અગાઉ ચૂંટણી અધિકારી પરિષદ કાર્યાલય દ્વારા પરિષદના તમામ પ્રકારના સભ્યોને પરિપત્ર મોકલીને અથવા 'પરબ'માં એ પરિપત્ર છાપીને પ્રમુખનું નામ સૂચવવાનું જણાવશે.

કલમ ૫૨ આ પદ્ધતિએ સૂચવાયેલાં નામોવાળી વ્યક્તિઓને, પ્રમુખની ચૂંટણી માટેના મતપત્રકમાં તેમનું નામ સામેલ રાખવા બાબતની સંમતિ અંગે ચૂંટણી અધિકારી પુછાવશે અને જેમની સંમતિ આવી હશે તેમનું જ નામ મતપત્રકમાં સામેલ રખાશે.

કલમ ૫૩ સંમેલન (અધિવેશન/જ્ઞાનસત્ર)ની તારીખના ઓછામાં ઓછા બે માસ પહેલાં પ્રમુખની ચૂંટણી થઈ જાય એ રીતે ચૂંટણી સમિતિ આખો કાર્યક્રમ ગોઠવશે.

કલમ ૫૪ કલમ ૫૧, ૫૨, ૫૩ પ્રમાણે પ્રમુખપદ માટે મળેલાં નામોને વર્ણાનુક્રમે ગોઠવીને ચૂંટણી અધિકારી મતપત્રક તૈયાર કરશે અને સતત ત્રણ વર્ષ સુધી ચાલુ રહેલા વાર્ષિક સામાન્ય સભ્ય, નોંધાયેલા આજીવન સભ્ય, આજીવન સંસ્થા સભ્ય, દાતા સભ્ય તથા સંવર્ધક સભ્ય (જે ત્રણ વર્ષ પૂર્વે થયેલા હશે)ને ટપાલ/સ્પીડ પોસ્ટથી મતપત્રક મોકલી આપશે.

કલમ ૫૫ પ્રમુખની ચૂંટણીમાં મત આપવા સંબંધમાં કઈ પદ્ધતિને અનુસરવું તેનો નિર્ણય મધ્યસ્થ સમિતિ કરશે.

# જાન્યુઆરી-૨૦૨૧થી ડિસેમ્બર-૨૦૨૩ માટે અમલમાં આવનાર ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિની ચૂંટણીનો કાર્યક્રમ

| | | |
|---|---|---|
| મધ્યસ્થ સમિતિ માટે ઉમેદવારીપત્ર મેળવવાનો પ્રારંભ : | ૧૭-૮-૨૦૨૦ | સોમવાર |
| મધ્યસ્થ સમિતિ માટે ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ : | ૧૨-૯-૨૦૨૦ | શનિવાર |
| ઉમેદવારીપત્ર પાછું ખેંચવાની છેલ્લી તારીખ : | ૧૬-૯-૨૦૨૦ | બુધવાર |
| કાર્યાલયમાંથી મતપત્ર રવાના કરવાની તારીખ : | ૧૯-૯-૨૦૨૦ | શનિવાર |
| મતપત્ર પરિષદ કાર્યાલયે પરત પહોંચાડવાની છેલ્લી તારીખ : | ૧૯-૧૦-૨૦૨૦ | સોમવાર |
| મતગણતરી અને પરિણામની તારીખ : | ૨૫-૧૦-૨૦૨૦ | રવિવાર |

વિભાગ : ૩ પરિષદની મધ્યસ્થ સમિતિ

કલમ ૫-અ પરિષદની નીતિવિષયક બાબતો અંગેનો નિર્ણય નીચે પ્રમાણે બનેલી મધ્યસ્થ સમિતિ કરશે :

ક. પરિષદના જે તે સમયના પ્રમુખ

૧. જે-તે સંમેલનના પ્રમુખ ગુજરાતી સાહિત્ય પરિષદના તેમજ તેની કાર્યવાહક-મધ્યસ્થ સમિતિના પણ પ્રમુખ ગણાશે.

૨. કોઈ પણ કાર્યવાહી દરમિયાન નીતિનિયમોના અર્થઘટન અંગે પ્રમુખશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

૩. પ્રમુખની મુદત તેઓ પ્રમુખ તરીકેનો હોદ્દો સંભાળે ત્યારથી ત્રણ વર્ષની રહેશે.

ખ. પરિષદે નિયુક્ત કરેલા સાતથી વધારે નહિ એટલા સન્માન્ય સભ્યો.
(નોંધ : આ સન્માન્ય સભ્યો નિયુક્ત કરવા માટે મધ્યસ્થ સમિતિ દ્વારા સૂચવાયેલાં નામોમાંથી વરણી કરવાનું કામ પરિષદના વર્તમાન પ્રમુખ, એક ભૂતપૂર્વ પ્રમુખ અને વરાયેલા પ્રમુખની સમિતિ કરશે.)

ગ. સતત ત્રણ વર્ષ સુધી ચાલુ રહેલા પરિષદના સામાન્ય સભ્યો તેમજ ચૂંટણીના ત્રણ વર્ષ પૂર્વે નોંધાયેલા આજીવન સભ્યોએ ચૂંટેલા ચાલીસ સભ્યો.

ઘ. ગુજરાતી સાહિત્ય પરિષદના તંત્રવાહકોમાં વધુ ને વધુ સાહિત્યકાર અને સાહિત્યસેવી સામેલ થાય તે દૃષ્ટિએ મધ્યસ્થ સમિતિના ચૂંટાયેલા ૪૦ સભ્યો ઉપરાંત બીજા ૫ સભ્યોની નિયુક્તિ નિવૃત્ત થતી કાર્યવાહક સમિતિ ચૂંટણી થયા બાદ અને નવી મધ્યસ્થ સમિતિ કાર્યરત થાય તે પૂર્વે કરશે. આ માટે મહામંત્રી નિવૃત્ત થતી મધ્યસ્થ સમિતિના સભ્યો પાસે છેલ્લી ચૂંટણીમાં ઊભા રહ્યા ન હોય તેવા અને સર્જન તથા સ્વાધ્યાય ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી ધરાવતા હોય તેવા સાહિત્યકારોનાં નામ મંગાવશે. મળેલાં નામોમાંથી કાર્યવાહક સમિતિ પાંચ સભ્યોની વરણી કરશે. આ ૫ સભ્યો મધ્યસ્થ સમિતિના નિમંત્રિત સભ્યો ગણાશે. (નિમંત્રિત સભ્યને ચર્ચામાં ભાગ લેવાનો અધિકાર રહેશે. મતાધિકાર રહેશે નહીં.)

ચ. દાતાઓના વિભાગમાંથી ચૂંટાયેલા ચાર સભ્યો

છ. સંવર્ધકોના વિભાગમાંથી ચૂંટાયેલા ચાર સભ્યો

જ. સભ્યસંસ્થા વિભાગમાંથી ચૂંટાયેલા પાંચ સભ્યો

નોંધ : ઉપર્યુક્ત સભ્ય સંસ્થાઓએ ચૂંટવાના મધ્યસ્થ સમિતિના પાંચ સભ્યોની જગ્યાઓ ઉપર એ જ સભ્ય સંસ્થાઓના પ્રતિનિધિઓ ઊભા રહી શકશે જે સંસ્થાઓએ પોતાના પ્રતિનિધિને ઊભા રાખતી વખતે ફોટો, ઓળખપત્ર અને સહીનો નમૂનો મોકલ્યાં હશે. સંસ્થા વતી મતદાન કોણ કરશે તે અંગે ઠરાવ કરીને તેની જાણ કરવાની રહેશે.

(નોંધ : આ ત્રણેય (ચ, છ અને જ) વિભાગોમાં ઊભા રહેલા સભ્યોને પણ સમગ્ર મતદારો મત આપશે.)

ઝ. ગુજરાતી સાહિત્ય પરિષદના ટ્રસ્ટીઓ.

ટ. મધ્યસ્થ સમિતિ વધુમાં વધુ ચાર સભ્યો કો-ઑપ્ટ કરી શકશે.

## જાન્યુઆરી-૨૦૨૧થી ડિસેમ્બર-૨૦૨૩ માટે અમલમાં આવનાર ગુજરાતી સાહિત્ય પરિષદની કાર્યવાહક સમિતિની ચૂંટણીનો કાર્યક્રમ

| | | |
|---|---|---|
| કાર્યવાહક સમિતિ માટે ઉમેદવારીપત્ર મેળવવાનો પ્રારંભ : | ૨૭-૧૦-૨૦૨૦ | મંગળવાર |
| કાર્યવાહક સમિતિ માટે ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ : | ૦૭-૧૧-૨૦૨૦ | શનિવાર |
| ઉમેદવારીપત્ર પાછું ખેંચવાની છેલ્લી તારીખ : | ૦૯-૧૧-૨૦૨૦ | સોમવાર |
| કાર્યાલયમાંથી મતપત્ર રવાના કરવાની તારીખ : | ૧૭-૧૧-૨૦૨૦ | મંગળવાર |
| મતપત્ર પરિષદ કાર્યાલયે પરત પહોંચાડવાની છેલ્લી તારીખ : | ૦૫-૧૨-૨૦૨૦ | શનિવાર |
| મતગણતરી અને પરિણામ જાહેરાતની તારીખ : | ૦૭-૧૨-૨૦૨૦ | સોમવાર |

મધ્યસ્થ સમિતિમાં ચૂંટાયેલા સભ્યોમાંથી કાર્યવાહક સમિતિની ચૂંટણીથી થનાર રચના

(૧) ચૂંટાયેલા પ્રમુખ

(૨) બે ઉપપ્રમુખ

(૩) છ મંત્રીઓ આ પ્રમાણે રહેશે :

- ૧. મહામંત્રી
- ૨. પ્રકાશનમંત્રી
- ૩. પ્રસારમંત્રી
- ૪. વિકાસમંત્રી
- ૫. ગ્રંથાલયમંત્રી
- ૬. સ્વાધ્યાયપીઠ મંત્રી

(૪) કોષાધ્યક્ષ

(૫) સાત સામાન્ય સભ્યો

ચૂંટણી અધિકારી

## અનુબંધનો અનોખો આવિષ્કાર | વિજય ભટ્ટ ( લૉસ ઍન્જેલસ)

ગુજરાતી સાહિત્ય પરિષદના લૉસ ઍન્જલસ અનુબન્ધની શરૂઆત ત્રણ વર્ષ પહેલાં પરિષદના પ્રમુખ, અમારા લૉસ ઍન્જલસના સાહિત્યરસિક મિત્રોના પ્રિય, શ્રી સિતાંશુભાઈની હાજરીમાં થઈ હતી.

કોવિડજીના કારમા કારાવાસ દરમ્યાન લૉસ ઍન્જલસના ગુજરાતી સાહિત્યરસિકોએ નક્કી કર્યું કે દર સોમવારે રાત્રે સાડા-આઠ થી દસ સુધી ઇન્ટરનેટ ઝૂમ દ્વારા, ગમતાનો ગુલાલ કરીએ.

પાંચ-દસ વ્યક્તિથી શરૂ કરેલ આ સાહિત્યિક ઈ-ગોષ્ઠીએ પહેલી મહેફિલથી જ વેગ પકડ્યો. દરેકને ૩ થી ૪ મિનિટ આપવામાં આવે. કોઈ નરસિંહનું આધ્યાત્મિક કાવ્ય ગાય, કોઈ રાગ મધુવંતીમાં સુંદર ગઝલ ગાય, કોઈ નાનું કટાક્ષલેખન વાંચે, તો કોઈ રમેશ પારેખનું અછાન્દસ કાવ્ય ‘સુખ’ વાંચે, તો કોઈ કલાપીની ‘યાદી ભરેલી’ ગઝલ ગાય! તે ઉપરાંત દરેક વ્યક્તિ એકબીજાને પ્રત્યક્ષ જોઈ શકે તેનો આનંદ ઝૂમ ઉપર ઝૂમે ! હા, આનંદ ઝૂમે !

બીજા સોમવારે આઠ અને પંદર મિનિટે, પંદર મિનિટ વહેલા, સૌ ઝૂમ પર હાજર!! મને નવાઈ લાગી.. કેટલાય નવા ચહેરા જોડાયા. સંખ્યા થઈ પચીસ ! હવે સંચાલક તરીકે મારી જવાબદારી જરા અઘરી થઈ. દરેકનો વારો ન આવી શકે. કોઈને ખોટું ના લાગે તેની ચિન્તા હતી પરંતુ પહેલી દસ મિનિટમાં જ બધા જ મિત્રો સમજી ગયા કે આ સોમવારે નહીં તો આવતા સોમવારે તેમને ગુલાલ ઉડાડવાની તક મળશે જ. દસ વાગે પણ કોઈ જવા તૈયાર નહિ! આ તો ભાઈ એન.આર.આઈ. વર્હ્યુઅલ પરિષદ થઈ !

એક ભાઈએ તો એમ કહ્યું કે હવે કાલની, મંગળવારની સાંજ ફિક્કી લાગશે, અનુબંધની ઈ-ગોષ્ઠી વગર. એમ થાય છે કે ક્યારે બીજો સોમવાર આવે! પણ એમ નક્કી કર્યું કે હવે એકાંતરે સોમવારે મળીએ તો વધારે સારી ગુણવત્તાની અને રજૂઆતની તૈયારી થઇ શકે!

પછીની ઈ-ગોષ્ઠી(ઓ) તો હાજરીથી ગીચ અને મજેદાર રહી! એક એવું સ્પષ્ટ થઈ ગયું કે સાત્ત્વિક સાહિત્યિક આનંદ માટે કોઈ વ્યવસાયિક વક્તાઓ કે કલાકારોની જરૂર નથી. આપણા સાહિત્યિક વારસાને એકબીજા સાથે વહેંચીએ, ‘શેર’ને શેઅર કરીએ તો સમય ખૂટે એટલી વિપુલ સામગ્રીનો વૈભવ સૌ પાસે છે. ઘણા મિત્રોએ ગૅરેજમાં ક્યાંક સાચવી રાખેલી વર્ષો જૂની ચોપડીઓ કાઢી, સોમવારની તૈયારી માટે. કેટલાક વળી ઇન્ટરનેટ પર અને યુટ્યૂબ પરથી સામગ્રી લઈ આવ્યા! કેટલાકે તો પોતે જે કાવ્ય રજૂ કરવાનાં છે તેની પ્રત ઇ-મેઇલથી અગાઉ બધાને વહેંચી જેથી સૌ સારી રીતે માણી શકે!

સાથે સાથે કોઈકને થયું કે બિથોવનની સિમ્ફનીમાં કેટલું કાવ્યતત્ત્વ છે, તો તે પણ સાંભળીએ. વળી કોઈ કાઠિયાવાડી દુહા લઈ આવ્યા. અમારામાં થોડાક બાથરૂમ કવિઓ

પણ ખરા! કેટલાક પ્રામાણિક રીતે ઊગતા કવિ કહી શકાય... ભલે ઉંમરને કારણે ઊગતા ના લાગે! સૌમાં એક ગુજરાતી ભાષાના ભાવક તરીકેની અદમ્ય ભાવના, એક રોનક, આનંદ લૂંટાવવા અને લૂંટવાની ઉત્સુકતા, અને, કોવિડની કારમી એકલતાને ફેંકી દઈને આનંદ લેવાની સજ્જતાનો અંશ મને ભળાયો!

એક બ્યાશી વર્ષના કાકા બોલ્યા,'લાવ તારી કાકીને ઉઠાડી લાવું, કશું નહિ તો આટલા બધા ગુજરાતી બોલતા ચહેરા ઇન્ટરનેટ પર જોશે તો વિટામિન મળશે!'

એક દિવસ મારા મિત્ર અમર ભટ્ટને મેં વાત કરી કે તું સુંદર કાવ્યસંગીત ગાય છે તો અમારી આ અનુબંધની ઈ-ગોષ્ઠીમાં અમદાવાદથી જો જોડાય અને ગુજરાતી કાવ્યસંગીત પીરસે તો ઔર મઝા આવે! અમર સંમત થયો.

ગુજરાતી લિટરરી ઍકેડેમી ઑફ નૉર્થ અમેરિકાના પ્રમુખ શ્રી રામભાઈ ગઢવીને ફોન પર કહ્યું કે સમય હોય તો જોડાજો. પરંતુ લૉસ ઍન્જલસના રાતના સાડા આઠ એટલે ન્યૂજર્સીના રાતના સાડા અગિયાર. એમને ઘણું મોડું થાય. એટલે શનિવારે સવારે આઠ વાગે લૉસ ઍન્જલસ સમયે એક ઈ-ગોષ્ઠી નક્કી થઈ! એકેડેમીના સૌ ઇસ્ટ-કોસ્ટના સભ્યોને પણ આમંત્રણ આપ્યું.

પાંચ-દસથી શરૂ કરેલી અનુબંધની આ ઈ-ગોષ્ઠી ટોળકીની તે સવારની સંખ્યા તો જુઓ! એક સે ભલા દો, દો સે ભલા દસ નહિ... પણ એક ઇતિહાસ સર્જાયો કે શનિવારે સવારે અમેરિકાના કુલ પાંચસો-છસો કુટુંબો એકસાથે ઇન્ટરનેટ ઝૂમ પર ગુજરાતી કાવ્યસંગીત સાંભળવા જોડાયા! ભારતમાંથી પણ ઘણા જોડાયા. અમર ભટ્ટે હંમેશની માફક સુંદર કાવ્યસંગીત પીરસ્યું તેનો આભાર!

જુઓ ને, જ્યારે નિશુદ્ધ ઇરાદાથી કોઈ પણ અનુષ્ઠાન થાય છે ત્યારે તેની પરાકાષ્ઠા કેવો અનન્ય આનંદ આપે છે!

અમારી આ અનુબંધની વણથંભી સફર નિયમિત રીતે ચાલે છે અને એકાંતરે સોમવારની સાંજની સૌ આતુરતાપૂર્વક રાહ જુએ ત્યારે રમેશ પારેખની પંક્તિ યાદ આવે કે 'પોતાની કડકડતી એકલતા લઈને સૌ બેઠા છે ટોળાને તાપણે!!' (ઇન્ટરનેટ ઝૂમને આંગણે) !

❑

## સાભાર સ્વીકાર

### નવલકથા

**બાલસાહિત્ય સમીપે,** નટવર હેડાઉ, ૨૦૧૮, પ્રણવ પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૦૪, રૂ. ૧૦૦ **કાવ્ય પ્રતિ,** અનિરૂદ્ધસિંહ ગોહિલ, ૨૦૧૯, ઉપનિષદ, પ્લૉટ નં. ૪૩/બી, ગૌરીશંકર સોસાયટી, ભાવનગર, પૃ. ૧૨૦, રૂ. ૧૨૦.

# સાહિત્યવૃત્ત | સંકલન : પરીક્ષિત જોશી

## એકાંકી નાટ્યલેખન સ્પર્ધા

સાહિત્ય ઉત્સવ ગ્રૂપ દ્વારા લોકડાઉનના સમયમાં મૌલિક એકાંકી નાટ્યલેખન સ્પર્ધાનું આયોજન થયું હતું જેના અન્વયે ૮૮ સ્પર્ધકોમાંથી નીચેની યાદી મુજબની કૃતિઓ અને કર્તા ક્રમાનુસાર વિજેતા જાહેર થયાં છે.

૧. ડૉ. મુકુલ વૈદ્ય - ‘મૃગજળ’ ૨. રવજીભાઈ કાચા - ‘મહાપ્રયાણ’ ૩. યામિની વ્યાસ - ‘હૅપી બર્થ ડે’. નાટ્યકાર કવિશ્રી શૈલેષ ટેવાણીએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

## કાવ્યમુદ્રા ઍવૉર્ડ

તા. ૮ જૂનના રોજ કાવ્યમુદ્રા અન્વયે ૨૦૧૯નો વિનોદ નેઓટીઆ ઍવૉર્ડ શ્રી યજ્ઞેશ દવેને મળે છે. અને કાવ્યમુદ્રા યુવા પ્રતિભા ઍવૉર્ડ ૨૦૨૦ માટે ગઝલકાર ભાવેશ ભટ્ટની પસંદગી થઈ છે. હવે પછી ઍવૉર્ડ એનાયત થશે.

## હાસ્યરચના સ્પર્ધા-૨૦૨૦

સાહિત્ય સંસદ (સાન્તાક્રુઝ), નૉર્થ અમેરિકા અને ગુજરાતી સાહિત્ય અકાદમી (યુકે)ના સંયુક્ત ઉપક્રમે શ્રી રાહુલ શુક્લના સૌજન્યથી સ્વ. હરનિશ જાની સ્મૃતિ ‘હાસ્યરચના સ્પર્ધા’ (૨૦૨૦) યોજાઈ હતી તેમાં ત્રણ પારિતોષિક અપાયા છે. પ્રથમ – મારું મકાનભિનિષ્ક્રમણ - નીતિનકુમાર ઢાઢોદરા; દ્વિતીય - હું ખાતી નથી અને ખાવા દેતી નથી - કામિની સંઘવી; તૃતીય - પિન્ટુ પાછો થયો - એકતા નીરવ દોશી. આ ઉપરાંત બીજી ૨૪ ધ્યાનાર્હ રચનાઓ હતી.

❑

## સાભાર સ્વીકાર

### નવલકથા

**વાણી તેવું વર્તન,** અંબાલાલ જોશી, ૨૦૧૯, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, પૃ. ૪૦, રૂ. ૬૦. **પૂત્રવત્સલ પિતા,** અંબાલાલ જોશી, ૨૦૧૯, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, પૃ. ૪૦, રૂ. ૬૦

# આવરણચિત્ર : સંદર્ભનોંધ

**સંકલન અને પ્રસ્તુતિ : પીયૂષ ઠક્કર**

ચિત્રકારઃ જયંત પરમાર(જ. ૧૧ ઑક્ટોબર ૧૯૫૪, અમદાવાદ)
ચિત્રનું શીર્ષક : અબ્જદ (Abjad)
માધ્યમઃ કૅન્વાસ પર એક્રેલિક
માપ :૪૧ × ૪૧સેમી ● વર્ષ : ૨૦૧૯

૧

**આ** અંકથી કેટલાક નોખા સર્જકોને મળીશું. જેમણે અભિવ્યક્તિની પોતાની આગવી રાહથી ફંટાઈને ક્યારેક અન્ય મુલકમાં વિચરણ કર્યું હોય. અને ત્યાં પણ નિજી જગા અંકે કરી હોય. એટલે કે જ્યાં લેખકોએ ચિત્રો કર્યાં હોય કે ચિત્રકારોએ કાવ્યો રચ્યાં હોય અથવા તો ફિલ્મકારોએ કાવ્યો રચ્યાં હોય કે ચિત્રકારોએ ફિલ્મો બનાવી હોય. આમ પોતાની આગવી સંવેદનાના અન્ય કળાપ્રકારને સંસ્પર્શ મળતાં કશીક વિશિષ્ટ તાસીર ઉપસાવી હોય. વિશેષે કેટલાક લેખકોનું સ્મરણ થાય છે : હિન્દીમાં કવિ – કળાવિવેચક પ્રયાગ શુક્લ, કવિ–વાર્તાકાર નરેન્દ્ર જૈન, કવિ–સંપાદક કુમાર અનુપમ, ગુજરાતીમાં કવિ–વાર્તાકાર પ્રબોધ પરીખ, કવિ–અનુવાદક પવનકુમાર જૈન, કવિ–કળામર્મી જયદેવ શુક્લ, વાર્તાકાર જનક ત્રિવેદી, કવિ–વાર્તાકાર હરિકૃષ્ણ પાઠક...

૨

જયંત પરમાર દલિત સંવેદનાને વ્યક્ત કરતા કવિ તરીકે જાણીતા છે. મુખ્યત્વે ઉર્દૂ ભાષામાં કાવ્યો રચે છે. દેશ-પરદેશમાં પુછાય છે. એમને અનેક સન્માનો મળ્યાં છે. એમના આઠ કાવ્યસંગ્રહો પ્રકાશિત થયા છે. ‘પેન્સિલ ઔર દૂસરી નઝમેં’ માટે ૨૦૦૮માં સાહિત્ય અકાદેમી દ્વારા પુરસ્કૃત પણ થયા છે. અંગ્રેજીમાં એમના કાવ્યોના અનુવાદોનાં પુસ્તકો પ્રકાશિત થયાં છે. તેમજ અન્ય ભાષાઓમાં પણ એમનાં કાવ્યો અનુવાદિત થયાં છે. તેઓ એક દૃષ્ટિસંપન્ન પ્રકાશક પણ છે. સુખનકદાના નામે પ્રકાશનો કરે છે. દરેક પ્રકાશનમાં એમની વિશિષ્ટ કળાસૂઝ જોઈ શકાય છે. કાવ્યસંગ્રહમાં વચ્ચે તેઓ ચિત્રો પણ મૂકતા હોય છે. ક્યારેક એ ચિત્રોનો સીધો સંબંધ કાવ્યો સાથે હોય છે તો ક્યારેક કવિના ભાવજગતનો એમાંથી અણસાર સાંપડે છે.બૅન્કમાં તેઓએ સેવાઓ આપી છે. ૨૦૧૪માં નિવૃત થયા. અમદાવાદમાં નિવાસ કરે છે.

૩

ચિત્રકાર તરીકે જયંત પરમારનાં ત્રણ પાસાંઓ છે. તેઓ ઉર્દૂની સુલેખન-કળાના કસબી, છેકછાકથી રચાતી કલ્પનાસૃષ્ટિના રેખાંકનકાર અને વિવિધ શૈલીનાં રંગપ્રચુર

ચિત્રોના ચિત્રકાર છે. તેમણે કેટલાક સર્જકો વિશે કાવ્યો તો રચ્યાં છે તો એમનાં રેખાચિત્રો પણ આલેખ્યાં છે. આપસૂઝથી એમણે જે તે શખ્સિયતની વિશેષતાને અંકે કરી છે. ચિત્રકાર વિન્સેન્ટ વાન ગોઘ વિશેની એમની કાવ્યશ્રેણી વ્યાપક પ્રશંસા પામી હતી.

આવરણચિત્રનું શીર્ષક છે અબ્જદ. અબ્જદ અરબી શબ્દ છે. તેનો અર્થ થાય બારાખડી. ચિત્રમાં વિભિન્ન ભાષાના અક્ષરો આલેખાયા છે. જેમાં અક્ષરનાં વિવિધ અંગોની લીલયા ગોઠવણી જોવા મળે છે. જાણે કૉલાજ બનાવ્યું ન હોય ! વિવિધ રંગોના સપાટ લેપનથી ચિત્રમાં દૂરતા અને નિકટતાનો આભાસ પણ રચાયો છે. ક્યાંક અક્ષર કે શબ્દ પૂરેપૂરો વાંચી પણ શકાય છે. એમાં क એટલે કે कविता એવી વાત પણ જાણે આ ચિત્રમાં ઘૂંટાય છે. રંગ અને આકારોમાં ચિત્રકારનો સ્વૈરવિહાર આસ્વાદી શકાય છે. આ ચિત્રમાં ચિત્રકારે જાણે રંગોની બારાખડી રચી આપી છે.

●

સરનામું : જયંત પરમાર, ૧૨ – શાંતિનિકેતન સોસાયટી, રાધાસ્વામી રોડ, અમદાવાદ ૩૮૨ ૪૮૦. ગુજરાત. મો. ૯૪૨૭૭૦૦૭૩૬

❑

## સાભાર સ્વીકાર

### નવલકથા

**નાની નાની વાતોનું Big Magic** અનુ. યુનુસ અલી. સૈયદ,૨૦૧૯, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ., મુંબઈ/અમદાવાદ, પૃ. ૧૬૮, રૂ. ૧૭૫ **Bright** કરિયરની ગોલ્ડન કી, ભાવાનુવાદ : ડૉ. આર. એસ. પટેલ, ૨૦૧૯, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ., મુંબઈ/અમદાવાદ, પૃ. ૧૦૪, રૂ. ૧૨૦ **મૌર્ય સમ્રાટ,** અનુ. રાજેન્દ્ર જોશી/વૈશાલી વકીલ, ૨૦૧૯, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ., મુંબઈ/અમદાવાદ, પૃ. ૩૭૫, રૂ. ૩૭૫ **સરદાર પટેલનું પુનરાગમન,** ગુણવંત શાહ, ૨૦૧૯, આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ., મુંબઈ/અમદાવાદ, પૃ. ૨૭૨, રૂ. ૨૭૫

## આ અંકના લેખકો

| | |
|---|---|
| ઈન્દુ જોશી | : 'વિશ્રામ', આત્મરાજ સોસાયટી, નિઝામપુરા, વડોદરા-૩૯૦૦૨૪ |
| ઉદયન ઠક્કર | : 'કવચ', ૧૩, રામેશ્વર સોસાયટી, મહાવીરનગર વિસ્તાર, હિમ્મતનગર-૩૮૩૦૦૧ |
| કલ્પેશ ચાવડા | : ગુજરાતી વિભાગ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર-૩૬૪૦૦૧ |
| જગદીપ ઉપાધ્યાય | : ૬૬, વૃંદાવન પાર્ક, વાંકાનેર-૩૬૩૬૨૧ |
| જગદીશચંદ્ર ત્રિવેદી | : 'રાધેક્રિષ્ણા', ૬, બોમ્બે હાઉસિંગ સોસાયટી, યુનિ. રોડ, રાજકોટ-૩૬૦૦૦૫ |
| જયંત મેઘાણી | : પ્રસાર, ૪૦૨, સત્વા. ગ્રીન પાર્ક પાસે, ભાવનગર-૩૬૪૦૦૨ |
| જિતેન્દ્ર મૅકવાન | : બી/૮૬, પદ્મશાલી સોસાયટી વિ-૨, વિરાટનગર, ઓઢવ, અમદાવાદ-૩૮૨૪૧૫ |
| પરીક્ષિત જોશી | : ૬, તપસ્વી જલારામ સોસાયટી, જ્ઞાનદા બસ સ્ટૅન્ડ પાસે, જીવરાજ પાર્ક, અમદાવાદ-૩૮૦૦૫૧ |
| પીયૂષ ઠક્કર | : ૧૦૩, યોગીસૃષ્ટિ એપાર્ટમેન્ટ, વહાણવટી માતા મંદિર પાસે, ઓધવપુરા રોડ, વડોદરા-૩૯૦૦૨૩ |
| પ્રફુલ્લ રાવલ | : ૩, રાજમહેલ ફ્લૅટ, આઈ.ઓ.સી. કૉલોની રોડ, વીરમગામ-૩૮૨૧૫૦ |
| બિપિન પટેલ | : ૧૮, આરોહિત વિલા, ૨૦૦ ફૂટ સરદાર પટેલ રિંગ રોડ, બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮ |
| ભરત દવે | : બી/૭૦૩, રૂદ્રપ્રયાગ ફ્લૅટ, હોટલ મેયોટ પાછળ, રામદેવનગર, સૅટેલાઇટ, અમદાવાદ |
| મહેન્દ્રસિંહ પરમાર | : ૨૦, ગૌરીશંકર સોસાયટી, જ્વેલ્સ સર્કલ પાસે, ભાવનગર-૩૬૪૦૦૩ |
| યજ્ઞેશ દવે | : ૯૪૧, નંદભૂમિ એપાર્ટમેન્ટ, ટી. એમ. રાવ કૉલેજ સામે, સૌરાષ્ટ્ર યુનિ. પાસે, રાજકોટ-૩૬૦૦૦૫ |
| રમણ સોની | : ૧૮, હેમદીપ સોસાયટી, દિવાળીપુરા, જૂના પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૦૭ |
| રાધેશ્યામ શર્મા | : ૨૫, ભુલાભાઈ પાર્ક, ગીતા મંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨ |
| લલિત ત્રિવેદી | : શિવકૃપા, ૧, વૈશાલીનગર, રૈયા રોડ, રાજકોટ-૩૬૦૦૦૭ |
| વિજય પંડ્યા | : ૧૧/એ, ન્યૂ રંગસાગર સોસાયટી, સરકારી ટ્યૂબવેલનો ખાંચો, બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮ |
| વીરુ પુરોહિત | : ૨૩/એ, રાધેકૃષ્ણનગર, મોતીબાગ માર્ગ, જૂનાગઢ-૩૬૨૦૦૧ |
| સિતાંશુ યશશ્ચન્દ્ર | : ૩૦૨, ટાવર બી, શ્રવણ રેસિડેન્સી, કૉસ્મિક ઍન્કલેવ, સમા રોડ, વડોદરા–૩૯૦૦૨૪ |
| હર્ષદ ચંદારાણા | : C/o. આશા ટ્રેડિંગ એજન્સી, મહાત્મા ગાંધી રોડ, અમરેલી-૩૬૫૦૦૧ |

**રન્નાદે પ્રકાશન**
૫૮/૨, બીજે માળે, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૨૨૧૧૦૦૮૧-૨૨૧૧૦૦૬૪

**ગઝલસંગ્રહો-ગીતસંગ્રહો**

| પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત રૂ. |
|---|---|---|
| **મનસાગરનાં મોતી** (ગીતસંગ્રહ) | જગદીશ ધનેશ્વર ભટ્ટ | ૯૦.૦૦ |
| **સમી સાંજની પાળે** (ગીતસંગ્રહ) | જગદીશ ધનેશ્વર ભટ્ટ | ૬૫.૦૦ |
| **રણમાં તરાપો** (ગીતસંગ્રહ) | જગદીશ ધનેશ્વર ભટ્ટ | ૮૦.૦૦ |
| **આ નાવ અમે હંકારી** (ગીત-કાવ્યસંગ્રહ) | જગદીશ ધનેશ્વર ભટ્ટ | ૯૫.૦૦ |
| **સોડી ઝમકુડી** (આદિવાસી ગીત સંગ્રહ) (એજન્સી) | દુર્ગેશ ઉપાધ્યાય | ૧૨૫.૦૦ |
| **ગુનો કબૂલ છે** (ગઝલસંગ્રહ) | સુરેશ પરમાર 'સૂર' | ૧૨૦.૦૦ |
| **સ્વ-છંદી ગઝલ છું !** (ગઝલસંગ્રહ) | દયારામ મહેતા | ૧૪૦.૦૦ |
| **એ માણસને શોધી કાઢો** (ગઝલસંગ્રહ) | પ્રતાપસિંહ ડાભી | ૧૨૫.૦૦ |
| **જય જવાન, જય કિસાન** (દેશભક્તિના ગીતો) | પુરૂષોત્તમ સોલંકી | ૯૫.૦૦ |
| **ગરાસ** | ડૉ. નીરજ મહેતા | ૧૦૦.૦૦ |
| **ઘૂટ્યો કસુંબ ઘેરો** (ગઝલઅને ગીતસંગ્રહ) | દયારામ મહેતા | ૧૦૦.૦૦ |
| **પર્ણોમાં સરોવર** (ગીતસંગ્રહ) | નવનીત ઉપાધ્યાય | ૧૪૫.૦૦ |
| **હે ગઝલ! આવ, પ્રગટ થા!** | દક્ષા સંઘવી | ૧૦૫.૦૦ |
| **હવાના હોઠ પર** | ફિલિપ ક્લાર્ક | ૧૯૫.૦૦ |
| **સૂરાલય** (શે'રો શાયરી સંગ્રહ) | લલિત રાણા | ૯૫.૦૦ |
| **પુષ્પોના ડંખ** | 'કામિલ' બુખારી | ૨૦૫.૦૦ |
| **ભીતરનો શંખનાદ** | ભાવેશ ભટ્ટ | ૧૨૫.૦૦ |
| **સંવેદનાની મહેંક** (એજન્સી) | દીપક નાયકવાડે 'દીયા' | ૧૫૦.૦૦ |
| **દ્વિધા** | ડૉ. જિતેન્દ્ર જોશી | ૧૫૫.૦૦ |
| **સાવ સૂની પળ** | કિરીટ ગોસ્વામી | ૭૫.૦૦ |
| **પ્રસ્તુત** | પુષ્પકાન્ત ગાંધી | ૧૦૦.૦૦ |
| **આંસુનો તરજુમો** | વિરંચિ ત્રિવેદી | ૧૨૫.૦૦ |
| **શબ્દનાદ** (અછાંદસ રચનાઓ) | વિજય જોષી | ૪૦૦.૦૦ |
| **અલખના અસવાર** (સંવર્ધિત ગઝલસંગ્રહ) | યોસેફ મેકવાન | ૧૩૫.૦૦ |
| **ભીતરના અવાજો** | ડૉ. મનોજ જોશી | ૧૨૦.૦૦ |

| પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત રૂ. |
|---|---|---|
| **ભીના પડઘા** | તથાગત પટેલ | ૭૫.૦૦ |
| **અડસઠ તીરથ** (સંપાદન) | સંકલન : હંમેશ મોદી | ૮૦.૦૦ |
| **મધુકાન્ત કલ્પિત એક અફવા છે** (ગીતસંગ્રહ) | મધુકાન્ત કલ્પિત | ૬૫.૦૦ |
| **તરકીબ** (ગુજરાતી રદીફોવાળી ઉર્દૂ ગઝલો) | આદિલ મન્સૂરી | ૯૦.૦૦ |
| **આયના ટોળે વળ્યા** | ડૉ. દીના શાહ | ૮૦.૦૦ |
| **પ્રેમ ઝરૂખો** | દિનેશ દેસાઈ | ૭૦.૦૦ |
| **પુષ્પનાં પગરણ** | પુષ્પકાંત ગાંધી | ૫૦.૦૦ |
| **ગુલછડી** (ભાગ : ૧) (ગઝલોના આસ્વાદ) | ડૉ. રશીદ મીર | ૧૮૦.૦૦ |
| **અહમ્ ઓગાળવા આવ્યા** | શોભિત દેસાઈ | ૧૫૦.૦૦ |
| **ગઝલને વળાંકે** | ઉશનસ્ | ૬૫.૦૦ |
| **વૈશાખી શ્રાવણ** | રશ્મિ શાહ | ૬૫.૦૦ |
| **હાથની હોડી** | હર્ષદ ચંદારાણા | ૭૦.૦૦ |
| **તરબતર** | રમેશ શાહ | ૫૫.૦૦ |
| **મહેંદીછાયું આકાશ** | અશોક બારોટ 'આકાશ' | ૬૦.૦૦ |
| **ક્ષણોની સફર** (ગીત-ગઝલ) | નંદિતા ઠાકોર | ૭૦.૦૦ |
| **ચશ્માંનાં કાચ પર** | રમેશ પારેખ | ૬૫.૦૦ |
| **ઈથાકા અને જેરુસલેમ** (કાવ્યનો અનુવાદ સંચય) | અનુ. ચન્દ્રકાન્ત ટોપીવાળા | ૭૦.૦૦ |
| **મનહરનો મ** (મનહર મોદીના શેરોના આસ્વાદ) | રતિલાલ અનિલ | ૫૫.૦૦ |
| **સંગતિ** (ગઝલ સંપાદન) (એજન્સી) | સંપા. મુસાફિર પાલનપુરી | ૧૭૦.૦૦ |
| **પગલાં તળાવમાં** (એજન્સી) | અશોક ચાવડા | ૫૦.૦૦ |
| **કોહેનૂર** (ચૂંટેલા ૧૦૦૦૦ શેઅરો-શાયરી) (અનુવાદ સાથે) | ચિનુભાઈ ગી. શાહ | ૬૦૦.૦૦ |
| **જૌહર હૂં જૌહરી ચાહતા હૂં** (એજન્સી)(ચૂંટેલા ૧૦૦૮ ઉર્દૂ શેઅર) | ચિનુભાઈ ગી. શાહ | ૧૦૦.૦૦ |
| **ઝમરખ દીવડો** (ઉત્તર ગુજરાતના લોકગીતોનો સંગ્રહ) (એજન્સી) | અમૃત પટેલ | ૬૦.૦૦ |
| **ચંપાની કળીઓમાં કસ્તુરી** (એજન્સી)(લોકગીત સ્વરૂપ અને પ્રકાર) | અમૃત પટેલ | ૩૮.૦૦ |

# રંગદ્વાર પ્રકાશન

G-15, યુનિવર્સિટી પ્લાઝા, દાદાસાહેબનાં પગલાં, નવરંગપુરા,અમદાવાદ-380009

ફોન નંબર : 079-27913344, વેબ સાઇટ : http://www.rangdwar.com

**સંસ્મરણો – પ્રેરક કથાઓ**

| | | |
|---|---|---|
| તણખા વિનાનું તાપણું | અનુપમ બુચ | 220 |
| આલોક | કેશુભાઈ પટેલ | 120 |
| ટાઈમ કેપ્સૂલ | મોહનભાઈ પટેલ | 400 |
| વહીવટની વાતો | કુલીનચંદ્ર યાજ્ઞિક | 400 |
| યાદોના વૃંદાવનમાં | ગીતા ગીડા | 100 |
| સ્મરણવાટિકા | ગીતા ગીડા | 140 |
| મનેખ નાનું મન મોટું | પ્રફુલ્લ શાહ | 130 |
| પત્રકાર બળવંતરાય શાહ | સં. પુનિતા હર્ણે | 100 |
| માતૃતીર્થ | સં. નંદિની ત્રિવેદી | 140 |
| અનુભવની એરણ પર | મનસુખ સલ્લા | 150 |
| શબરીનાં બોર | ડૉ. પ્રફુલ્લ શાહ | 100 |
| યાદગાર અનુભવો | ફાધર વર્ગીસ પૉલ | 180 |

**નિબંધ**

| | | |
|---|---|---|
| શ્રાવણનો પાઠ | હિતેશ પંડ્યા | 80 |
| છબિ ભીતરની | અશ્વિન મહેતા | 150 |
| મેનેજમેન્ટ, મનુષ્યત્વ અને સર્જકતા | પ્રદીપ ખાંડવાલા | 90 |
| પુનર્વિચાર | રઘુવીર ચૌધરી | 100 |
| સ્મૃતિ અંજલિ | નગીન ગાંધી | 70 |
| વાડમાં વસંત | રઘુવીર ચૌધરી | 100 |
| મુદ્દાની વાત | રઘુવીર ચૌધરી | 112 |
| ભૃગુલાંછન | રઘુવીર ચૌધરી | 120 |

ભેજાગૅપ કે ચક્રમ કે ન્યૂરૉટિક લાગતા માણસો જ જીવનના દરેક ક્ષેત્રમાં કશુંક સિદ્ધ કરી શકે છે. પાગલપણાને અને મેન્ટલ ડિસઑર્ડરને સર્જનાત્મકતા સાથે સંબંધ છે. ખાસ કરીને લેખકો, કવિઓ અને સાહિત્યકારોને આ વાત લાગુ પડે છે. કવિ નર્મદ 'જોસ્સા'ની થિયરીમાં માનતો હતો. તે જોસ્સો ચઢાવવા માટે કેફી દ્રવ્યોનું સેવન પણ કરતો હતો. સાઈકિયાટ્રિસ્ટ ડૉ. ફેલિક પોસ્ટે વ્યાપક પ્રમાણમાં સંશોધન કર્યું છે અને તારતમ્ય કાઢ્યું છે કે : અસાધારણ ક્રિયેટિવિટી અને માનસિક ડિસૉર્ડર એ બે પરસ્પર સાથે વણાઈ ગયેલી ચીજો છે.

**– હસમુખ ગાંધી**

સાહિત્ય તો બહુ મોટી અને દુર્લભ જણસ છે. એ સહજ સાધ્ય નથી. મારી પાસે મૂડી માત્ર સંવેદનાની છે. મારી ઈચ્છા હોય કે ન હોય, હું પારકી પીડાઓને પોતીકી ગણીને દુઃખી થતો રહું છું. હું જાણું છું કે આ એક બીમારી છે, મનોરોગ છે. ક્યારેક અકથ્ય હતાશામાં કે ડિપ્રેશનમાં સરી પડું છું. સાહિત્યનો પદારથ પામવો દુષ્કર છે તેથી હું આજીવન શબ્દનો સાધક રહ્યો છું. ભલે, અનાયાસ ક્ષેત્રમં આવી ચડ્યો પણ શબદનો સથવારો પળ બે પળ ચિંતન ભણી ક્યારેક લઈ જાય છે.

**– ઈન્દુકુમાર જાની**

જ્યારે પણ એક કવિ, એક નવલકથાકાર કે વિજ્ઞાનીને નોબલ પારિતોષિક મળે છે, કે તરત તેની સર્જનશીલતામાં ઓટ આવે છે. કોઈ પણ નોબલ પારિતોષિક-વિજેતાએ તેને પારિતોષિક મળ્યા પહેલાં જે સર્જન કર્યું હોય તેના કરતા મૂલ્યવાન કોઈ ચીજ તે ક્યારેય સર્જી શકતો નથી. શું બને છે ? હવે તમે અહમ્‌નું લક્ષ્ય સિદ્ધ કરી લીધું છે, હવે આગળ જવાનું નથી, એક વાર પુસ્તક પ્રખ્યાત થાય છે એટલે લેખક મૃત્યુ પામે છે.

**– આચર્ય રજનીશ**

હું તો મારે માટે લખું છું. કોઈને માટે લખતો જ નથી. લખવાનો મને આનંદ થાય છે. અને હું લખ્યા વિના રહી શકતો નથી. માટે લખું છું. ચંદ્રકો કે પારિતોષિકોની મને કોઈ પડી જ નથી અને જરૂર પણ નથી. પૈસાની દૃષ્ટિએ તો બિલકુલ જરૂર નથી.

**– ચિનુ મોદી**

---

: સ્થાનસમર્પિત :

## ડૉ. અરુણ જે. કક્કડ

એસોસિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ, દેવમણી કૉલેજ, વિસાવદર

## વચનપાલન અને શીલપાલન :
## આ બન્નેમાં દૃઢતા લાવો

વચનપાલન અને શીલપાલન : આ બન્ને તત્ત્વોમાં આજે ચોતરફ નિર્બળતાનાં દર્શન થઈ રહ્યાં છે ! આવું અચાનક તો ન બને; તો વિવેકનો આવો અભાવ કેમ ? આનો જવાબ છે :

નિત્ય પ્રભાતે ઊઠીને માતાને પ્રણામ કરવાથી શીલપાલનનું બળ મળે છે અને પિતાને પ્રણામ કરવાથી શક્તિ પ્રગટે છે.

પ્રણામ કરવાથી તેઓના ઉપકારના સ્વીકાર સાથે 'કૃતજ્ઞતા' નામનો ઉત્તમ ગુણ પ્રગટે છે – પોષાય છે. નમ્રતા, નિરભિમાનતા વગેરે ગુણો પણ એ રીતે ક્રમશઃ પ્રાપ્ત થાય છે. ચક્રવર્તી ભરત રાજા જેવા માનવમાં દેવ સમા ગણાય; તેવા મહારાજા પણ મરુદેવા માતાને નિત્ય પ્રણામ કરતા હતા.

આપણે પણ આપણા જીવનમાં ભક્તિ અને શુદ્ધિ ખીલવવા માટે આ કર્તવ્ય રોજ કરવું જ જોઈએ. (અંક : ૭૯)

### સેવો ઉત્તમને સદા યદિ ચાહો ઉત્કર્ષ પોતા તણો

આગ્રહશક્તિ એ જીવનને દિશા દેનારી શક્તિ છે.
તમે આ વાત તો સાંભળી જ હશે કે વનના રાજા સિંહ માટે કહેવાય છે :
'મરે ભૂખે ભાવે મૃગપતિ કદા તૃણ ન ચરે.'
સિંહ ગમે તેવો ભૂખ્યો હોય તોય ઘાસમાં મોં ન ધરે. આ એની કુલવટ છે. વિશ્વ ઉત્તમ તત્ત્વોથી વાંઝિયું નથી હોતું. હા, તેની સંખ્યામાં વધ-ઘટ થતી રહે છે. નહીંતર ઉત્તમની સાથે જ જન્મારો જાય છતાં તેને ઓળખી ન શકે. બહુલતા એ લોકોનેય પરપ્રત્યયનેયબુદ્ધિ હોય છે. બીજાના અભિપ્રાય ઉપર વજન દેનારા હોય છે. આપણે એવી ટેવ પાડી દઈએ કે ઉત્તમ સિવાયનું કશું ન ભાવે. જે શ્રેષ્ઠ હોય, ગુણવત્તામાં આગળ હોય તેના ઉપર જ પસંદગી ઊતરે. અવેજી ન ચાલે; વિકલ્પ ન ચાલે. જો ઉત્તમની જ શોધ હોય તો વહેલું-મોડું તે મળે જ મળે. (અંક : ૬૯)

(પાઠશાળા) **- પ્રદ્યુમ્નસૂરિ**


સ્થાનસમર્પિત

**વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ**

**ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યુટર • અમદાવાદ**

## સ્પૃહા ભાર છે, તે ઉતારો હળવાશ છે

મનને કોઈ પણ, ચાહે લોખંડના, ચાંદીના કે સોનાના પિંજરે પૂરનાર સ્પૃહા છે. પછી તે સત્ વિષયક હોય કે અસત્ વિષયક.

સ્પૃહા કરી કે પુણ્ય ઓછું પડ્યું. તે મેળવવા, આંબવા પનો ટૂંકો પડ્યો.

મનની વિચિત્ર ખાસિયત છે : જે ન મળે તેને જ મેળવવા મથ્યું રહે. તે નિષ્ફળતાના કારણરૂપ પુણ્યની ખામી જુએ તો જ પુણ્ય-સંપત્તિ વધારવા તરફ તે વિચારે. પણ… वो दिन कब ? તે તો તેને હાંસલ કરવા જ લાગ્યો રહે.

તો, એવી સ્પૃહાનો ભાર લઈને જીવવાને બદલે હળવું જીવન જીવવા માટે કવિ ઉમાશંકરનું એક સૂત્ર ગાંઠે બાંધવા જેવું છે :

> ‘જે જે થતો પ્રાપ્ત ઉપાધિ યોગ,
> બની રહો તે જ સમાધિ યોગ.’

સહજતાથી જીવવું – સારા સંકેતો મળે તો તે તરફ જીવન વાળવું. પ્રત્યેક સંકેતમાં ઈશ્વરની લિપિ જોવી. તેને ઉકેલવાની કોશિશ કરવી. આપણું જીવનકાર્ય શું હોય તેની આપણને ખબર ન હોય તેમ બને, પરંતુ ‘એને’ ખબર છે. તે જે રીતે જીવન દોરે તેની વચ્ચે દખલગીરી ન કરીએ અને ‘તેના’ દોરવાયા દોરવાઈએ. તેના ઈશારાને સમજવા ભરપૂર મહેનત કરીએ. એ સમજાય તો તે તરફ વળીએ. કાંઈક નક્કર મેળવ્યાના અહેસાસ સાથે જિંદગીની ચોપડીના બીજા પૂંઠાને પણ બંધ કરીએ. કો’ક તેને માથે મૂકશે એ શ્રદ્ધા રાખવી ગમે છે એ માટે.

મનને સમજાવવું પડે છે કે સ્પૃહા ન રાખો. પુણ્ય પ્રમાણે સામેથી જ આવશે. જાણો છો ? એના ઉપર આપણું નામ કોતરાયું છે ! બીજું કોઈ એની માલિકી નહીં કરે. મળશે, આપણને જ મળશે. – પણ તેના સમયે અને આપણા કિસ્મત પ્રમાણે.

ભરોસો રાખજો અને તૈયાર રહેજો.

(પાઠશાળા) **– પ્રદ્યુમ્નસૂરિ**

❊


સ્થાનસમર્પિત

# નિમેષભાઈ ડગલી

**એમ. બી. ટ્રેડિશનલ પ્રિન્ટ્સ પ્રા. લિમિટેડ**

૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,

આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧૩. ફોન : ૩૨૯૦૬૬૫૫

## કવિ શ્રી સુન્દરમ્‌ના નવા કાવ્યસંગ્રહો

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | પલ્લવિતા | ૧૯૯૫ | ૮+૩૫૬ | રૂ. ૧૬૦ |
| ૨. | મહાનદ | ૧૯૯૫ | ૭+૧૯૩ | રૂ. ૮૦ |
| ૩. | પ્રભુ-પદ | ૧૯૯૭ | ૧૩+૪૪૧ | રૂ. ૨૨૫ |
| ૪. | અગમ નિગમા | ૧૯૯૭ | ૧૧+૨૯૨ | રૂ. ૧૫૦ |
| ૫. | પ્રિયાંકા | ૧૯૯૭ | ૧૧+૩૬૭ | રૂ. ૧૫૦ |
| ૬. | નિત્યશ્લોક | ૧૯૯૭ | ૧૨+૧૮૮ | રૂ. ૧૦૦ |
| ૭. | નયા પૈસા | ૧૯૯૮ | ૧૩+૩૩૩ | રૂ. ૧૭૫ |
| ૮. | વરદા | ૧૯૯૮ | ૧૯+૫૨૯ | રૂ. ૨૫૦ |
| ૯. | ચક્રદૂત | ૧૯૯૯ | ૯+૨૫૯ | રૂ. ૧૨૫ |
| ૧૦. | લોકલીલા | ૨૦૦૦ | ૧૩+૨૫૨ | રૂ. ૧૦૦ |
| ૧૧. | દક્ષિણા-૧ | ૨૦૦૨ | ૧૭+૩૨૩ | રૂ. ૫૦ |
| ૧૨. | મનની મર્મર | ૨૦૦૩ | ૧૦+૩૮૭ | રૂ. ૫૦ |
| ૧૩. | ધ્રુવયાત્રા | ૨૦૦૩ | ૧૨+૩૪૫ | રૂ. ૫૦ |
| ૧૪. | ધ્રુવચિત્ત | ૨૦૦૪ | ૧૭+૨૭૪ | રૂ. ૫૦ |
| ૧૫. | ધ્રુવપદે | ૨૦૦૪ | ૧૧+૨૫૩ | રૂ. ૫૦ |
| ૧૬. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૧ | ૨૦૦૫ | ૧૬+૩૨૦ | રૂ. ૨૦૦ |
| ૧૭. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૨ | ૨૦૦૫ | ૧૬+૩૭૦ | રૂ. ૨૦૦ |
| ૧૮. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૩ | ૨૦૦૬ | ૩૨+૩૧૭ | રૂ. ૨૫૦ |
| ૧૯. | મંગળા-માંગલિકા | ૨૦૦૭ | ૨૮+૨૩૮ | રૂ. ૧૫૦ |
| ૨૦. | તું ક્યાં... હું ક્યાં !? | ૨૦૦૮ | ૨૮+૩૦૫ | રૂ. ૨૫૦ |
| ૨૧. | સ્વાગતમ્‌ ગીતવાહીને | ૨૦૦૯ | ૧૬+૨૦૭ | રૂ. ૧૫૦ |
| ૨૨. | ‘સાવિત્રી’ના કાવ્યખંડો (અનુવાદ : શ્રી અરવિન્દના મહાકાવ્ય Savitriમાંથી. મૂળ અંગ્રેજી સાથે) | ૧૯૯૫ | ૨૪+૪૭૩ | રૂ. ૩૦૦ |
| ૨૩. | દક્ષિણા-૨ (અનુવાદ : શ્રી અરવિન્દના Last Poems, More Poems, Collected Poemsમાંથી. મૂળ અંગ્રેજી સાથે) | ૨૦૦૨ | ૧૮+૬૭૬ | રૂ. ૫૦ |

**આ તમામ સંગ્રહોનાં પ્રાપ્તિસ્થાન :**

૧. ગ્રંથવિહાર, ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઈમ્સ ઑફ ઇન્ડિયા પાછળ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯

૨. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

# ગુજરાતી સાહિત્ય પરિષદનાં મહત્ત્વનાં પ્રકાશનો




**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૫**
**(૧૮૯૫-૧૯૩૫) ગાંધીયુગીન-અનુગાંધીયુગીન કવિઓ**
સંપાદક : રમેશ ર. દવે
સંપાદન સહાય : પારુલ દેસાઈ
પાકું પૂઠું, પૃ. ૧૪+૪૯૪, કિંમત રૂ. ૪૨૫/-

---

**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૬**
**(ઈ. ૧૮૯૫-૧૯૩૫)**
**ગાંધીયુગીન-અનુગાંધીયુગીન ગદ્યસર્જકો**
સંપાદક : રમેશ ર. દવે
પાકું પૂઠું, પૃ. ૧૮+૭૩૪, કિંમત ૪૨૫/-




---




**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૭**
**(ઈ. ૧૯૧૦-૧૯૩૫) સ્વાતંત્ર્યોત્તર યુગ-૧**
સંપાદક : રમેશ ર. દવે, પારુલ કંદર્પ દેસાઈ
પાકું પૂઠું, પૃ. ૬૩૨, કિંમત રૂ. ૪૧૫/-

---

**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૮ / ખંડ-૧**
**(ઈ. ૧૯૩૬થી ૧૯૫૦) સ્વાતંત્ર્યોત્તર યુગ-૨**
સં. પારુલ કંદર્પ દેસાઈ પાકું પૂઠું, પૃ. ૪૫૬, કિં. રૂ. ૫૬૦/-
'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' ગ્રંથશ્રેણીના આ આઠમા ભાગમાં ૧૯૩૬થી ૧૯૫૦ સુધીના સમયગાળાનાં કવિઓ, નાટ્યકારો, નિબંધકારો અને બાળસાહિત્યકારોનો સમાવેશ થયો છે. અનેક વિદ્વાનોના સહયોગથી તૈયાર થયેલો આ માતબર ઇતિહાસગ્રંથ વિદ્યાર્થીઓ તથા અભ્યાસીઓને ઉપયોગી નીવડશે.




---




**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ-૮ / ખંડ-૨**
**(ઈ. ૧૯૩૬થી ૧૯૫૦) સ્વાતંત્ર્યોત્તર યુગ-૨**
સં. પારુલ કંદર્પ દેસાઈ પાકું પૂઠું, ૪૮૬, કિં. રૂ. ૬૨૦/-
'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' ગ્રંથશ્રેણીના આ આઠમા ભાગમાં ૧૯૩૬થી ૧૯૫૦ સુધીના સમયગાળાનાં નવલકથાકારો, વાર્તાકારો, ચરિત્રકારો, અનુવાદકો, વિવેચકો, સંશોધકો અને સંપાદકોનો સમાવેશ થયો છે. અનેક વિદ્વાનોના સહયોગથી તૈયાર થયેલો આ માતબર ઇતિહાસગ્રંથ વિદ્યાર્થીઓ તથા અભ્યાસીઓને ઉપયોગી નીવડશે.

**PARAB 2020** July
RNI No. GUJGUJ/2006/17273
Regd. under Postal Registration No.
GAMC-306/2018-2020 valid upto 31-12-2020
Posted at Ahd. PSO on 10th of every month SSP Ah'd
ISSN : 0250-9747

